અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ નવેમ્બર ૨૦૨૪, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક સુદ ૭ | અંક : ૧૨૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# મનસ્વી રીતે સરકારી નોકરીના નિયમો બદલી શકાય નહીં : સુપ્રીમ કોર્ટ

## નિયમોમાં ફેરફાર ત્યારે જ માન્ય ગણાશે જો ભરતી પ્રક્રિયા શરૂ થાય તે પહેલા જ નિયમોમાં જોગવાઈ કરવામાં આવી હશે : સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

સુપ્રીમ કોર્ટે ગુરુવારે મહત્વનો નિર્ણય આપ્યો છે. કોર્ટે કહ્યું કે પસંદગી પ્રક્રિયા શરૂ થયા બાદ સરકારી નોકરીઓમાં ભરતી સંબંધિત નિયમોમાં ફેરફાર કરી શકાશે નહીં. સર્વોચ્ચ અદાલતની બંધારણીય બેન્ચે ચુકાદો આપ્યો હતો કે 'ભરતીના નિયમો' પસંદગી પ્રક્રિયા શરૂ થયા પછી અધવચ્ચે બદલી શકાશે નહીં, સિવાય કે સંબંધિત નિયમો સ્પષ્ટપણે આમ કરવાની પરવાનગી આપે. આ મામલો રાજસ્થાન હાઈકોર્ટમાં અનુવાદકની જગ્યાઓ પર ભરતી સાથે સંબંધિત હતો.

મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું, 'ભરતી પ્રક્રિયા અરજીઓ આમંત્રિત કરતી અને ખાલી જગ્યાઓ ભરવાની જાહેરાતના મુદ્દા સાથે શરૂ થાય છે. ભરતી પ્રક્રિયાની શરૂઆતમાં સૂચિત કરાયેલ પસંદગી યાદીમાં સમાવેશ કરવા માટેની લાયકાતના માપદંડને ત્યાં સુધી બદલી શકાશે નહીં જ્યાં સુધી વર્તમાન નિયમો તેને પરવાનગી ન આપે અથવા જાહેરાત, જે હાલના નિયમોની વિરુદ્ધ નથી. જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી પાંચ જજોની બંધારણીય બેન્ચે આ નિર્ણય આપ્યો હતો. બેન્ચમાં જસ્ટિસ હૃષિકેશ રોય, જસ્ટિસ પીએસ નરસિમ્હા, પંકજ મિત્તલ અને મનોજ મિશ્રા પણ સામેલ હતા. આ કેસની સુનાવણી જુલાઈ ૨૦૨૩માં પૂર્ણ થઈ હતી. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું



કે, ભરતી પ્રક્રિયા શરૂ થયા બાદ સરકારી નોકરીઓ માટેના નિયમોમાં ફેરફાર કરી શકાય નહીં. કોર્ટે પોતાના જૂના ચૂકાદા 'કે. મંજુશ્રી વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય' (૨૦૦૮)ને સાચો ઠેરવ્યો હતો. આ નિર્ણયમાં કહેવામાં આવ્યું હતું કે ભરતી પ્રક્રિયાના નિયમો અધવચ્ચે બદલી શકાય નહીં. કોર્ટે પોતાના નિર્ણયમાં એમ પણ કહ્યું કે પસંદગી યાદીમાં સ્થાન મળવાથી ઉમેદવારને રોજગારનો સંપૂર્ણ અધિકાર મળતો નથી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે 'કે મંજુશ્રી'નો નિર્ણય સાચો છે. આ નિર્ણયને ખોટો ગણી શકાય નહીં કારણ કે તેમાં સુપ્રીમ કોર્ટના ૧૯૭૩ના નિર્ણય 'હરિયાણા રાજ્ય વિરુદ્ધ સુભાષ ચંદર મારવાહ'ને ધ્યાનમાં લેવામાં આવ્યો ન હતો. 'મારવાહ' કેસમાં કોર્ટે કહ્યું હતું કે લઘુત્તમ માર્ક્સ મેળવનારા ઉમેદવારોને નોકરીનો અધિકાર નથી. સરકાર ઉચ્ચ પદો માટે ઉચ્ચ ધોરણો નક્કી કરી શકે છે. આ બાબત રાજસ્થાન હાઈકોર્ટના સ્ટાફમાં ૧૩ અનુવાદકની જગ્યાઓ ભરવા માટેની ભરતી પ્રક્રિયા સાથે સંબંધિત છે. ઉમેદવારોએ ઈન્ટરવ્યુ પછી લેખિત પરીક્ષામાં બેસવાનું હતું. એકવીસ ઉમેદવારો હાજર થયા. તેમાંથી માત્ર ત્રણને હાઈકોર્ટે પાસ કર્યા હતા.

બાદમાં જાણવા મળ્યું કે હાઈકોર્ટના ચીફ જસ્ટિસે આદેશ આપ્યો હતો કે ઓછામાં ઓછા ૭૫ ટકા માર્ક્સ મેળવનારા ઉમેદવારોને જ પસંદ કરવામાં આવે. ખાસ વાત એ છે કે જ્યારે હાઈકોર્ટે પહેલીવાર ભરતી પ્રક્રિયાનું જાહેરનામું બહાર પાડ્યું ત્યારે આ ૭૫ ટકા માપદંડનો ઉલ્લેખ નહોતો. તદુપરાંત, ફક્ત આ સુધારેલા માપદંડને લાગુ કરીને, ત્રણ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી અને બાકીના ઉમેદવારોને રદ કરવામાં આવ્યા હતા. ત્રણ અસફળ ઉમેદવારોએ હાઈકોર્ટ સમક્ષ રિટ પિટિશન દાખલ કરીને આ પરિણામને પડકાર્યું હતું, જેને માર્ચ ૨૦૧૦માં ફગાવી દેવામાં આવી હતી, જેના પગલે તેઓએ (અપીલકર્તાઓએ) રાહત માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો હતો. અપીલકર્તાઓએ દલીલ કરી હતી કે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ દ્વારા ન્યૂનતમ ૭૫ ટકા માર્ક્સનો માપદંડ લાદવાનો નિર્ણય 'રમત રમ્યા પછી રમતના નિયમો બદલવા' સમાન છે, જે યોગ્ય નથી. આના સમર્થનમાં તેમણે મંજુશ્રી વગેરે વિરૂદ્ધ આંધ્રપ્રદેશ રાજ્યમાં ૨૦૦૮ના સુપ્રીમ કોર્ટના નિર્ણયને ટાંક્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટી૨૦ સિરીઝની પહેલી મેચ ડરબનમાં રમાશે

। (એજન્સી) ડરબન, તા.૭ ।

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટી૨૦ સિરીઝની પહેલી મેચ શુક્રવારે ડરબનમાં રમાનાર છે. જેમાં સૂર્યકુમાર યાદવને ટીમ ઈન્ડિયાની કમાન સોંપવામાં આવી છે. ભારતીય ટીમમાં અભિષેક શર્મા અને તિલક વર્મા સાથે રિંકુ સિંહને પણ પ્લેઈંગ ઈલેવનમાં જગ્યા મળી શકે છે. રસપ્રદ વાત એ છે કે, આ મેચ ફેન્સ ફ્રીમાં લાઈવ જોઈ શકશે. ભારત અને દક્ષિણ આફ્રિકાની મેચ ટીવીની સાથે સાથે મોબાઈલ એપ પર પણ જોઈ શકાશે. ભારત-દક્ષિણ આફ્રિકા વચ્ચેની મેચ ભારતીય સમયાનુસાર રાતે ૮.૩૦ વાગ્યે રમાશે. જ્યારે લોકલ ટાઈમ ઝોનની વાત કરીએ તો સાંજે ૫ વાગ્યે શરૂ થશે.

### આગામી દિવસોમાં સોનાના ભાવમાં ઘટાડો થવાની વકી

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વાર અમેરિકાના પ્રમુખ બન્યા બાદ ડોલર ઈન્ડેક્સમાં તેજી જોવા મળી છે. તેની અસર વિશ્વના દરેક શહેર અને દેશ પર જોવા મળશે. આ કારણસર આગામી બે મહિનાની અંદર સોનાના ભાવ ખૂબ જ ઘટશે એવું અનુમાન લગાવાઈ રહ્યું છે. નિષ્ણાતોનું માનવું છે કે સોનાના ભાવમાં ૩થી ૫ ટકા સુધી ઘટાડો થઈ શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પની જીતથી શેર માર્કેટમાં તેજી જોવા મળી છે, પરંતુ સોનાના માર્કેટમાં એટલી જ મંદી જોવા મળી શકે છે.

### મને એ નહોતી ખબર કે, મને રિટેન કરવામાં આવશે કે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ (RCB)એ IPL 2025 માટે પોતાના માત્ર ત્રણ જ ખેલાડીઓને રિટેન કર્યા છે. ટીમે ચોંકાવનારો નિર્ણય લેતા ટીમના સૌથી વિસ્ફોટક બેટ્સમેન ગ્લેન મેક્સવેલને રિલીઝ કરી દીધો છે. ત્યારબાદથી આ નિર્ણય પર ખૂબ ચર્ચા થઈ રહી હતી. હકીકતમાં આરસીબીએ વિરાટ કોહલી સિવાય રજત પાટીદાર અને યશ દયાલને જ રિટેન કર્યા છે. બીજી તરફ ગત સિઝનના કેપ્ટન ફાફ ડુ પ્લેસિસની સાથે ગ્લેન મેક્સવેલને પણ રિલીઝ કરી દીધો છે.

### ધારાસભ્યો વચ્ચે ધક્કા-મુક્કી થઈ

## કલમ ૩૭૦ પર જમ્મુ કાશ્મીર વિધાનસભામાં ભારે હોબાળો

। (એજન્સી) જમ્મુ, તા.૭ ।

જમ્મુ કાશ્મીર વિધાનસભામાં ગુરુવારે ભારે હોબાળો થયો હતો. કલમ ૩૭૦ને લઈને ધારાસભ્યો વચ્ચે ધક્કા-મુક્કી પણ થઈ હતી. દરમિયાન પોસ્ટર પણ ફાડી નાખવામાં આવ્યા હતા. હંગામાને કારણે ગૃહની કાર્યવાહી ૨૦ મિનિટ માટે સ્થગિત કરવામાં આવી હતી. જો કે, સવારે ૧૦:૨૦ વાગ્યે ફરી એકવાર ગૃહની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી, પરંતુ ભાજપના ધારાસભ્યોનો હોબાળો ચાલુ રહ્યો હતો, જેને જોઈને સ્પીકરે ગૃહને આખા દિવસ માટે સ્થગિત કરવાનો નિર્ણય લીધો હતો. લાંગેટના ધારાસભ્ય શેખ ખુર્શીદ વિધાનસભામાં એક પોસ્ટર લઈને પહોંચ્યા હતા. જેમાં કલમ ૩૭૦ને ફરીથી લાગુ કરવાની માંગ કરવામાં આવી હતી. આ



પોસ્ટર જોઈને ભાજપના ધારાસભ્યો ગુસ્સે થઈ ગયા અને તેમના હાથમાંથી પોસ્ટર છીનવી લીધું. આ દરમિયાન મારામારી પણ થઈ હતી. ભાજપના ધારાસભ્યોએ શેખ ખુર્શીદના હાથમાંથી પોસ્ટર લઈ લીધું અને ફાડી નાખ્યું હતું. આ પછી ભાજપના ધારાસભ્યોએ હોબાળો મચાવ્યો હતો. ભારતીય જનતા પાર્ટીના નેતા રવિન્દ્ર રૈનાએ કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ હવે ઈતિહાસ બની ગઈ છે. ઓમર અબ્દુલ્લા સરકાર પાકિસ્તાનનું મનોબળ વધારી રહી છે. કલમ ૩૭૦એ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ, અલગતાવાદ અને પાકિસ્તાની માનસિકતાને જન્મ આપ્યો છે. આવી સ્થિતિમાં વિધાનસભામાં ૩૭૦ પ્રસ્તાવને ગેરબંધારણીય રીતે લાવવો અને તેને ચોરોની જેમ ઉતાવળે, ગુપ્ત રીતે રજૂ કરવો એ દર્શાવે છે કે નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસ જમ્મુ-કાશ્મીરમાં ફરીથી સ્થિતિ બગાડવા માંગે છે.

### શાહરુખ ખાનને ધમકી મળતા તંત્ર દોડતું થયું

## બોલીવુડના કિંગ ખાનને જાનથી મારી નાખવાની ધમકી મળી

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

શાહરૂખ ખાનને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. અભિનેતાને ફોન કરીને ધમકી આપવામાં આવી છે. બોલિવૂડ એક્ટર સલમાન ખાન ઘણા દિવસોથી ગેંગસ્ટર્સના નિશાના પર છે. સલમાનના નામે એક પછી એક ધમકીઓ આવી રહી છે. અભિનેતાની સુરક્ષા વધારી દેવામાં આવી છે અને પોલીસ આ કેસની ઝડપથી તપાસ કરી રહી છે અને અત્યાર સુધીમાં ભાઈજાનને ધમકી આપનાર અને તેના ઘરની બહાર હુમલો કરનારા ઘણા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ દરમિયાન બ્રેકિંગ ન્યૂઝ એ છે કે સલમાન ખાન બાદ હવે શાહરૂખ ખાન પર પણ મુશ્કેલીના વાદળો ઘેરાઈ રહ્યા છે. સામે આવી રહેલી માહિતી મુજબ શાહરૂખ ખાનને જાનથી મારી નાખવાની ધમકી આપતો ફોન આવ્યો છે અને આ દરમિયાન ખંડણીની માંગણી પણ કરવામાં આવી છે. રિપોર્ટ્સનું માનીએ તો આ ધમકીભર્યો કોલ રાયપુરથી આવ્યો છે અને ફૈઝાન ખાન નામના વ્યક્તિએ અભિનેતાને ધમકી આપી છે. ફૈઝાન ખાને કિંગ ખાન પાસે ખંડણી માંગી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાયપુરના ફૈઝાન નામના વ્યક્તિએ ધમકીભર્યો ફોન કર્યો હતો. આ ફોન કોલ શાહરૂખ ખાનની પ્રોડક્શન કંપની રેડ ચિલીઝની ઓફિસમાં આવ્યો હતો.

### સાતમાં માળથી કુદીને આપી દીધો જીવ

## અમૃતસર ગોલ્ડન ટેમ્પલમાં યુવતીએ સુસાઈડ કરી લીધું

**અચાનક બનેલી આ ઘટનાથી કેમ્પસમાં સનસનાટી મચી**

। (એજન્સી) અમૃતસર, તા. ૭ ।

અમૃતસર સુવર્ણ મંદિર પરિસરમાં ૨૫ વર્ષની યુવતીએ આત્મહત્યા કરી લીધી. મળતી માહિતી મુજબ, યુવતીએ ગુરુદ્વારા બાબા અટલ રાયના સાતમા માળેથી છલાંગ લગાવી હતી. અચાનક બનેલી આ ઘટનાથી કેમ્પસમાં સનસનાટી મચી ગઈ હતી. પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા અને બાળકીના મૃતદેહને બહાર કાઢ્યો. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે યુવતી એકલી સુવર્ણ મંદિર પહોંચી હતી અને તેની ઓળખ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. યુવતીના આપઘાતનું કારણ પણ તપાસવામાં આવી રહ્યું છે.

એડિશનલ ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ વિશાલજીત સિંહે જણાવ્યું કે બાળકીના મૃતદેહને સિવિલ હોસ્પિટલના શબઘરમાં રાખવામાં આવ્યો છે. સુવર્ણ મંદિર સંકુલમાં સ્થિત સાત માળના ગુરુદ્વારા બાબા અટલ રાયની મુલાકાત લેવાનો જાહેર સમય સવારે ૭.૩૦ થી ૧૦.૩૦ સુધીનો હતો.

### Truecaller એપ્લિકેશનના કાર્યાલય પર ઈનકમ ટેક્સના દરોડા

। સ્વીડન, તા.૭ ।

ટ્રૂકોલર એપની ઓફિસ પર ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી દરોડા પાડવામાં આવ્યા છે. ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટ તરફથી ટ્રૂકોલર ઓફિસ અને તેના સંબંધિત કેમ્પસમાં શોધખોળ કરવામાં આવી. કંપની પર ટ્રાન્સફર પ્રાઈસિંગ નિયમના ઉલ્લંઘનનો આરોપ છે, જે માટે ઈનકમ ટેક્સ એજન્સીઓ તપાસ કરી રહી છે. સ્વીડન બેઝ્ડ ટ્રૂકોલર ભારત સહિત ઘણા દેશોમાં ખૂબ પોપ્યુલર છે. આ એપ તમને તે કોલરનું નામ જણાવતી હતી.

# ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું મોદીને આખી દુનિયા પ્રેમ કરે છે

## ભારત એક શાનદાર દેશ છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી એક શાનદાર વ્યક્તિ છે : ડોનાલ્ડ ટ્રમ્પની ટિપ્પણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની અવિશ્વસનીય વાપસી પર તેમને દુનિયાભરમાંથી શુભેચ્છાઓ વરસી રહી છે. આ કડીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ટ્રમ્પને એક્સ પર એક પોસ્ટ દ્વારા શુભેચ્છા પાઠવી અને બુધવારે સાંજે ફોન કરીને પણ અભિનંદન પાઠવ્યા. વાતચીત અંગે પીએમ મોદીએ પણ એક્સ પર પોસ્ટ શેર કરી. તેમણે લખ્યું કે મારા મિત્ર



રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે સારી રીતે વાતચીત થઈ. તેમની શાનદાર જીત પર તેમને શુભેચ્છાઓ પાઠવી. ટેક્નોલોજી, રક્ષા, ઉર્જા, અંતરિક્ષ અને અન્ય અનેક ક્ષેત્રોમાં ભારત-અમેરિકાના સંબંધોને વધુ મજબૂત કરવા માટે એકવાર ફરીથી મળીને કામ કરવાની આશા છે. સૂત્રોના જણાવ્યાં મુજબ આ દરમિયાન ટ્રમ્પે પીએમ મોદીને કહ્યું કે મોદીને આખી દુનિયા પ્રેમ કરે છે. ભારત એક શાનદાર દેશ છે અને પીએમ મોદી એક શાનદાર વ્યક્તિ છે. ટ્રમ્પે ફોન પર પીએમ મોદીને કહ્યું કે તેઓ તેમને અને ભારતને પોતાના એક સાચા મિત્ર ગણે છે. પીએમ મોદી પહેલા એવા વૈશ્વિક નેતાઓમાંથી એક છે જેમણે ટ્રમ્પની જીત બાદ તેમની સાથે વાત કરી છે. આ અગાઉ પીએમ મોદીએ એક્સ પર શુભેચ્છા પાઠવી. આ સાથે પીએમ મોદીએ ટ્રમ્પ સાથે પોતાના ચાર ફોટા પણ શેર કર્યા છે. પોતાના સંદેશામાં પીએમ મોદીએ ટ્રમ્પના ગત કાર્યકાળની ઉપલબ્ધિઓના વખાણ કરતા ભારત-અમેરિકા સમગ્ર વૈશ્વિક અને રણનીતિક ભાગીદારીને વધુ સશક્ત બનાવે તેવી આશા વ્યક્ત કરી છે.

### સુપ્રીમ કોર્ટમાં ઉનાળુ વેકેશન રદ્દ કરી દેવાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

CJI દ્વારા ન્યાયતંત્ર અંગે એક અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટના CJI ચંદ્રચુડે પોતાની નિવૃત્તિના થોડા દિવસો પહેલા જ આજે ગુરુવારે મોટો નિર્ણય લીધો છે. CJIએ સુપ્રીમ કોર્ટમાં આપવામાં આવતું ઉનાળુ વેકેશન રદ કરી દીધું છે. તેમણે કહ્યું છે કે, હવે માત્ર આંશિક કોર્ટ કામકાજના દિવસો રહેશે. આ નવો નિયમ તાત્કાલિક અસરથી અમલમાં આવશે. વર્ષ ૨૦૨૫ના જ્યુડિશિયલ કેલેન્ડરમાં ઉનાળાના બ્રેકને 'આંશિક કાર્ય દિવસ' તરીકે નામાંકિત કરવામાં આવ્યો છે. સુધારેલા નિયમો મુજબ, આંશિક કામકાજના દિવસો ૨૬ મે, ૨૦૨૫થી શરૂ થશે અને સંપૂર્ણ કામકાજના દિવસો ૧૪ જુલાઈ, ૨૦૨૫થી શરૂ થશે. સુપ્રીમ કોર્ટ આ બે સત્રો માટે બેસશે: પ્રથમ સત્ર આંશિક કામકાજના દિવસો સાથે શરૂ થશે, જે શિયાળાના વિરામના આગલા દિવસે સમાપ્ત થશે.

### ટ્રમ્પની જીતની ખુશી એક દિવસ પણ ન ટકી

## શેરબજારમાં મચ્યો ભારે હાહાકાર; રોકાણકારોના ૪.૨૭ લાખ કરોડ ડૂબ્યા

### સેન્સેક્સ ઘટાડા સાથે ૭૯,૫૪૧.૭૯ના લેવલ પર અને નિફ્ટી ઘટાડા સાથે ૨૪,૧૯૯.૩૫ના લેવલ પર બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

આઈટી, મેટલ અને ફાર્મા સેક્ટરમાં ઘટાડાની અસર આજે સમગ્ર શેરબજાર પર જોવા મળી. ડોનાલ્ડ ટ્રમ્પના ફરીથી રાષ્ટ્રપતિ બનવાની ખુશીમાં ગઈકાલે એટલે કે ૬ ઓક્ટોબરે શેરબજારમાં ખુશીનો માહોલ સ્પષ્ટ જોવા મળ્યો હતો. પરંતુ આજે માર્કેટમાં આ ખુશી સાવ ગાયબ જ થઈ ગઈ. ડોનાલ્ડ ટ્રમ્પની જીતની ખુશીમાં ગઈકાલે ઈક્વિટી બેન્ચમાર્ક ઈન્ડેક્સ BSE સેન્સેક્સ અને નિફ્ટી ૫૦ એક-એક ટકાથી વધુના વધારા સાથે બંધ થયા હતા અને આજે બંને એક-એક ટકાથી વધુના ઘટાડા સાથે બંધ થયા છે. નિફ્ટીના તમામ સેક્ટરના



ઈન્ડેક્સ આજે રેડ ઝોનમાં બંધ થયા છે. આજે શેરબજારમાં થયેલા મોટા ઘટાડાથી BSE પર લિસ્ટેડ કંપનીઓની આવક ૪.૨૭ લાખ કરોડ રૂપિયા ઘટી ગઈ છે, એટલે કે રોકાણકારોના ૪.૨૭ લાખ કરોડ ડૂબ્યા છે.

હવે ઈક્વિટી બેન્ચમાર્ક સૂચકાંકો (ઈન્ડેક્સો)ની વાત કરીએ તો BSE સેન્સેક્સ આજે ૮૩૬.૩૪ પોઈન્ટ્સ અથવા ૧.૦૪ ટકાના ઘટાડા સાથે ૭૯,૫૪૧.૭૯ના લેવલ પર અને નિફ્ટી ૫૦ ૨૮૪.૭૦ પોઈન્ટ્સ અથવા ૧.૧૬ ટકાના ઘટાડા સાથે ૨૪,૧૯૯.૩૫ના લેવલ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સના માત્ર બે શેર જ આજે ગ્રીન ઝોનમાં બંધ થયા હતા, જ્યારે નિફ્ટીના ૫૦માંથી ૪૬ શેરમાં ઘટાડો જોવા મળ્યો.

એક ટ્રેડિંગ દિવસ અગાઉ એટલે કે ૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ BSE પર લિસ્ટેડ તમામ શેરની કુલ માર્કેટ કેપ ૪,૫૨,૫૮,૬૩૩.૫૩ કરોડ રૂપિયા હતી. આજે એટલે કે ૭મી નવેમ્બર ૨૦૨૪ના રોજ જ્યારે માર્કેટ બંધ થયું ત્યારે માર્કેટ કેપ ૪,૪૮,૩૧,૧૦૩.૩૫ કરોડ રૂપિયા પર આવી ગયું છે.

**સંતો-મહંતો વચ્ચે ભારે મારામારી થઈ । પ્રયાગરાજમાં મેળા વહિવટી તંત્રની બેઠક યોજાવાની હતી**

## પ્રયાગરાજમાં મહાકુંભને લઈ યોજાયેલી બેઠકમાં ભારે હોબાળો

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૭ ।

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ મહાકુંભને લઈને અખાડાઓની બેઠકમાં ભારે હોબાળો થયો. સંતો-મહંતો વચ્ચે ભારે મારામારી થઈ. અખાડાઓથી જોડાયેલા સંતોએ એકબીજાને લાફાવાળી કરી, એટલું જ નહીં ઢીકાપાટુ પણ વરસાવ્યા. મહાકુંભના મેળા વહિવટી તંત્રની અખાડાઓની બેઠક કાર્યાલયમાં થવાની હતી. અખાડા પરિષદ હાલના દિવસોમાં બે ભાગમાં વહેંચાયેલું છે. બંને જૂથોના પદાધિકારી આ બેઠકમાં આમને-સામને થઈ ગયા અને વાદ વિવાદ બાદ મારામારી પણ થઈ.

જો કે, મારામારીના કારણે મોડા સુધી અફરાતફરીનો માહોલ રહ્યો. સંતો વચ્ચે થયેલી મારામારીના કારણે બેઠક યોજાઈ શકી નહીં. જણાવી દઈએ કે, પ્રયાગરાજ મેળા વહિવટી તંત્રની બેઠક યોજાવાની હતી. વહિવટી તંત્રની બેઠક માટે અખાડા પરિષદના બંને જૂથોને બોલાવવામાં આવ્યા હતા. ઓપચારિક રીતે બેઠકની શરૂઆત થતા પહેલા જ હોબાળો શરૂ થઈ ગયો. મારામારીના કારણે આ ઘટનામાં કેટલાક સંતોને સામાન્ય ઈજા પણ આવી છે. મળતી માહિતી અનુસાર, પૂર્વ અધ્યક્ષ નરેન્દ્ર ગિરીના મોત બાદથી અખાડા પરિષદ બે જૂથમાં વહેંચાયું છે. આ મામલા અંગે અખાડા પરિષદના અધ્યક્ષ રવિન્દ્ર પુરીએ કહ્યું કે, 'જમીન વહેંચણીને લઈને વિવાદ થયો છે, કેટલાક સંતો તરફથી હોબાળો કરાયો. મહાકુંભ માટે જમીન વહેંચણીને લઈને એકબીજા સાથે સંતો ઝઘડ્યા, બંને જૂથોની બેઠક બોલાવવામાં આવી હતી.'

નિર્મોહી અખાડાના અધ્યક્ષ રાજેન્દ્ર દાસે કહ્યું કે, 'જ્યારે પણ કોઈ મેળો થાય છે તો જે અખાડાના પદાધિકારી છે તેમને બોલાવવામાં આવે છે. પરંતુ કુંભ મેળામાં આવું બે-ત્રણ વાર થયું છે કે પદાધિકારીઓને ન બેસાડીને બીજાને બેસાડવામાં આવે છે, જેમ કે જૂના અખાડા. જૂના અખાડાઓનો રેકોર્ડ સારો નથી, ઝઘડા કરવા અને વિવાદ કરવાનું જ કામ છે.

# અજમાનું વાવેતર કરતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો

## સપ્ટેમ્બર મહિનામાં પડેલા વરસાદના કારણે અજમાના પાકને નુકસાન : ખેડૂતોને ૫૦ ટકા કરતા વધારે નુકસાની

। (એજન્સી) ભાવનગર, તા.૭ ।

સામાન્ય રીતે ભાવનગર જિલ્લામાં ડુંગળીનું વાવેતર વધારે થઈ રહ્યું છે. પરંતુ મહુવા તાલુકાના ડુંડાસ ગામે સૌથી વધારે અજમાનું વાવેતર થાય છે. આ ગામમાં ખેડૂતો વધુ પ્રમાણમાં અજમાની ખેતી કરે છે. બિનપિયત ખેતી હોવાના કારણે વર્ષ દરમિયાન ખેડૂતો એક જ પાક લઈ શકે છે અને સારી આવક મેળવી રહ્યા છે. પરંતુ આ વર્ષે પડેલા વરસાદના કારણે ખેડૂતોને ભારે નુકસાન થયું છે. દર વર્ષે થતા ઉત્પાદનમાં ઘટાડો થવાની શક્યતા છે. ડુંડાસ ગામના ખેડૂતોએ પોતાની ચિંતા વ્યક્ત કરી હતી. ડુંડાસ ગામના ખેડૂત ભરતભાઈ જેરામભાઈ સોડવડીયાએ સાત ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. છેલ્લા ઘણા વર્ષોથી અજમાની ખેતી કરે છે. ખેડૂતે ૧૫૦ વિઘા જમીનમાં અજમાનું વાવેતર કર્યું હતું. પરંતુ આ વર્ષે સપ્ટેમ્બર મહિનામાં પડેલા વરસાદના કારણે અજમાના પાકને ભારે નુકસાન થયું છે. વિઘે ૧૫ હજાર સુધીનું નુકસાન થયું છે. ખેડૂત ભરતભાઈ જેરામભાઈ સોડવડીયાએ જણાવ્યું કે, "મેં સાત ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે અને હું અમારી વડીલોની પરંપરાગત ખેતી સાથે ઘણા વર્ષોથી જોડાયેલો છું. છેલ્લા ૨૫ વર્ષથી અજમાની ખેતી કરી રહ્યા છીએ. પરંતુ આ વર્ષે અજમાની ખેતીમાં વરસાદના કારણે વધુ નુકસાન જોવા મળી રહ્યું છે. વરસાદના કારણે આ વર્ષે ૧૫૦ વિઘા કરતા પણ વધુ જમીનમાં વાવેલ અજમાને નુકસાન પહોંચ્યું છે. તેમજ અન્ય ખેડૂતોને પણ આ વર્ષે અજમાની ખેતીમાં નુકસાન પહોંચ્યું છે." વધુમાં ખેડૂતે જણાવ્યું, "સરકાર દ્વારા રાહત પેકેજમાં ભાવનગર જિલ્લાની શા માટે બાદ રાખવામાં આવ્યો છે તે પણ એક પ્રશ્ન થાય છે. વરસાદ બધી જગ્યાએ સરખો થયો છે. કપાસમાં નુકસાન છે તેમજ અજમાની ખેતીમાં પણ નુકસાન પહોંચ્યું છે. અજમાની ખેતીમાં આવેલ નુકસાન અટકાવવા માટે દવાનો છંટકાવ, ખાતરનો છંટકાવ સહિત પ્રયાસ કર્યો હતો. છતાં પણ કોઈ પ્રકારની સફળતા મળી નથી. અજમાની ખેતીમાં આ વર્ષે અજમા પાક ઉપર આવી ગયા હતા. ત્યારે જ નુકસાન થયું છે. "અજમાના છોડ ઉભા સુકાઈ ગયા છે અને ખેતરો ખાલી થવા લાગ્યા છે. અજમાની ખેતીમાં આ વર્ષે વારંવાર નુકસાન પહોંચ્યો છે. અમુક એવા પણ ખેતરો રહેલા છે, જેમાં પાણીનો ઢાળ હોવાથી પાણી ન લાગતું હોય તે ખેતરોમાં અજમાને નુકસાન ઓછું પહોંચ્યું છે. આવા ખેતરમાં ૨૦% જ નુકસાન છે, બાકી ૮૦% નુકસાની થઈ છે. સપ્ટેમ્બર મહિનામાં વરસાદ પડ્યો હતો, જેના કારણે આ નુકસાન પહોંચ્યો છે. ખેતરમાં રહેલા અજમાના ઉભા છોડ સુકાઈ રહ્યા છે. વિઘે ૨૫,૦૦૦ રૂપિયાની આવક થઈ હતી. પરંતુ આ વર્ષે ૧૦ હજાર રૂપિયાની આવક થશે.

### સુરતમાં સ્પા સેન્ટરમાં લાગી આગ

# સ્પા સેન્ટરમાં લાગેલી આગમાં ગૂંગળામણના કારણે બેના મોત

## બાથરૂમમાં બંધ બંને યુવતીઓનું શ્વાસ રૂંધાવાથી મોત થયું હતું : આ બંને યુવતીઓ નોર્થ ઇસ્ટની રહેવાસી હતી

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરત શહેરના સીટી લાઈટ વિસ્તારમાં શિવપૂજા અભિષેક નામની બિલ્ડીંગમાં ત્રીજા માળે આવેલ અમૃતયા સ્પા એન્ડ સલૂનમાં મોડી સાંજે અચાનક જ આગ લાગી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. દરમિયાન સ્પા સેન્ટરમાં કામ કરતી બે યુવતીનું આગના ધૂમાડાથી ગૂંગળામણના કારણે મોત થયું હતું. શહેરના સીટીલાઈટ વિસ્તારમાં શિવ પૂજા અભિષેક નામની બિલ્ડીંગમાં ત્રીજા માળે આવેલ અમૃતયા સ્પા એન્ડ સલુનમાં સાંજે અચાનક જ આગ લાગી હતી. ગણતરી મિનિટોમાં આગે વિકરાળ સ્વરુપ ધારણ કરતા સ્પા એન્ડ સલૂનમાં લાગેલી આગ નીચે આવેલ જિમ સુધી પહોંચી જતા જિમ પણ આગની ઝપેટમાં આવી ગયું હતું. જેના કારણે સ્પામાં કામ કરતી મનીષા અને અનિશા નામની બે યુવતીઓના મોત નીપજ્યા હતા.બંને યુવતીઓનું શ્વાસ રૂંધાવાથી મોત થયું હતું. ત્રણ યુવતીઓનો આબાદ બચાવ થયો હતો. જ્યારે બે યુવતીઓ બાથરૂમમાં ફસાઈ જતા તેમનું મોત થયું હતું. બંને યુવતીઓ નોર્થ ઈસ્ટની રહેવાસી હતી. સ્પામાં આગ લાગવાથી બંને યુવતીઓ પોતાના બચાવ માટે સ્પાની અંદર બનાવેલ રૂમની અંદર આવેલા બાથરૂમમાં ફસાઈ ગઈ હતી. જેના કારણે ધૂમાડાના કારણે ગૂંગળામણથી બંનેના અંદર જ મોત નીપજ્યા છે. બનાવની જાણ થતાની સાથે જ સુરત ફાયર કંટ્રોલ વિભાગ દ્વારા શહેરના પાંચ અલગ અલગ ફાયર સ્ટેશનમાંથી ૧૫ થી વધુ ગાડીઓનો કાફલો ઘટના સ્થળે ખડકી દેવામાં આવ્યો હતો. ફાયર ઓફિસર જયદીપ ઈસરાણીએ સ્પાની અંદર કાચનો દરવાજો તોડી બંને યુવતીઓના મૃતદેહ બહાર કાઢ્યા હતા. આગ લાગતા બે યુવતીઓએ પોતાને બાથરૂમમાં બંધ કરી દીધી હતી, જ્યારે ત્રણ છોકરીઓ કોઈક રીતે હિંમત કરીને બહાર આવી હતી. બાથરૂમમાં બંધ બંને યુવતીઓનું શ્વાસ રૂંધાવાથી મોત થયું હતું.

## પાવાગઢના મહાકાળી મંદિરમાં ચોરી કરનાર આખરે ઝડપાયો

। (એજન્સી) પાવાગઢ, તા.૭ ।

વિશ્વ પ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામ પાવાગઢના મહાકાળી મંદિરમાં માતાજીના આભૂષણોની ચોરી થઈ હતી. જે તે સમયે ચોરીની આશંકા જતાવાઈ હતી. કારણ કે, મંદિરમાં સામાન વેરવિખેર પડ્યો હતો. આ મામલે પાવાગઢ પોલીસે સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી હતી. તપાસને અંતે પોલીસે એક આરોપીની ધરપકડ કરી છે. પાવાગઢના મહાકાળી મંદિરમાંથી છ હાર અને અન્ય ધાતુના બે મુગટ ચોરી થયા હોવાની પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. જેને લઈને જિલ્લા LCB, SOG સહિત અન્ય પોલીસ મથકોની અલગ અલગ છથી સાત ટીમો બનાવીને સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ ઈન્ટેલિજન્સીની મદદથી વિદુર ચંદ્રસિંહ વસાવાની ધરપકડ કરવામાં આવી. જે મુળ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના નસરપુરનો વતની છે. તેની પાસેથી ૭૮ લાખની રકમના સોનાના છ હાર અને સોનાના ઢાળ ચડાવેલા બે મુગુટ પણ જપ્ત કરાયા છે. આરોપીએ ચોરી કરેલો સામાન એક ટ્રકમાં સંતાડ્યો હતો તેવો ખુલાસો થયો છે. પોલીસ પુછપરછમાં આરોપીએ દાવો કર્યો છે કે તેણે પહેવાર જ ચોરી કરી છે. આ તમામ મુદ્દે સવાલ એ થાય છે કે, મંદિરમાં ભારે સુરક્ષા વ્યવસ્થા છે. સીસીટીવી કેમેરા અને પોલીસનો બંદોબસ્ત હોવા છતાં ચોર મંદિરમાં પ્રવેશ્યો કેવી રીતે?

### સરકાર પ્રમોશન અંગે ટૂંક સમયમાં લેશે મોટો નિર્ણય

# ગુજરાતના પોલીસ અધિકારીઓને મળશે ટૂંક સમયમાં નવા વર્ષની ભેટ

## દિવાળી બાદ નવા વર્ષની શરૂઆત થઈ ગઈ છે અને આ નવા વર્ષમાં પોલીસ વિભાગમાં ફેરફાર જોવા મળી શકે

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

દિવાળી બાદ નવા વર્ષની શરુઆત થઈ ગઈ છે અને આ નવા વર્ષમાં પોલીસ વિભાગમા કેટલાક ફેરફાર જોવા મળી શકે છે. આ નવું વર્ષ કેટલાક પોલીસ અધિકારીઓ માટે ખુશીના સમાચાર લાવી શકે છે. આ અંગે વિગતે વાત કરીએ તો, પોલીસ વિભાગના અધિકારીઓને પ્રમોશન મળી શકે છે.

સામે આવેલી વિગતો અનુસાર આ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગૃહ વિભાગની બેઠક મળી હતી. જેમાં પોલીસ વિભાગના અધિકારીઓને પ્રમોશન આપવા મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, DGP વિકાસ સહાય સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. રાજ્યમાં નવા ૩૬ જેટલા SDPO કાર્યરત કરવા સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચામાં મુજબ ૩૬ SDPOમા નવા dysp મુકવામાં આવશે. આ ઉપરાંત પીઆઈ કક્ષાના અધિકારીને પ્રમોશન આપવાની મંજૂરી મામલે ચર્ચા કરવામાં આવી હોવાની માહિતી સામે આવી છે. આગમી દિવસોમાં ગૃહવિભાગ દ્વારા ૬૦થી વધુ પોલીસ અધિકારીને પ્રમોશન આપવામાં આવશે. તો બીજી તરફ હાલમાં તહેવારોની સિઝનમાં અકસ્માતના કિસ્સામાં નોંધપાત્ર વધારો થયો છે. તો બીજી તરફ રાજ્યના એક જિલ્લામાં અકસ્માતમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. જેની નોંધ ગૃહ વિભાગે પણ લીધી છે.

દાહોદ જિલ્લા પોલીસે માર્ગ અકસ્માતના બનાવો સંદર્ભે ગંભીરતા પૂર્વક મલ્ટી ડાયમેન્શનલ એનાલિસીસ કરી માર્ગ અકસ્માતમાં ઘટાડો કરવા માટે સંવેદનશીલ કામગીરી કરી છે. જેને પરિણામે દાહોદ જીલ્લામાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૮૫ વાહન અકસ્માતોમાં ઘટાડો થયો છે, એટલુ જ નહિ, ૬૯ માનવ જીવન બચાવવામાં સફળતા મળી છે. ટ્રાફિક અવેરનેસ, ડ્રંક એન્ડ ડ્રાઈવ, હેલ્મેટ-સીટ બેલ્ટ સહિતની ખાસ ડ્રાઈવ ઉપરાંત ડ્રોન કેમેરાના ઉપયોગથી અસરકારક ટ્રાફિક મેનેજમેન્ટની પ્રશંસનીય કામગીરી માટે દાહોદ જિલ્લા પોલીસ વડા રાજદિપ સિંહ ઝાલા અને તેમની સમગ્ર ટીમને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા છે. લોકોમાં ટ્રાફિક આવેરનેસ લાવવાની સાથોસાથ રોડ એન્જીનીયરિંગ અને પોલીસ એન્ફોર્સમેન્ટ કામગીરી પર વિશેષ ભાર મુકવામાં આવ્યો. જેમાં અગાઉના ૧૦ વર્ષમાં સર્જાયેલા માર્ગ અકસ્માતોનું મેપિંગ કરીને સુધારા યોગ્ય રોડ એન્જિનિયરિંગના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના સુધારાઓ સૂચવવામાં આવ્યા હતા.

## ગુજરાતના કબુતરબાજી કૌભાંડમાં વધુ એક આરોપીની ધરપકડ થઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

કબૂતરબાજીથી વિદેશ મોકલવાના કૌભાંડમાં ગુજરાત પોલીસની એસએમસીની ટીમે વધુ એક આરોપીની વારાણસીમાંથી ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે ઝડપાયેલ આરોપી ૧૦ વર્ષથી કબૂતરબાઝીથી લોકોને વિદેશમાં મોકલતો હતો.

વર્ષ ૨૦૨૩ માં અમદાવાદનાં સોલા પોલીસ સ્ટેશનમાં કબુતરબાજીનાં માસ્ટર માઈન્ડ ભરત ઉર્ફે બોબી પટેલ સામે નોંધાયેલા ગુનામાં સ્ટેટ મોનિટરિંગ સેલે વધુ એક આરોપીની ધરપકડ કરી છે. અગાઉ ભરત ઉર્ફે બોબી પટેલની સ્ટેટ મોનિટરિંગ સેલે ધરપકડ કરી હતી, જેની તપાસમાં અનેક એન્જટોનાં નામ સામે આવ્યા હતા. જેમાંથી એક એજન્ટ પંજક ઉર્ફે પી.કે પટેલ જે મહેસાણાનો રહેવાસી હોય અને લાંબા સમયથી ફરાર હોય તેને પકડવામાં આવ્યો છે.

સ્ટેટ મોનિટરિંગ સેલે બાતમીનાં આધારે ઉત્તરપ્રદેશનાં વારાણસી ખાતેથી પકડી પાડયો છે. આરોપી સામે ૨૫ હજારનું ઈનામ પણ પોલીસે અગાઉ જાહેર કર્યું હતું. જેની પાસેથી પાસપોર્ટ, બે મોબાઈલ ફોન, અમેરિકન ડોલર, રૂપિયાનાં હિસાબની ડાયરી અને હિસાબની ચબરખી કબ્જે કરાઈ છે. આરોપી છેલ્લાં ૨૨ માસથી નાસ્તો ફરતો હતો. જોકે આ કેસમાં અત્યાર સુધીમાં કુલ ૯ આરોપીઓની સ્ટેટ મોનિટરિંગ સેલે ધરપકડ કરી છે.

ઝડપાયેલા આરોપીની પૂછરછ ની તપાસમાં સામે આવ્યું કે તે મહેસાણાનાં અને આસપાસનાં કુલ ૭થી ૮ જેટલા લોકોને અમેરિકા મોકલી ચુક્યો છે. તે વ્યક્તિ દીઠ ૨ લાખ પોતે લેતો હતો અને પોતે પણ બે વખત અમેરિકા જઈ આવ્યો છે. જેમાંથી એક વખત તેને અમેરિકાથી ડિપોટ કરાયો છે. આરોપી પંકજ પટેલ બોબી પટેલ સાથે સીધા સંપર્કમાં રહી કબુતરબાજીનું રેકેટ ચલાવતો હતો જેથી સ્ટેટ મોનિટરિંગ સેલે આરોપીનાં ૯ દિવસનાં રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

## રાજ્યના અનેક માર્કેટ યાર્ડ આજથી થયા ધમધમતા

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

લાભ પાંચમ (છઠ્ઠી નવેમ્બર)ના દિવસે પૂજા કરવાથી સાધકને વેપાર વગેરેમાં લાભ થાય છે. આજના દિવસ કોઈપણ નવા કાર્યની શરૂઆત કરવા માટે પણ શુભ માનવામાં આવે છે. ત્યારે દિવાળીની રજાઓ બાદ આજથી રાજકોટ, મોરબી, અરવલ્લી, જામનગર, પોરબંદર સહિતના માર્કેટ યાર્ડ ફરી ધમધમતા થયા છે. જ્યાં મગફળી, કપાસ અને સોયાબીન જેવી અન્ય જણસીની આવક શરૂ થઈ છે. લાભ પાંચમના શુભ મુહૂર્તમાં આજથી રાજકોટનું બેડી માર્કેટ યાર્ડ શરૂ થયો હતો. આજે પહેલા દિવસે જ બેડી માર્કેટ યાર્ડમાં મગફળીની આવક થઈ હતી. આજે ૧ લાખ ગુણી જેટલી મગફળીની આવક થઈ હતી અને ૧૨૫૦ રૂપિયા સુધીના ભાવ બોલાયા હતા. જો કે, ટેકાના ભાવ કરતાં ઓછા ભાવ મળતા ખેડૂતોમાં થોડી નિરાશા જોવા મળી હતી. લાભ પાંચમના શુભ દિવસે મોરબી માર્કેટ યાર્ડ ફરી ધમધમતું થયું છે. આજે વધુ આવક કપાસની થઈ હતી. મગફળી, બાજરો, એરંડા, તલ, ચણા, સોયાબીન વગેરેની પણ આવક થઈ છે. આજે ૧૧,૦૬૦ મણ કપાસની આવક થઈ હતી, જેના ૧૩૦૦થી ૧૫૫૦ રૂપિયા સુધીનો ભાવ બોલાયો હતો. આ ઉપરાંત ૨૮૭૫ મણ મગફળીની આવક થઈ હતી, જેનો ૮૪૦થી ૧૨૫૬ રૂપિયા સુધીના ભાવ બોલાયા હતા. દિવાળીના મિની વેકેશન બાદ જામનગરના હાપા માર્કેટ યાર્ડમાં ૩૪૫થી વધુ વાહનોમાં મગફળી સહીત જુદી જુદી જણસીની આવક શરૂ થઈ છે. મંગળવારથી યાર્ડ ખાતે મગફળી લઈને ખેડૂતો આવ્યા હોવાથી દોઢ કિ.મી. લાંબી કતાર જોવા મળી હતી. જેમાં આ વખતે ખેડૂતોને ૬૬ નંબરની મગફળીનો ભાવ ૨૧૦૦ રૂપિયા મળ્યો છે. આ યાર્ડ ખાતે તમિલનાડુથી મગફળીની ખરીદી કરવા માટે વેપારીઓ આવે છે. લાભ પાંચમના દિવસે પોરબંદરના માર્કેટ યાર્ડમાં જણસીની આવક જોવા મળી હતી. ત્યારે આજે મગફળીના ભાવ ૧૦૦૦થી ૧૧૦૦ રૂપિયા જેવો મળ્યો છે. હજુ આગામી દિવસોમાં મગફળીની આવકમાં વધારો થશે, ભાવમાં પણ ભાવ વધારો જોવા મળશે. નોંધનીય છે કે, ખેડૂતોને મગફળીની ગુણવત્તા મુજબ ભાવ પણ સારા મળ્યા છે. હિંમત નગર માર્કેટ યાર્ડ ખાતે ઘણાં સમથી મગફળીની આવકની શરૂઆત થઈ હતી. પરંતુ દિવાળીના તહેવારોને લઈ સાત દિવસ માર્કેટ બંધ થતાં આજે (છઠ્ઠી નવેમ્બર) લાભ પાંચમના શુભ મુહૂર્તમાં ફરી ખરીદીની શરૂઆત થઈ હતી. ત્યારે મગફળીની ૧૫ હજાર જેટલી બોરીની આવક થઈ હતી અને ૧૨૦૦થી ૧૪૦૦ સુધીના પ્રતિ મણે ભાવ બોલાયો હતો.

**વિશેષ**

### નાના બાળકોના માતા-પિતા માટે વધુ એક ચેતવણીરૂપ કિસ્સો

# અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ અને બાળરોગ સર્જરી વિભાગના વડા ડો. રાકેશ જોશી અને તેમની ટીમે એક વર્ષના બાળકને આપ્યું નવજીવન

। (માહિતી) અમદાવાદ ।

બાળકોના ઉછેર અને તેમના પાલનપોષણ બાબતે ફરીથી એકવાર સમાજ માટે ચેતવણીરૂપ કિસ્સો સામે આવ્યો છે. રાજસ્થાનના રાજસમંદના એક વર્ષના બાળકને અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા નવા વર્ષ પૂર્વે નવજીવન બક્ષવામાં આવ્યું છે એમ ચોક્કસપણે કહી શકાય. ઘટનાની વિગતો એવી છે કે , રાજસ્થાનના રાજસમંદના રહેવાસી કાનસિંઘ રાવત અને સંતોષદેવી મધ્યમવર્ગીય પરિવારમાંથી આવે છે. તેમના ૧ વર્ષના બાળક લક્ષ્મણને થોડા દિવસો પહેલા અચાનક ખાંસી ઉધરસ સાથે શ્વાસ લેવામાં તકલીફ જણાઈ આવી. તેમણે તરત રાજસ્થાનના બ્યાવર અને અજમેરમાં બાળરોગ ડોક્ટર્સનો સંપર્ક કર્યો. સિટીસ્કેન કર્યા બાદ બાળકની હાલત જોતા ત્યાંના ડોક્ટર્સ દ્વારા બાળકને તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવા જણાવવામાં આવ્યું. બાળકને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યું ત્યારે તેની માતા દ્વારા બાળક ખાતા ખાતા કંઇક ગળી ગયું હતું અને ત્યારબાદ આ ખાંસી અને શ્વાસની તકલીફ શરૂ થઈ હતી, એવી શંકા વ્યક્ત કરવામાં આવી હતી. બાળકની ગંભીર હાલત જોઇને સિવિલ હોસ્પિટલ ખાતે હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ અને બાળરોગ સર્જરી વિભાગના વડા ડો. રાકેશ જોશી અને તેમની ટીમે જરા પણ વિલંબ કર્યા વિના બાળકની તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બાળકને રેસ્પિરેટરી ડીસ્ટ્રેસ તથા સબક્યુટેનિયસ એમ્ફીસેમા સાથે ન્યુમોમીડિયાસ્ટીનમ હોવાનું પ્રાથમિક તારણ જણાયું હતું. બાળકની હાલત ગંભીર જણાતા તાત્કાલિક ધોરણે બાળકની સર્જરી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. બાળકની બ્રોંક્રોસ્કોપી સર્જરી કરવામાં આવી. જેમાં બાળકના ફેફસામાં એક અજાણ્યો પદાર્થ જોવા મળ્યો, જે બાદમાં મકાઈનો દાણો હોવાનું સાબિત થયું. આમ, બાળક કોઈ ખાદ્ય પદાર્થ ગળી ગયો હોવાનો બાળકની માતાનો શક સાચો નીકળ્યો. સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ અને બાળરોગ સર્જન ડો. રાકેશ જોશી, વિભાગના ડો. રમીલા અને તેમની ટીમ દ્વારા સમય સૂચકતા દાખવીને તાત્કાલિક બાળકની સર્જરી હાથ ધરાવતા બાળકને ગંભીર હાલતમાંથી બહાર લાવીને તેનો જીવ બચાવી શકાયો. બાળકને ૪ દિવસની પોસ્ટ ઓપરેટિવ સારવાર આપ્યા બાદ અન્ય કોઈ તકલીફ ન જણાતાં ઈન્ટરકોસ્ટલ ટ્યૂબ દૂર કરીને રજા આપવામાં આવી.









સમાજ માટે આ એક ચેતવણીરૂપ કિસ્સો હોવાનું જણાવતાં ડો. રાકેશ જોશી કહે છે કે, મકાઈનો દાણો ભૂલથી બાળકની શ્વાસનળીમાં ફસાઈ ગયો હતો. જેના લીધે અચાનક બાળકનો શ્વાસોશ્વાસ વધી ગયો હતો. શ્વાસોચ્છવાસ એટલે સુધી વધી ગયો હતો કે બાળકના ફેફસામાં કાણું પડી ગયું હતું તથા શરીરમાં ચામડીની નીચે હવાનું પડ બની ગયું હતું. ફેફસામાં અને હૃદયની આજુબાજુમાં હવા ભરાઈ જતા બાળકની હાલત ગંભીર જણાતી હતી. બ્રોંક્રોસ્કોપી દ્વારા બાળકના ડાબા ફેફસામાં ફસાયેલો મકાઈનો દાણો બહાર કાઢવામાં આવ્યો. સર્જરી બાદ બાળક ધીમે ધીમે સ્વસ્થ થવા લાગ્યું.

દરેક નાના બાળકોના માતાપિતાએ આ બાબત ખૂબ જ ધ્યાનમાં રાખવા જેવી છે. નાના બાળકો શું ખાઈ રહ્યા છે અને ભૂલથી તેઓ આવી કોઈ વસ્તુના ગળી ના જાય એ બાબતે બાળકોના માતા પિતાએ સતત સાવચેત રહેવું જોઈએ, એમ તેમણે ઉમેર્યું હતું.

બાળકના પિતા કાનસિંઘ રાવત સિવિલ હોસ્પિટલ સ્ટાફનો આભાર માનતા જણાવે છે કે, ખરેખર અમદાવાદ સિવિલ હોસ્પિટલના ડોક્ટરોએ મારા બાળકને નવું જીવન આપ્યું છે. અત્યંત ગંભીર પરિસ્થિતિમાંથી ડોક્ટરોએ અમારા બાળકનો જીવ બચાવ્યો છે. દરેક માતાપિતાએ આવી ભૂલ તેમનું બાળક ન કરે તે ધ્યાન રાખવું જોઈએ.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### સુપ્રીમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# સગીરાની છેડતી અને શોષણના મામલે સમાધાનના આધારે FIR રદ ન કરી શકાય

## સુપ્રીમે રાજસ્થાન હાઈકોર્ટના એ આદેશને ફગાવી દીધો હતો, જેમાં શિક્ષકને સગીર વિદ્યાર્થીની જાતીય સતામણીના આરોપમાંથી રાહત આપવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।



સુપ્રીમ કોર્ટે રાજસ્થાન હાઈકોર્ટના એ આદેશને રદ કરી દીધો છે. જેમાં સમાધાનના આધારે જાતીય સતામણીના કેસ રદ કરી દેવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું કે ફરિયાદી અને આરોપી વચ્ચે સમાધાન થઈ ગયું હોવાના આધારે કોઈ પણ બળાત્કારના કેસને રદ કરી શકાય નહીં. જસ્ટિસ સીટી રવિકુમારે ચુકાદામાં કહ્યું કે વિવાદિત આદેશ રદ કરવામાં આવે છે. કોર્ટે કહ્યું છે કે કાયદા મુજબ એફઆઈઆર અને ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. અમારી પાસે કેસની યોગ્યતા પર કોઈ ટિપ્પણી નથી અને અમે એમીકસની સેવાઓની ખૂબ પ્રશંસા કરીએ છીએ. આ ગુનો નોન-કોમ્પ્રોમાઈઝિંગ કલમ હેઠળ છે. આવી સ્થિતિમાં હાઈકોર્ટનો આદેશ યોગ્ય નથી. સુપ્રીમ કોર્ટે રાજસ્થાન હાઈકોર્ટના એ આદેશને ફગાવી દીધો હતો, જેમાં એક શિક્ષકને સગીર વિદ્યાર્થીની જાતીય સતામણીના આરોપમાંથી રાહત આપવામાં આવી હતી. હાઈકોર્ટે શિક્ષક સામેનો કેસ રદ કર્યો હતો, જેને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધો હતો અને કેસ ફરી ચલાવવાનો આદેશ આપ્યો હતો. આ મામલો ૨૦૨૨નો રાજસ્થાનના ગંગાપુર શહેરનો છે. એક સગીર દલિત છોકરીએ સરકારી શાળાના શિક્ષક સામે જાતીય સતામણીનો આરોપ લગાવીને પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તદનુસાર, કેસ નોંધવામાં આવ્યો હતો અને તેમાં POCSO એક્ટ અને SC/ST (અત્યાચાર નિવારણ) એક્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. સગીરાનું નિવેદન પણ નોંધવામાં આવ્યું હતું. જોકે, આરોપી શિક્ષક વિમલ કુમાર ગુપ્તાએ યુવતીના પરિવારનું સ્ટેમ્પ પેપર પર નિવેદન લીધું હતું. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તેમણે ગેરસમજને કારણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી અને હવે તે શિક્ષક સામે કોઈ કાર્યવાહી કરવા ઈચ્છતો નથી. પોલીસે આ વાત સ્વીકારી અને રિપોર્ટ દાખલ કર્યો પરંતુ નીચલી કોર્ટે આ નિવેદનને ફગાવી દીધું. આ પછી આરોપીએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો, ત્યારબાદ હાઈકોર્ટે અરજી સ્વીકારી અને FIR રદ કરવાનો આદેશ કર્યો હતો. સામાજિક કાર્યકર્તા રામજી લાલ બૈરવાએ હાઈકોર્ટના આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. જસ્ટિસ સીટી રવિકુમાર અને જસ્ટિસ પીવી સંજય કુમારની બેન્ચે હાઈકોર્ટના નિર્ણયને પલટી નાખ્યો અને આરોપી શિક્ષક સામે કાર્યવાહીનો રસ્તો સાફ કરી દીધો હતો.

### ખાલિસ્તાનીઓ સાથેની અથડામણ બાદ નિર્ણય

# કેનેડામાં ભડકાઉ અને હિંસક ભાષણનો આરોપ, મંદિરે પૂજારીને હાંકી કાઢ્યા

## કેનેડાના બ્રેમ્પટનના એક પૂજારી પર 3 નવેમ્બરે મંદિરમાં થયેલી અથડામણ દરમિયાન ભડકાઉ અને હિંસક નિવેદનબાજી ફેલાવવાનો આરોપ લાગ્યો હતો

। (એજન્સી) બ્રેમ્પટન, તા.૭ ।



કેનેડાના બ્રેમ્પટનના એક હિન્દુ મંદિરના પૂજારીને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ પૂજારી પર ૩ નવેમ્બરે મંદિરમાં થયેલી અથડામણ દરમિયાન હિંસક નિવેદનબાજી ફેલાવવાનો આરોપ લાગ્યો હતો. અથડામણ દરમિયાન હિન્દુ સભા મંદિરની બહાર દેખાવકારોએ ખાલિસ્તાની ઝંડા લહેરાયા હતાં. ભારતીય અધિકારીઓની હાજરીમાં આયોજિત કોન્સ્યુલર કાર્યક્રમ દરમિયાન હિન્દુ સભા મંદિરની બહાર હિંસક દ્રશ્ય જોવા મળ્યા હતાં. બ્રેમ્પટનના મેયર પેટ્રિક બ્રાઉને પૂજારીના કૃત્યની ટીકા કરતાં કહ્યું કે, કેનેડાના મોટાભાગના શીખ અને હિન્દુ સદ્ભાવનાથી રહે છે અને હિંસા સહન નથી કરતાં. બ્રાઉને પોતાના એક્સ એકાઉન્ટ પર પોસ્ટ કરી કહ્યું, 'કેનેડાના શીખ અને હિન્દુ લોકોનો વિશાળ બહુમત સદ્ભાવનાથી રહેવા ઈચ્છે છે અને હિંસા સહન નથી કરતા. હિન્દુ સભા મંદિરના અધ્યક્ષ મધુસૂદન લામાએ હિંસક નિવેદન કરનાર પંડિતને સસ્પેન્ડ કરી દીધા છે. ઓંટારિયો શીખ અને ગુરૂદ્વારા પરિષદે રવિવારે રાત્રે હિન્દુ સભામાં થયેલી હિંસાની ટીકા કરી છે.' મેયરે વધુમાં કહ્યું, 'યાદ રાખો કે આપણને વિભાજિત કરી શકાય તેવી વસ્તુઓ કરતાં આપણામાં સમાનતા વધારે છે. તણાવપૂર્ણ સમયમાં આપણે દેખાવકારોની વિભાજનની નીતિમાં કોઈને પણ આગમાં ઘી હોમવા ન દઈ શકીએ. જી.ટી.એ માં શીખ અને હિન્દુ બંને સંપ્રદાયનું નેતૃત્વ વિભાજન, નફરત અને હિંસા નથી ઈચ્છતું. હું સંપ્રદાયના તમામ લોકોને હિંસા અને નફરતનો જવાબ ન આપવા વિનંતી કરૂ છું. કાયદો જાળવનારી સંસ્થાઓ આવા લોકોને જવાબ આપશે. આ તેમનું કામ છે. આપણે એવો દેશ બનાવીને રાખવાનો છે, જ્યાં કાયદાનું શાસન ચાલે છે.' આ ઘટનાની દુનિયાભરમાં વ્યાપક રૂપે નિંદા કરવામાં આવી છે, જેમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો પણ સામેલ છે. ટ્રુડોએ કેનેડાની ધર્મ સ્વતંત્રતા અને સુરક્ષિત રીતે પાલન કરવાના અધિકાર પર ભાર મૂક્યો. હિંસક અથડામણ બાદ બ્રેમ્પટનમાં તણાવ ખૂબ જ વધી ગયો છે. સંઘર્ષ ત્યારે શરૂ થયો જ્યારે ખાલિસ્તાની ઝંડા લઈને આવેલા દેખાવકારોએ મંદિરના અધિકારીઓ અને ભારતીય કોન્સ્યુલેટ દ્વારા સંયુક્ત રીતે આયોજિત કોન્સ્યુલર કાર્યક્રમમાં અડચણ ઉભી કરી હતી. સોશિયલ મીડિયા પર વાઈરલ વીડિયોમાં મંદિર પરિસરમાં ઝપાઝપીના દ્રશ્યો જોવા મળ્યા હતાં. જેમાં હિન્દુઓ પર દંડાથી હુમલા કરનાર લોકો પણ જોવા મળ્યા હતાં.

### ન્યૂઝ બ્રિફ

## હોમ લોન અને કાર લોનના EMI અંગે શું લેવાયો નિર્ણય?

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

જો તમે પણ હોમ લોન કે કાર લોનની EMI ઓછી થવાની અપેક્ષા રાખી રહ્યા છો, તો અત્યારે તમારે લાંબો સમય રાહ જોવી પડશે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના ગવર્નર શશિકાંત દાસે સ્પષ્ટતા કરી છે કે ઊંચા ફુગાવાના દરને ધ્યાનમાં રાખીને RBI હાલમાં વ્યાજ દરોમાં કોઈ ઘટાડો કરશે નહીં. ફુગાવાને જોતા વ્યાજદરમાં ઘટાડો કરવાના કોઈ સંકેત નથી. આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરે તે પછી જ બેંકો હોમ લોન, કાર લોન અને એજ્યુકેશન લોન પરના વ્યાજ દર ઘટાડવાનો નિર્ણય કરે છે. ગવર્નર શશિકાંત દાસે જણાવ્યું હતું કે ઑક્ટોબરમાં ફુગાવાના દરમાં વધારો થવાની ધારણા છે. આથી ફુગાવો વધુ હોવાથી વ્યાજદર ઘટાડી શકાય નહિ. RBIએ છેલ્લા ૨ વર્ષમાં વ્યાજ દરમાં ઘટાડો કર્યો નથી. જો કે ઑક્ટોબરમાં યોજાયેલી નાણાકીય નીતિની બેઠક દરમિયાન કેટલાક ફેરફારોની અપેક્ષા રાખવામાં આવી હતી, પરંતુ આરબીઆઈ ગવર્નરે પહેલેથી જ સ્પષ્ટ કરી દીધું છે કે અત્યારે વ્યાજ દર જે છે તે જ રહેશે. અહીં નવેમ્બર ૨૦૨૪ સુધી ભારતની મુખ્ય બેંકો દ્વારા લેવામાં આવતા ઘર, કાર અને શિક્ષણ લોનના વ્યાજ દરો છે.

## SBI અને PNB સહિતના અરજદારોને સુપ્રીમ કોર્ટની રાહત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

સુપ્રીમ કોર્ટે બંધ પડેલી એરલાઈન્સ કંપની જેટ એરવેઝ મામલે સુનાવણી કરતી વખતે મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે વિશેષ બંધારણ શક્તિનો ઉપયોગ કરીને જેટ એરવેઝની સંપત્તિઓ વેંચવાનો આદેશ આપ્યો છે. મુખ્ય ન્યાયાધીશ ડી.વાય.ચંદ્રચૂડ, ન્યાયાધીશ જે.પી.પારડીવાલા અને ન્યાયાધીશ મનોજ મિશ્રાની બેંચે જેટ એરવેઝની સમાધાન યોજનાને યથાવત્ રાખી છે અને સંપત્તિ જાલન કાલરોક કન્સોર્ટિયમ (JKC)ને સ્થાનાંતરિત કરવાના નેશનલ કંપની લો એપેલેટ ટ્રિબ્યુનલ (NCLT)ના આદેશને રદ કરી દીધો છે. ન્યાયાધીશ પારડીવાલાએ એનસીએલટીના નિર્ણય વિરુદ્ધનો ચુકાદો આપી એસબીઆઈ તથા અન્ય ધિરાણકર્તાઓની અરજી સ્વિકારી લીધી છે. અરજીમાં જેટ એરવેઝની સંપત્તિ જેકેસીને સ્થાનાંતરિત કરવાની યોજનાને યથાવત્ રાખવાના નિર્ણયનો વિરોધ કરવામાં આવ્યો છે. કોર્ટે કહ્યું છે કે, એરલાઈન્સ કંપનીનું લિક્વિડેશન લેણદારો, શ્રમિકો અને અન્ય હિતધારકોના હિતમાં છે. કંપનીની સંપત્તિ લિક્વિડેશનની પ્રક્રિયા હેઠળ વેચીને દેવાની ચુકવણી કરી શકાશે.

### ભારત સરકારે વધતા પ્રદૂષણને રોકવા લીધો નિર્ણય

# હવે જો ખેતરમાં પરાળ સળગાવી તો ભારે પડી જશે: ભારત સરકાર

## જો કોઈ વ્યક્તિ ૫ એકરથી વધુ જમીન પર પરાળ સળગાવતા પકડાશે, તો તેને ૩૦,૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।



ભારત સરકારે વધતા પ્રદૂષણની સમસ્યાને રોકવા માટે એક મોટું પગલું ભર્યું છે. સરકારે પરાળ સળગાવવાના દંડમાં વધારો કર્યો છે. માહિતી અનુસાર, પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે, ભારત સરકારે બે એકરથી ઓછી જમીન પર પરાળ સળગાવવા પર ૫૦૦૦ રૂપિયા અને બે એકરથી વધુ જમીન પર ૧૦૦૦૦ રૂપિયાના દંડની જોગવાઈ કરી છે. ભારત સરકારે આ અંગે ગેઝેટ નોટિફિકેશન પણ બહાર પાડ્યું છે. આ નોટિફિકેશનમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે, જો કોઈ ૨ થી ૫ એકરમાં પરાળ સળગાવતું પકડાશે તો તેના પર ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે. તો બીજી તરફ, જો ૫ એકરથી વધુ જમીન પર પરાળ સળગાવતા પકડાશે તો ૩૦,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલવામાં આવશે. આ અગાઉ, દંડ અનુક્રમે ૨,૫૦૦, ૫,૦૦૦ અને ૧૫,૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકારે બુધવારે જ (૬ નવેમ્બર ૨૦૨૪) ના રોજ પરાળ સળગાવવા માટે દંડ વધારવાનો નિર્ણય લીધો હતો, પરંતુ તેનું નોટિફિકેશન ગુરુવારે એટલે કે ૭ નવેમ્બરે જારી કરવામાં આવ્યું હતું. આ સિવાય એન્વાયર્નમેન્ટ પ્રોટેક્શન એક્ટ (EPA), ૧૯૮૬ હેઠળ ફરિયાદ દાખલ કરવા અને તપાસ કરવા જેવી બાબતોમાં નવા નિયમો ઉમેરવામાં આવ્યા છે. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, નેશનલ કેપિટલ રિજન એન્ડ એડજોઈંગ એરિયાઝ એક્ટ, ૨૦૨૧માં એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશન હેઠળ સુધારેલા નિયમોને સૂચિત કરવામાં આવ્યા છે અને ડ્રાફ્ટ પર જાહેર પરામર્શ વિના તરત જ અમલમાં આવશે. આ ઉપરાંત, સરકારે પર્યાવરણ સુરક્ષા (તપાસની પદ્ધતિ અને દંડ લાદવાની પદ્ધતિ) નિયમો, ૨૦૨૪ સંબંધિત સૂચના પણ બહાર પાડી છે.

### ૭ મહિલા પોલીસકર્મીનો લેટર બોમ્બ

## પ્રમોશનના બહાને અમારી લાજ લૂંટવા માગે છે આઈપીએસ ઓફિસર

। (એજન્સી) જીંદ, તા.૭ ।

હરિયાણાના જીંદ જિલ્લામાં તૈનાત મહિલા પોલીસકર્મીઓએ જિલ્લામાં તૈનાત IPS અધિકારી પર યૌન શોષણનો આરોપ લગાવ્યો છે. આ બાબતે મહિલા પોલીસ કર્મચારીઓએ સીએમ નાયબ સિંહ સૈનીને પત્ર લખીને આ બાબતે જાણકારી હતી. તેમાં ૭ મહિલા પોલીસકર્મીઓની સહી હતી. જ્યારે આ પત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થયો, ત્યારે સરકાર એક્શનમાં આવી ગઈ અને તપાસના આદેશ આપ્યા હતા. આ કેસની નોંધ લેતા હરિયાણા રાજ્ય મહિલા આયોગે એસપી સુમિત કુમારને સમન્સ પાઠવ્યા હતા. તેને ફરીદાબાદ NIT ઓફિસમાં બોલાવ્યો અને તેનું નિવેદન નોંધ્યું. સાત મહિલા પોલીસ કર્મીઓએ ઈમેઈલ મારફત મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની, એડીજીપી અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓને પત્ર લખ્યા હતા. જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે, એસએચઓ, ડીએસપી અને આઈપીએસ અધિકારી સાથે મળી હનીટ્રેપ અને સેક્સ રેકેટ ચલાવી રહ્યા છે. આ એસએચઓ અને ડીએસપી બંને મહિલાઓ છે. જીંદમાં મહિલા પોલીસ કર્મચારીઓના યૌન શોષણના મામલામાં મહિલા આયોગ આજે બીજી વખત સુનાવણી કરવા જઈ રહ્યું છે. ૩૦ ઓક્ટોબરે પંચે આ કેસના તપાસ અધિકારી એસપી આસ્થા મોદીને બોલાવ્યા હતા. જોકે, તેમણે તેમની જગ્યાએ ડીએસપીને મોકલી તપાસ રિપોર્ટ રજૂ કર્યો હતો.

### સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ શેર કરી આરોપ

# મારી છબી બગાડવા માટે ભાજપે પુષ્કળ પૈસા ખર્ચ્યા : હેમંત સોરેન

## ઝારખંડના મુખ્યમંત્રીના ડબલ એન્જિન સરકાર પર પ્રહાર

। (એજન્સી) રાંચી, તા.૭ ।



ઝારખંડમાં વિધાનસભા ચૂંટણી પહેલાં ઝારખંડ મુક્તિ મોરચા અને ભાજપ વચ્ચે તણાવ વધી રહ્યો છે. મુખ્યમંત્રી હેમંત સોરેને સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ શેર કરીને કહ્યું કે, 'જો હિંમત હોય તો સામે આવીને લડો- કાયરની જેમ પાછળથી વાર કેમ કરો છો?' સોરેને સમાચારની હેડલાઈન પણ પોસ્ટ કરી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, તેમની છબી ખરાબ કરવા માટે ખૂબ પૈસા ખર્ચવામાં આવ્યા છે. પોસ્ટમાં હેમંત સોરેને કહ્યું કે, ક્યારેક ઈડી, ક્યારેક સીબીઆઈ, ક્યારેક બીજી કોઈ એજન્સી અને ક્યારેક કોઈક બીજું. હવે મારી છબી ખરાબ કરવા માટે અરબો રૂપિયા ખર્ચ કરવામાં આવી રહ્યાં છે. અજીબ સ્થિતિ છે.' સોરેને ભાજપની 'ડબલ એન્જિન' સરકાર પર પ્રહાર કરતાં કહ્યું કે, સરકાર પાસે રાજ્યમાં લગભગ પાંચ વર્ષ પહેલાં સત્તા હતી અને તેઓએ શાળાઓ બંધ કરી દીધી. ઘણાં લોકોના રાશન કાર્ડ રદ કરી દીધાં. ઝારખંડ લોક સેવા આયોગ (જેપીએસસી)ની પરીક્ષાઓનું પણ આયોજન ન કર્યું. ભાજપ સરકાર લગભગ ૧૧ વર્ષથી કેન્દ્ર અને પાંચ વર્ષથી રાજ્ય સત્તામાં રહી. પોતાને ડબલ એન્જિનની સરકાર કહે છે. તો પછી રઘુવર સરકારે પાંચ વર્ષમાં ૧૩ હજાર શાળાઓ બંધ કેમ કરી દીધી? સોરેને ભાજપ પર આરોપ લગાવતાં કહ્યું કે, ભાજપના શાસનમાં પાંચ વર્ષમાં ૧૧ લાખ રાશન કાર્ડ રદ કરી દેવાયા છે. આ દરમિયાન જેપીએસસીની પરીક્ષાઓનું આયોજન નથી કરવામાં આવ્યું. ભાજપે વિધવા પેન્શનને પણ નથી વધારી. ભાજપ શાસનમાં પાંચ વર્ષમાં રાજ્યમાં અનેક લોકો ભૂખથી કેમ મૃત્યુ પામ્યા? પાંચ વર્ષમાં યુવાનોને સાઈકલ રિપેર કરવા અને કેળા વેચવાની સલાહ કેમ આપવામાં આવી? સોરેને વધુમાં કહ્યું કે, જો અમારી સરકાર ચૂંટાય છે, તો લોકો અમે ઝારખંડના દરેક વ્યક્તિના હિતમાં કામ કરતા રહીશું.

### રાજસ્થાનના ડેપ્યુટી સીએમએ રાહુલ પર નિશાન સાધ્યું

# દિયા કુમારીએ રાહુલ પર રાજવી પરિવારોની છબી ખરાબ કરવાનો આરોપ લગાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૭ ।



મીડિયામાં પ્રકાશિત થયેલા રાહુલ ગાંધીના લેખને લઈને રાજકીય હંગામો શરૂ થઈ ગયો છે. કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને રાજસ્થાનના ડેપ્યુટી સીએમ દિયા કુમારીએ રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. તેમણે ગાંધી પર રાજવી પરિવારોની છબી ખરાબ કરવાનો આરોપ લગાવ્યો હતો. સિંધિયાએ કહ્યું કે રાહુલ ગાંધીએ પહેલા ભારત માતાનું અપમાન કરવાનું બંધ કરવું જોઈએ. દિયા કુમારીએ કહ્યું કે રાહુલ ગાંધી સમાજમાં ભાગલા પાડવા માંગે છે. રાહુલ ગાંધીના લેખ પર રાજસ્થાનના ડેપ્યુટી સીએમ દિયા કુમારીએ કહ્યું કે રાહુલ ગાંધીએ તેમના લેખમાં જે લખ્યું છે તેની હું સખત નિંદા કરું છું. તેણે લખ્યું છે કે રાજવી પરિવારોએ લાંચ લીધી હતી. એવું લાગે છે કે તેને ઈતિહાસનું કોઈ જ્ઞાન નથી. તેઓએ જ્ઞાન એકત્રિત કરવું જોઈએ. તેઓ સાંસદ છે. તેણે આમ કરતા પહેલા તમામ તથ્યો એકત્રિત કરવા જોઈતા હતા. પણ તેણે તેમ કર્યું નહિ. રાજવી પરિવારોના યોગદાનને દરેક વ્યક્તિ જાણે છે. જ્યારે સરદાર વલ્લભભાઈ પટેલના આહ્વાન પર ભારતનું એકીકરણ થયું ત્યારે તમામ ભૂતપૂર્વ રાજવી પરિવારો આગળ આવ્યા અને કહ્યું કે તેઓ સાથે મળીને એક નવા ભારતનું નિર્માણ કરશે. મને લાગે છે કે રાહુલ ગાંધી કાં તો આ જાણતા નથી અથવા તેઓ જાણી જોઈને રાજવી પરિવારોની છબીને નુકસાન પહોંચાડવા માંગે છે. તેઓ સમાજમાં ભાગલા પાડવા માંગે છે, આ તેમની આદત રહી ગઈ છે. તેમની પાર્ટીએ હંમેશા સમાજ અને જાતિઓમાં ભાગલા પાડ્યા છે. આ તેનું બીજું ઉદાહરણ છે. હું આની સખત નિંદા કરું છું. તેઓએ પહેલા ઈતિહાસનું જ્ઞાન મેળવવું જોઈએ, હકીકતો જાણવી જોઈએ અને પછી આવી ક્ષુલ્લક ટિપ્પણી કરવી જોઈએ. કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ બુધવારે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા. વાસ્તવમાં, રાહુલ ગાંધીએ તેમના એક લેખમાં વર્તમાન કારોબાર અને બજાર સંબંધિત તેમના વિચારો શેર કર્યા હતા. જેમાં તેમણે એનડીએ સરકારની પણ ટીકા કરી હતી. હવે જ્યોતિરાદિત્ય સિંધિયાએ રાહુલ ગાંધીના આ લેખ પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું, નફરત ફેલાવનારાઓને ભારતીય ગૌરવ અને ઈતિહાસ પર પ્રવચન આપવાનો કોઈ અધિકાર નથી. ભારતના સમૃદ્ધ વારસા વિશે રાહુલ ગાંધીની અજ્ઞાનતા અને તેમની સંસ્થાનવાદી માનસિકતાએ તમામ હદ વટાવી દીધી છે. સિંધિયાએ વધુમાં કહ્યું કે જો તમે રાષ્ટ્રને ઉત્થાન આપવાનો દાવો કરો છો તો ભારત માતાનું અપમાન કરવાનું બંધ કરો અને મહાદજી સિંધિયા, યુવરાજ બીર ટિકેન્દ્રજીત, કિત્તુર ચેન્નમ્મા અને રાની વેલુ નાચિયાર જેવા સાચા ભારતીય નાયકો વિશે જાણો જેમણે આપણી આઝાદી માટે લડાઈ લડી હતી. ઉલ્લેખનીય છે કે, બુધવારે રાહુલ ગાંધીએ X પર પોતાનો લેખ શેર કર્યો હતો. થોડી જ વારમાં રાહુલ ગાંધીના લેખને લઈને હોબાળો શરૂ થઈ ગયો છે. રાહુલ ગાંધીએ લખ્યું કે ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તેની બિઝનેસ પાવરથી નહીં પરંતુ તેના પ્રભાવથી ભારતના અવાજને કચડી નાખ્યો હતો. કંપનીએ રાજા-મહારાજાઓને ડરાવી દીધા હતા.

### ચૂંટણી ઢંઢેરામાં ઉદ્ધવ ઠાકરેએ કર્યો મોટો વાયદો

# અદાણીનો કરોડોનો પ્રોજેક્ટ રદ કરી નાખીશ : ઉદ્ધવ ઠાકરે

## તમામ વિદ્યાર્થીઓને મફત શિક્ષણ અને આવશ્યક ચીજ વસ્તુઓના ભાવને સ્થિર કરવાનું આશ્વાસન આપ્યું : મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।



મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને શિવસેના (UBT)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે પોતાની પાર્ટીનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. આ ચૂંટણી ઢંઢેરામાં તમામ વિદ્યાર્થીઓને મફત શિક્ષણ અને આવશ્યક ચીજવસ્તુઓના ભાવને સ્થિર કરવાનું આશ્વાસન આપ્યું છે. આ સાથે જ ઠાકરેએ પોતાના ચૂંટણી ઢંઢેરામાં અદાણી ગ્રુપને આપવામાં આવેલા ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટને પણ રદ કરી નાખવાનો વાયદો કર્યો છે. ઠાકરેએ કહ્યું કે, મોટા ભાગના ચૂંટણી વાયદા વિપક્ષી ગઠબંધન મહાવિકાસ અઘાડી (MVA)ના ચૂંટણી ઢંઢેરાનો હિસ્સો છે, પરંતુ કેટલાક મુદ્દા છે જેના પર વિશેષ ધ્યાન આપવાની જરૂરત છે. તેમણે કહ્યું કે, શિવસેના, કોંગ્રેસ અને શરદ પવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP) વાળું MVA ગઠબંધન ૨૦ નવેમ્બરના રોજ યોજાનારી રાજ્ય વિધાનસભાની ચૂંટણી માટે પણ પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કરશે. ઠાકરેએ આશ્વાસન આપ્યું કે, જે રીતે રાજ્યમાં વિદ્યાર્થિનીઓને સરકારની નીતિ પ્રમાણે મફત શિક્ષણ મળી રહ્યું છે, જો MVA સત્તામાં આવશે તો તેને તમામ વિદ્યાર્થીઓ માટે પણ લાગુ કરી દેવામાં આવશે. MVA આવશ્યક ચીજવસ્તુઓના ભાવ પણ સ્થિર રાખશે. 'ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંગે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, તેને રદ કરી દેવામાં આવશે, કારણ કે તેની મુંબઈ પર ખરાબ અસર પડશે. ઝડપથી થઈ રહેલા શહેરીકરણને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર અને મુંબઈમાં પણ હાઉસિંગ પોલિસી બનાવવામાં આવશે. જો સ્ફછ સત્તામાં આવશે તો તે કોલીવાડા અને ગૌથાણોના ક્લસ્ટર વિકાસને રોકી દેશે અને એ રહેવાસીઓને વિશ્વાસમાં લીધા પછી કરવામાં આવશે.' શિવસેના પ્રમુખે એમ પણ કહ્યું કે અમારી પાર્ટી રોજગાર નિર્માણ માટે કામ કરશે. ઠાકરેએ વિપક્ષના રાજકીય ષડયંત્રો અને અફવાઓ ફેલાવવા પર કહ્યું કે, 'હું ચૂંટણી પ્રચાર માટે મુંબઈની બહાર જઈ રહ્યો છું, તેથી જો હું મુંબઈમાં મહા વિકાસ અઘાડીની આગામી પ્રેસ કોન્ફરન્સમાં સામેલ ન થઈ શકું તો મહેરબાની કરીને એમ ન માનશો કે ગઠબંધન તૂટી ગયું છે. અમે અત્યાર સુધી અમારા તમામ વાયદાઓ પૂરા કર્યા છે.

## તંત્રી લેખ...

# કેનેડામાં અનેક કેમ્પ રદ કરી શકે છે ભારત

ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો દિવસેને દિવસે બગડી રહ્યા છે. આ ક્રમમાં, ટોરોન્ટોમાં ભારતીય કોન્સ્યુલેટ જનરલે તેના કેટલાક સુનિશ્ચિત કોન્સ્યુલર કેમ્પ્સ રદ કર્યા છે. તેની પાછળનું કારણ કેનેડા દ્વારા પૂરતી સુરક્ષા ન આપવાનું કહેવામાં આવ્યું છે. ભારતીય દૂતાવાસે આ અંગે જણાવ્યું હતું કે, સુરક્ષા એજન્સીઓએ સમુદાય શિબિરના આયોજકોને ન્યૂનતમ સુરક્ષા આપવામાં અસમર્થતા દર્શાવી છે. જેના કારણે અમારે અમારા કાર્યક્રમો રદ કરવા પડ્યા છે. ભારતીય વાણિજ્ય દૂતાવાસ દ્વારા સંયુક્ત રીતે આયોજિત કોન્સ્યુલર કાર્યક્રમમાં ખાલિસ્તાની ધ્વજ સાથેના વિરોધીઓએ બ્રામ્પટનમાં હિન્દુ સભા મંદિર પર હુમલો કર્યો હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. ૩ નવેમ્બરના રોજ, બ્રામ્પટનમાં હિન્દુ સભા મંદિરમાં વિરોધ થયો હતો અને સોશિયલ મીડિયામાં તેનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં વિરોધીઓ ખાલિસ્તાનના સમર્થનમાં બેનરો પકડીને જોઈ શકાય છે. વિરોધીઓએ લોકો પર હુમલો કર્યો અને કોન્સ્યુલેટની કામગીરીમાં વિક્ષેપ પાડ્યો. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક નિવેદનમાં વડા પ્રધાન મોદીએ હિંદુ મંદિર પરિસરમાં હિંદુઓ વિરુદ્ધ ખાલિસ્તાન તરફી કટ્ટરપંથીઓની હિંસાની નિંદા કરી હતી. ઠ પર એક પોસ્ટમાં, તેણે તેને હિંદુ મંદિર પર 'ઈરાદાપૂર્વકનો હુમલો' ગણાવ્યો. ઓટાવામાં ભારતના હાઈ કમિશને જણાવ્યું હતું કે અનેક અવરોધો છતાં ૧૦૦૦ થી વધુ જીવન પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા છે. જો કે, હાઈ કમિશને કહ્યું કે ભવિષ્યમાં આવા કેમ્પનું આયોજન કેનેડિયન સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવેલી સુરક્ષા વ્યવસ્થા પર નિર્ભર રહેશે. જ્યારે પરિસ્થિતિ અશક્ય હશે ત્યારે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવશે. હાઈ કમિશને કહ્યું કે દુર્ભાગ્યવશ કેનેડિયન સુરક્ષા એજન્સીઓના અસહકારને કારણે સ્થાનિક વપરાશકર્તાઓને આ સુવિધાઓથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. નવેમ્બરમાં આવા ૧૦ કોન્સ્યુલર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલમાં કેટલા શિબિરો રદ કરવામાં આવી છે તે જાણી શકાયું નથી. આ શિબિરો ટોરોન્ટો એરિયામાં બ્રેમ્પટન અને મિસીસૌગામાં મંદિરો અને ગુરુદ્વારા, ઓન્ટેરિયોમાં વિન્ડસર, ઓકવિલે, લંડન અને કિચનર અને નોવા સ્કોટીયામાં હેલિફેક્સ શહેરો સહિત અનેક સ્થળોએ સુનિશ્ચિત કરવામાં આવી હતી. રવિવારના હુમલા બાદ તણાવ વધુ વધ્યો છે કારણ કે તેનાથી હિંદુ સમુદાયમાં રોષ ફેલાયો છે. હુમલાના વિરોધમાં સોમવારે લગભગ ૫,૦૦૦ ઈન્ડો-કેનેડિયનોએ રેલી કાઢી હતી પરંતુ કેનેડિયન પોલીસે આખરે તેને ગેરકાયદેસર જાહેર કરીને વિખેરી નાખ્યું હતું. બીજી તરફ, પીલ પ્રાદેશિક પોલીસે એક ઓફ-ડ્યુટી અધિકારીને સસ્પેન્ડ કર્યા છે જ્યારે ખાલિસ્તાન તરફી વિરોધમાં ભાગ લેવા બદલ ચાર લોકોની ધરપકડ કરી છે.

## ખાનગી ક્ષેત્રના કર્મીઓનાં હિતોની પણ ચિંતા કરે સરકાર

થોડા દિવસ પહેલાં કેન્દ્ર સરકારે એંસી વર્ષથી વધુ ઉંમરના પોતાના પેન્શનધારીઓના અનુકંપા ભથ્થામાં ૨૦ થી ૧૦૦ ટકાની વૃદ્ધિ કરવાની જાહેરાત કરી. આ વધારાનું પેન્શન હશે. સરકારનો આ નિર્ણય ચકિત કરનારો છે. આખરે તે આટલી દયાળુતા કેમ દેખાડી રહી છે? શું તેણે એવું કોઈ અધ્યયન કર્યું કે ૮૦ વર્ષથી વધુ ઉંમરના સેવાનિવૃત્ત સરકારી કર્મીઓની આર્થિક હાલત સારી નથી? આ ઉંમર સુધી આવતાં આવતાં તો લોકોની જરૂરિયાતો ન્યૂનતમ થઈ જાય છે, પછી અનુકંપા ભથ્થામાં આટલો વધારો કેમ? એમ તો માનવીય દૃષ્ટિકોણથી વિચાર કરીએ તો બુઝુર્ગો, દિવ્યાંગો અને ગરીબોની ચિંતા કરવી દરેક કલ્યાણકારી સરકારની જવાબદારી છે અને સરકારો તેને પોતાના સામર્થ્ય પ્રમાણે પૂરી પણ કરી રહી છે, પરંતુ જ્યારે ખુશહાલીના માપદંડ પર આપણી સ્થિતિ બહુ સારી નથી, ત્યારે આપણે પહેલાં નવયુવાન પેઢી, નવજાત બાળકો, તેમની માતાઓ અને મજૂરોની ચિંતા કરવી જોઈએ, નહિ કે એ બુઝુર્ગોની, જેમનું જીવન સરકારી નોકરીમાં પહેલેથી જ તમામ માપદંડો પર સામાન્ય માણસ કરતાં ક્યાંય વધુ સારું છે. સરકારી નોકરીમાં રહેતાં કર્મચારીઓને કેટલીય સુવિધાઓ મળે છે. રિટાયરમેન્ટ બાદ પણ તેમને સારું એવું પેન્શન મળે છે. હાલમાં જ સરકારે ત્રણ ટકા મોંઘવારી ભથ્થું વધારી આપ્યું છે. તમામ સરકારી કર્મચારીઓને મેડિકલ સુવિધાઓ મફતમાં મળે છે. રેલવે અને કેટલાક અન્ય વિભાગોમાં રિટાયરમેન્ટ બાદ કર્મચારીઓને મુસાફરી માટે સરકારી પાસ, તો રક્ષા અને બીજી નોકરીઓમાં રાહત દરે સામાન વગેરે મળે છે. નોકરીમાં રહેતાં તેમને સરકારી ઘર, ઓફિસ આવવા-જવા માટે કાર વગેરેની સુવિધા, યાત્રા ભથ્થું, લીવ એક્રેશમેન્ટ, બોનસ વગેરે મળે છે. કેન્દ્રીય સેવાઓમાં લગભગ ૩૫ લાખ સરકારી કર્મચારી અને ૭૦ લાખ પેન્શનધારી છે. મેડિકલ અને બીજી સુવિધાઓને કારણે આજે લોકોની સરેરાશ ઉંમર વધી રહી છે. એ જ કારણ છે કે સરકારી બજેટમાં પેન્શનધારકોનો બોજ હાલના સરકારી કર્મચારીઓ કરતાં લગભગ બેગણો છે. આ બધાં કારણોસર ૨૦૦૪માં બધાની સહમતિથી જૂની પેન્શન યોજનાને બદલે નવી પેન્શન યોજના લાગુ કરવામાં આવી હતી. તેના પ્રત્યે અસંતોષને જોતાં સરકાર સરકારી કર્મીઓ માટે યુનિફાઇડ પેન્શન યોજના લાવી છે. એક સારી લોક કલ્યાણકારી સરકાર એ હોય છે જે દેશના દરેક નાગરિકની ચિંતા કરે. આ દેશમાં ખાનગી ક્ષેત્રમાં આખી ઉંમર વિતાવી દીધા બાદ પણ કરોડો કર્મચારીઓ માટે સંતોષજનક ન્યૂનતમ પેન્શનની સુવિધા ઉપલબ્ધ નથી. આ કર્મીઓનું ન્યૂનતમ પેન્શન માત્ર એક હજાર રૂપિયા છે. આખરે ખાનગી ક્ષેત્રના કર્મીઓને સરકારી કર્મીઓ જેવું પેન્શન કેમ ન મળી શકે? સરકારી કર્મચારી તો દેશમાં માંડ એક ટકા છે. તો ૯૯ ટકા જનતાને આપવા માટે સરકાર પાસે શું છે? આજે ખેડૂતો ગામ છોડીને શહેરોમાં મજૂર બનવા માટે અભિશપ્ત છે. શું સરકાર પાસે ઘરોમાં કામ કરનારી મહિલાઓ માટે કોઈ યોજના છે? ગત દિવસોમાં સમાચાર આવ્યા કે સરકાર પોતાની મહિલા કર્મચારીઓ માટે પણ દર મહિને ઋતુચક્ર પર રજાનો વિચાર કરી રહી છે. શું ખાનગી કંપનીઓ પોતાને ત્યાં કામ કરનારી મહિલાઓને આવી રજાઓ આપશે? સરકારી સેવાઓમાં કાર્યરત મહિલાઓ માટે ૨૦ વર્ષ પહેલાં ચાઈલ્ડ કેર લીવ શરૂ થઈ હતી. તે પોતાના ૧૮ વર્ષ સુધીના બાળકોના ભણતર વગેરે માટે બે વર્ષ સુધી વેતન અને સુવિધાઓ સાથે ઘરે રહી શકે છે. હવે પિતાને પણ કેટલીક રાજ્ય સરકારો રજા આપવા લાગી છે. પહેલાં માતૃ અવકાશ ત્રણ મહિનાનો મળતો હતો, હવે સરકારી કર્મચારીઓને છ મહિના મળે છે, જ્યારે મજૂર મહિલાઓનાં બાળકો સડકો અને પાર્કોમાં ગરમી અને વરસાદમાં રખડતાં રહે છે.

**સંત શ્રી જલારામબાપાનો જન્મ ઇ.સ. વિક્રમ સંવત ૧૮૫૬ની કારતક સુદ સાતમે લોહાણા સમાજના ઠક્કર કુળમાં થયો હતો**

# જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતી પર તેમને યાદ કરીએ, એમના ચરિત્રમાંથી ભૂખ્યાને ભોજનનો નાનકડો સંકલ્પ કરીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**નાનપણથી જ તેમને ગૃહસ્થ જીવન કે પિતાના વ્યવસાયમાં કોઈ જ પ્રકારનો રસ હતો નહીં, તેઓ હંમેશા સાધુ સંતોની સેવા કરવામાં પ્રવૃત રહેતા, અને તેમણે તેવું વિચારીને ઘર પણ છોડી દીધું હતું, તેમના કાકાએ તેમને રહેવા એક ઘર આપ્યું અને ત્યાં તેમની માતા સાથે રહેવાનું સૂચન કર્યું, ૧૬ વર્ષની આયુમાં તેમના લગ્ન આટકોટની વીરબાઈ સાથે થયા.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. દિવાળીનાં તહેવારોનું બધાં જુદીજુદી રીતે સરવૈયું કાઢતા હશે! જેમ કે આટલો ખર્ચ થયો! આનાં ઘરે ગયાં ને ત્યાં તો જવાનું રહી ગયું! પેલા ને કેવી મસ્ત કાર્પેટ હતી! કેટલી સરસ મીઠાઈ હતી! અને સામેવાળાનો બંગલો તો રોશનીથી ઝગમગી ઉઠ્યો હતો! એણે તો બે બે ગાડી હોવા છતાં દિવાળીએ નવી ગાડી છોડાવી! અને આપણે તો દિવાળીએ માત્ર નાનો કોર્નર ખરીદવાનો હતો, પણ ખર્ચ વધી જતાં.... કંઈ નહીં આવતે વખતે. આમ તહેવારોમાં થયેલી ભૂલ સુધારવા એનું ચિંતન કરવું જોઈએ.આપણે ત્યાં તહેવાર મનાવવા માટે બીજી એક પ્રથા પણ છે, અને તે છે મહાપુરુષ કે બુદ્ધ પુરુષની જન્મ જયંતી કે પછી પુણ્યતિથિ,તે દિવસે તેને યાદ કરી એને પણ આપણે તહેવાર તરીકે ઉજવીએ છીએ. આજે કારતક સુદ સાતમ એટલે રઘુવંશી ઓનાં પ્રેરણા સ્ત્રોત જલારામ બાપાની જન્મ જયંતી છે. સૌરાષ્ટ્રના વિરપુર ખાતે આવેલું જલારામ બાપાનું અન્નક્ષેત્ર આજે તો દુનિયાભરમાં મશહૂર છે, અને હવે તો કેટલા વર્ષોથી દાન કે ભેટ સ્વીકારવામાં આવતી નથી છતાં પણ એ જ રીતે યથાવત ચાલુ છે. આ વાત બતાવે છે કે જલારામ બાપા કેટલા મહાન પુરુષ હતા. જે તે સમયગાળા દરમિયાન જ્યારે તેમણે સેવાનો આ સંકલ્પ કે ભેખ લીધો, ત્યારે તેમની પાસે એવી કોઈ સમૃદ્ધિ હતી નહીં. પરંતુ તેમનું ભજન અને ઈશ્વર પ્રત્યેનો ભરોસો આ બંને અતુટ હોવાથી આ કાર્ય આજે પણ તેમની ઈચ્છા અનુસાર ચાલી રહ્યું છે. તો આજે આપણે સૌરાષ્ટ્રમાં આવેલા વીરપુર તાલુકાના જલારામ બાપા વિશે થોડીક વાત કરીશું. સંત શ્રી જલારામબાપાનો જન્મ ઈ.સ. વિક્રમ સંવત ૧૮૫૬ની કારતક સુદ સાતમે લોહાણા સમાજના ઠક્કર કુળમાં થયો હતો. તે ભગવાન રામના ભક્ત હતા. નાનપણથી જ તેમને ગૃહસ્થ જીવન કે પિતાના વ્યવસાયમાં કોઈ જ પ્રકારનો રસ હતો નહીં. તેઓ હંમેશા સાધુ સંતોની સેવા કરવામાં પ્રવૃત રહેતા, અને તેમણે તેવું વિચારીને ઘર પણ છોડી દીધું હતું. તેમના કાકાએ તેમને રહેવા એક ઘર આપ્યું અને ત્યાં તેમની માતા સાથે રહેવાનું સૂચન કર્યું. ૧૬ વર્ષની આયુમાં તેમના લગ્ન આટકોટની વીરબાઈ સાથે થયા. વીરબાઈ પણ ભગત આત્મા હતી, આથી તેમણે પતિની આ પ્રવૃત્તિમાં તેનો સાથ આપ્યો. અઢાર વર્ષની આયુમાં તેઓને સંસારમાં વૈરાગ્ય આવી ગયો, આથી તેમણે કાશીની યાત્રાએ જવાનું નક્કી કર્યું, તેમાં પણ વીરબાઈ મા એ તેનો સાથ આપ્યો, અને તેની



સાથે જોડાયા. ફતેપુરના ભોજાભગતે જલારામની ઈશ્વર પ્રત્યેની અનન્ય શ્રદ્ધા જોઈને, રામની મૂર્તિ, માળા, અને રામનામનો મંત્ર આપ્યો, અને આ રીતે તેમને એક ધ્યેય પ્રાપ્ત થયું. આજે પણ જલારામ મંદિર ખાતે કાચની પેટીમાં આ વસ્તુ સાચવવામાં આવી છે. તેઓએ તે મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરી, અને વીરપુરમાં રામનું મંદિર બનાવ્યું. ઈતિહાસની વધુ એક દંતકથા એવું કહે છે કે, એક સંત મહાત્માં ત્યાં આવ્યાં અને તેમણે કહ્યું કે આ જગ્યાએ ખોદકામ કરવાથી હનુમાનજીની મૂર્તિ નીકળશે, અને તેવું થયું, પછી રામની સાથે લક્ષ્મણ અને સીતાની પણ સ્થાપના કરવામાં આવી. તે દિવસથી જલારામ ખાતે સદાવ્રત ચાલે છે, અહીં કોઈપણ જાતના જ્ઞાતિભેદ વગર દરેકને ભોજન પીરસવામાં આવે છે. સાધુ સંતોની ત્યાં નિત્ય આવન-જાવન રહેતી હતી. પતિ-પત્ની બંને આ રીતે દિન દુખીયા અને સાધુસંતોની સેવા કરતા હતા. સમાજમાં રોગથી પીડિત કે પછી કોઈ અન્ય કારણોથી પીડિત લોકો જલારામ બાપા પાસે અનન્ય શ્રદ્ધા લઈને પહોંચતા, અને તેઓ ભગવાન રામ પાસે પ્રાર્થના કરતા. આ રીતે આવનાર વ્યક્તિની સમસ્યાનું શમન થતું હોવાથી, આ રીતે પણ જલારામ બાપા પ્રખ્યાત થયા, અને લોક સેવાના પ્રકલ્પને પણ સારું એવું ઈશ્વરીય પીઠબળ રહ્યું. લોકોએ આ કિસ્સાઓને એકત્ર કરી અને તેમના પરચાનું જલારામ જ્યોત એવું પુસ્તક પણ છપાવ્યું છે, પરંતુ આપણે તેમાં નહીં જઈએ. પતિ-પત્ની બંને સમાજની તથા સાધુ-સંતોની ખૂબ જ સેવા કરતા હતા, એવામાં એક દિવસ એક અપંગ સાધુ આવે છે, અને વીરબાઈની માંગણી કરે છે, જલારામ બાપા વીરબાઈ મા સાથે મસલત કરે છે, અને એ સાધુને હા પાડે છે, અને કોઈપણ પ્રકારની આનાકાની કે ઉદ્વેગ વગર વીરબાઈ મા તે સંતની સેવા માટે તેની સાથે ચાલે છે. થોડેક દૂર આગળ જંગલમાં હમણાં આવું છું, કહીને એ સાધુ વીરબાઈ મા ને એક સ્થાને બેસાડી અને ચાલ્યા જાય છે, ઘણી પ્રતીક્ષા કર્યા બાદ પણ તે આવતા નથી, અને આકાશવાણી થાય છે, કે સ્વયં ભગવાન આ પતિ પત્નીની પરીક્ષા કરવા આવ્યા હતા. તે જ્યારે ગયા ત્યારે એક દંડ અને ઝોળી આપતા ગયા હતાં, જે લઈ અને વીરબાઈ મા ઘરે પાછા ફરે છે, અને કહેવાય છે કે આ ઝોળી એ અક્ષય પાત્રનું કાર્ય કરે છે, અને આજ સુધી આ સદાવ્રત અખંડ રીતે ચાલે છે. તત્વતઃ આ વાત એ સિદ્ધ કરે છે, કે કોઈ પણ પ્રકારની શુદ્ધ ભાવનાથી કરેલો સંકલ્પ ઈશ્વર અવશ્ય પૂરો કરે છે. ગુજરાત ના સૌરાષ્ટ્ર પંથકમાં રહેણાક હોવાથી જલારામ મંદિરના બે-ત્રણ વાર દર્શન પણ કર્યા છે, અને પ્રસાદ પણ ગ્રહણ કર્યો છે. આમ તો તેના વિશેની જાણકારી, અને શ્રદ્ધા મોરારીબાપુની કથા સાંભળવાથી વધી છે. બાપુની તો પહેલેથી જ ભજન, ભોજન, અને ભાવનાની ત્રિવેણીમાં રુચિ રહેલી છે.ભૂખ્યાને ભોજન કરાવવું, તેનાથી મોટું કોઈ ભજન નથી. આ શીખ તેમની પાસેથી પ્રાપ્ત થઈ છે, અને એ સત્ય પણ છે. જીવ આવા નાના-મોટા પ્રયોગો કરીને, જીવનમાં સત્ય પ્રેમ ને કરુણાને પ્રાપ્ત કરવા સતત પ્રયત્નશીલ રહે છે. કોઈપણ જાતનું તપ ન કરી શકનાર પણ આવા નના નાના નિયમ લઈને જીવનમાં શુદ્ધ ભાવના મેળવી શકે છે. કંઈ જ કરવાનું નથી, માત્ર આપણામાંથી થોડોક ભાગ પાડવાની ટેવ પાડવાની છે, જે કંઈ હોય તેમાં પ્રકૃતિના અન્ય જીવનો પણ હક છે, એમ સમજી અને તે આપવું, અને એ મારી ફરજ પણ છે. આ બે વાતને કેન્દ્રમાં રાખીને જીવન જીવવાની શરૂઆત, આ નવા વર્ષથી કરીએ તો ખરેખર આવતીકાલ ઘણી ઉજ્જવળ છે. આપણે સંસારીઓ આખો આખો દિવસ તપ કે હરિ સ્મરણ કરી શકવાના નથી, પરંતુ આ રીતે કોઈને ભોજન કરાવી એ કે તેના દુઃખદર્દને ઓછા કરીએ, તો કાળનો પ્રભાવ ઘટશે, અને કળિયુગથી સતયુગ સુધીનું અંતર પણ આ જ રીતે ઓછું થશે. કીડીને કણથી શરુઆત કરી શકાય,અને સારું લાગે તો આ પ્રયોગ વધુ સફળ બનાવવા માટે સંકલિત થવું. જીવનમાં દિશાહીન થઈ ખૂબ જ ભટક્યા, અને તેનું પરિણામ પણ આજે આખું વિશ્વ ભોગવી રહ્યું છે, તો આવા કોઈ બુદ્ધ પુરુષને યાદ કરી, અને નાની-મોટી સેવાનો સંકલ્પ લઇ અને દરેક જણ જીવે અને પોતાના જીવનમાં ધર્મની સદભાવના મેળવીને જીવન સુરક્ષિત કરે, એવી એક અનન્ય પ્રાર્થના સાથે હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો શાસ્ત્રમાં સોળ સંસ્કાર બતાવ્યા છે.આજ કાલ તો બધા સંસ્કાર ભૂલાઈ ગયા છે**

# આજકાલ ધાર્મિક વિધિને મહત્ત્વ આપવામાં આવતું નથી, કેવળ લૌક્કિને મહત્ત્વ આપવામાં આવે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**નારાયણ સમાન શ્રીકૃષ્ણ છે, તેમાં નારાયણ મુખ્ય અને શ્રીકૃષ્ણ ગૌણ છે, શ્રીકૃષ્ણ સમાન નારાયણ છે તેમાં શ્રીકૃષ્ણ મુખ્ય અને નારાયણ ગૌણ છે, શ્રીકૃષ્ણ અને નારાયણમાં કાંઈ ફેર નથી, આ કેવળ પ્રેમનો મધુર કલહ છે, શ્રી કૃષ્ણ સમાન નારાયણ છે, આવો અર્થ કરીએ તો શ્રીકૃષ્ણ પ્રધાન અને નારાયણ ગૌણ બને છે, નારાયણમાં સાઠ ગુણો છે, જ્યારે મુરલી નોહર શ્રીકૃષ્ણમાં ચોસઠ ગુણો છે.**

આજે કારતક સુદ સાતમને શુક્રવાર એટલે પૂ.જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતી ભજન સત્સંગ ભોજન પ્રસાદ સાથે ઉત્સાહ ઉમંગભેર ઉજવણી થશે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો શાસ્ત્રમાં સોળ સંસ્કાર બતાવ્યા છે. આજ કાલ તો બધા સંસ્કાર ભૂલાઈ ગયા છે.સંસ્કારનો લોપ થતો જાય છે,એટલે દેશ દુઃખી છે. અન્નપ્રાશન, મધુપ્રાશન, નામ સંસ્કરણ, જનોઈ વગેરે સોળ સંસ્કાર છે. જીવને શુદ્ધ કરવા સંસ્કારની જરૂર છે. આજકાલ ધાર્મિક વિધિને મહત્ત્વ આપવામાં આવતું નથી,કેવળ લૌક્કિને મહત્ત્વ આપવામાં આવે છે. ગર્ગાચાર્યની પરીક્ષા કરવારોહિણી ની ગોદમાં શ્રીકૃષ્ણ અને યશોદા ની ગોદમાં બલરામને રાખ્યા છે. ગર્ગાચાર્યે નંદબાબાને કહ્યું :બાબા રોહિણીની ગોદમાં છે તે તમારો પુત્ર છે,તે તો રંગ બદલતો આવ્યો છે. આ વખતે તેણે શ્યામ વર્ણ ધારણ કર્યો છે.તે સર્વના મન ને આકર્ષી લેશે.તે સર્વને આનંદ આપશે. તેથી તેનું નામ શ્રીકૃષ્ણ રાખો.તેનાજન્માક્ષર બહુ સારા છે. એ મહાજ્ઞાની થશે, મહાયોગી થશે.પાંચ ગ્રહો ઉચ્ચમાં પડયા છે. જન્મકુંડળીમાં આઠ ગ્રહો ખૂબ સારા છે, પણ એક ગ્રહ રાહુ ખરાબ પડયો છે. નંદબાબા ગભરાય છે.રાહુ ખરાબ પડયો છે, એટલે શું થશે? ગર્ગાચાર્ય કહે છેઃ તેમાં કાંઈ બીવા જેવું નથી. જેના સપ્તમ્ સ્થાનમાં નીચ ક્ષેત્રમાં રાહુ હોય તે અનેક સ્ત્રીઓનો ધણી થાય છે. નંદબાબા કહે છેમને એક બ્રાહ્મણે એવો આશીર્વાદ આપ્યો છે કે, તમારા લાલાને સોળ હજાર રાણી ઓ થશે. ગર્ગાચાર્ય : બાબા, વધારે શું કહું? કનૈયો નારાયણ જેવો છે, નારાયણ સમાન છે.સનાતન ગોસ્વામી અર્થ કરે છે કે,નારાયણ જેવો શ્રીકૃષ્ણ છે એમ કહો તો નારાયણ શ્રેષ્ઠ ઠરે છે.માટે નારાયણ સમાન શ્રીકૃષ્ણ નહીં, પણ શ્રીકૃષ્ણ સમાન નારાયણ છે એમ કહેવું જોઈએ. વૃંદાવનના સાધુઓએ નારાયણ સમાન નહીં,પણ નારાયણ શ્રી કૃષ્ણ જેવા છે એવો અર્થ કર્યો છે. નારાયણ સમાન શ્રીકૃષ્ણ છે, તેમાં નારાયણ મુખ્ય અને શ્રીકૃષ્ણ ગૌણ છે. શ્રીકૃષ્ણ સમાન નારાયણ છે તેમાં શ્રીકૃષ્ણ મુખ્ય અને નારાયણ ગૌણ છે. શ્રીકૃષ્ણ અને નારાયણમાં કાંઈ ફેર નથી. આ કેવળ પ્રેમનો મધુર કલહ છે. શ્રી કૃષ્ણ સમાન નારાયણ છે, આવો અર્થ કરીએ તો શ્રીકૃષ્ણ પ્રધાન અને નારાયણ ગૌણ બને છે. નારાયણમાં સાઠ ગુણો છે, જ્યારે મુરલી નોહર શ્રીકૃષ્ણમાં ચોસઠ ગુણો છે. નારાયણ કરતાં ચાર ગુણો વધારે છેઃરૂપમાધુરી,લીલા માધુરી,વેણુમાધુરી, રાયણમાં આ ચાર ગુણો નથી.પ્રિયા માધુરી. આ ચાર ગુણો શ્રીકૃષ્ણમાં વધારે છે. નારાયણને ચાર હાથ છે તેથી તેઓ થોડા બેડોળ લાગે છે, તેથી આ બે હાથવાળો કનૈયો શ્રેષ્ઠ વૈકુંઠના નારાયણતો અક્કડ ઊભા રહે છે. અમારી સાથે બોલતા પણ નથી જ્યારે અમારો કનૈયો તમારી સાથે બોલે છે, અમારી સાથે રમે છે, અમારી સાથે ફરે છે. તેથી અમારો કનૈયો શ્રેષ્ઠ છે. કૃષ્ણનાં દર્શન માટે જે આતુર બને છે તેની પાછળ કનૈયો આવે છે જ. ગોકુળમાં એક નવી વહુ આવી હતી. તે કનૈયાનાં દર્શન કરવા માટે આતુર હતી. તેની સાસુ તેને શ્રીકૃષ્ણનાં દર્શન કરવા જવા દેતી ન હતી. આજે તે જળ ભરવા જાય છે. શ્રીકૃષ્ણનું ચિંતન કરતાં દેહનું ભાન ભૂલી જાય લાલાના કેશ વાંકડિયા છે, મસ્કત ઉપર મોરપીંછ છે, હોઠ ઉપર મોરલી ધારણ કરી છે, કાનમાં નકરાકૃતિ કુંડળ અને કેડ ઉપર પિતાંબર ધારણ કર્યું છે. ત્યાં તો છુમછુમ કરતો કનૈયો પાછળથી આવે છે. આવીને સાડીનો છેડો પકડે છે. ગોપી જુએ છે તો કનૈયાએ આવી ને સાડી પકડી છે.ત્રણ વર્ષનો કનૈયો છે. ગોપી કનૈયાને ઊઠાવી છાતી સરસો ચાંપે છે. કનૈયો સર્વનો પિતા છે, સર્વનો પતિ છે અને સર્વનો બાળક છે. વૈકુંઠના નારાયણ મર્યાદા પુરુષો ત્તમ છે, ત્યારે આ કનૈયો પુષ્ટિ પુરુષોત્તમ છે. કનૈયો કરે છે તેવી લીલા મનુષ્ય તો શું, દેવો પણ કરી શકે નહીં. શ્રીકૃષ્ણ દેવોના પણ દેવ છે. એક સખી દહીં, દૂધ, માખણ વેચવા નીકળે છે. શ્રીકૃષ્ણ પ્રેમમાં એવું દેહભાન ભૂલીછેકે બોલવુંજોઈએ દહીં, લો, માખણ લો! પણ માખણ શબ્દ યાદ આવે જ નહીં. તેની બુદ્ધિમાં માધવ હતા,એટલે બોલવા લાગી, કોઈ માધવ લ્યો, કોઈ ગોવિંદ લ્યો.ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી. ચૌદ ભુવનનાં નાથને મટુકીમાં ઘાલી! ગોપની આ હાલત છે. શ્રીકૃષ્ણ પ્રેમમાં એવી તન્મય થઈ છેકે,એ શું બોલે છે તેનું એને ભાન નથી. લાલાને કાને આ શબ્દ પડયા લાલો કહે, આ તો જબરી છે. મને વેચવા નીકળી છે. રસ્તામાં જ શ્રીકૃષ્ણ પ્રગટ થયા. સખીને કહે, અલી ગોપી! હું ગોકુળનો રાજા છું. તું મને માખણ આપ! અતિશય પ્રેમ હોય તો ચીડવવાની ઈચ્છા થાય છે. ગોપીના હૃદયમાં પ્રેમ છે.તે કનૈયા ને ચીડવે છે,તું શાનો ગોકુળનો રાજા ગોકુળના રાજા દાઉદ ભૈયા છે.હું તેને માખણ આપીશ, તને નહીં. ખબર પડતી નથી, નંદબાબા આ કાળા કનૈયાને ક્યાંથી લઈ આવ્યા છે? નંદબાબા તો ગોરા છે અને તું કાળો છે. કનૈયાએ ગોપોની સાડી પકડી. ગોપી કહેવા લાગી, લાલા મને છોડ! મારાં દહીં, દૂધ ઢોળાઈ જશે. મારાં સાસુ વઢશે. ગોપી ધક્કો મારી સાડી છોડાવી લઈ આગળ ચાલવા લાગી. પાછળ જુઓ તો કનૈયો રિસાયેલો છે. ગોપી કહેવા લાગી, કનૈયા તને માખણ આપું, મીસરી આપું. મારી ભૂલ થઈ!કનૈયો કહે, મારે હવે કાંઈ જોઈતું નથી. ગોપી ચાલવા લાગીત્યાં કનૈયાએ પથ્થર લઈ ગોળી ઉપર માર્યો, ગોળી ફોડી નાંખી.આવી લીલા બીજા કોઈ દેવ કરી શકે નહીં. શ્રી કૃષ્ણ કહે છે કે,હું સર્વનો પતિ છું. શ્રીકૃષ્ણ ત્યાંથી ઘરે આવીને ડાહ્યો ડમરો થઈ યશોદાની ગોદમાં છુપાઈ જાયછે.પેલી ગોપી ઘરે આવી છે. યશોદામાને ફરિયાદ કરે છે, મા, તમે લાલાને બહુ લાડ લડાવો છે, પણ આજે એણે શું કર્યું જાણો છો? કનૈયાએ મારી ગોળી ફોડી નાંખી! મારાં કપડાં બગાડયાં, મારા દહીં-દૂધ ઢોળાઈ ગયાં! શ્રીકૃષ્ણ કહે, મા, આ ગોપી કંજૂસ છે. બે-ત્રણ દિવસનું વાસી દહીં લઈને એ વેચવા જતી હતી, તેથી મને થયું કે કોઈ ગરીબ તે દહીં લે અને માંદો પડે તો? એટલે મેં એની ગોળી ફોડી નાંખી.હું તો મા,આરોગ્ય પ્રચારક મંડળનો પ્રમુખ છું! યશોદાજીએ ગોપીને બોલાવીને ઠપકો આપ્યો કે, અલી ગોપી, તું આવું દહીંવેચવા લઈ જાય છે?ગોપી હસવા લાગી. આ કનૈયો બોલવામાં ચતુર છે. કનૈયો રસ્તે જતો હોય તો કોઈની ગોળી પણ ફોડી શકે છેઅને છતાં એ વહાલો લાગે છે. બીજા દેવોને બીક લાગે છેકે,કોઈ સ્ત્રીને અડકી જવાશે તો અમને થપ્પડ પડશે. અમારી પૂજા કોઈ નહીં કરે. શ્રીકૃષ્ણની લીલામાધુરી દિવ્ય છે. એ કોઈ દેવ કરી શકે નહીં. નારાયણ ભગવાન હાથમાં શંખ રાખે છે. શંખ વગાડનાર દેવ મોટા કે વાંસળી વગાડનાર દેવ મોટા? આ બીજા દેવો અસ્ત્રશસ્ત્ર લઈને બેઠા છે.કોઇના હાથમાં ગદા, કોઇ ના હાથમાં ક્રુષ્યબાણ અને કોઇ ના હાથમાં ત્રિશૂલ છે. મને લાગે છે કે,આ બીજા દેવોને દુનિયાના લોકોની બીક લાગતી હશે, તેથી હાથમાં શસ્ત્રો રાખીને ઊભા છે. મારો કનૈયો શસ્ત્ર રાખતો નથી. લાલાના એક હાથમાં વાંસળી અને બીજા હાથમાં માખણ મીસરી! શસ્ત્ર રાખનાર દેવ શ્રેષ્ઠ કે કનૈયો શ્રેષ્ઠ?મારો કનૈયો જ શ્રેષ્ઠ. લાલો રોજ વાંસળી વગાડે છે. લાલાની વાંસળીનો શબ્દ જેના કાનમાં ગયો તેને સંસાર ઉપરથી વૈરાગ્ય આવે છે. એ વાંસળીનો શબ્દ જેને સંભળાય તે રાધેકૃષ્ણ, રાધેકૃષ્ણ કરતો પાગલ બને છે. શ્રીકૃષ્ણની વેણુ-માધુરી દિવ્ય છે. ગોપી કહે છે, મુરલી બજા કે મેરો મન હરિ લિન્હો.બીજી ગોપી પ્રેમ ભર્યો ઠપકો આપતી કહે છે કે,હે મુરારી! ભોજન બનાવવાના સમયે તો કૃપા કરીને આ મધુર મોરલીની તાન ન છેડો. કનૈયા!તારી મુરલીનો ધ્વનિ સાંભળી મારા ચૂલામાંનાં સૂકાં લાકડાં રસ ભીનાં બની રસ બહાવવા લાગે છે, તેથી અગ્નિ બુઝાઈ જાય છે. અગ્નિ બુઝાઈ જાયતો હુંરસોઈ કેવી રીતે કરું? મારા લાલાની વાંસળી જેના કાનમાં ગઈ તે કાયમનો તેનો ગુલામ બની જાય છે, તેથી સખી મેં માની લીધું છે કે, આ કનૈયો સૌથી મોટો છે. શ્રીકૃષ્ણની રૂપમાધુરીએ અનેકોને આકર્ષ્યા છે. નિર્ગુણ બ્રહ્મના ઉપાસક મધુસૂદન સ્વામી પણ શ્રીકૃષ્ણની મનોહરરૂપ છટા પાછળ પાગલ બન્યા છે. તેઓ કહે છે કે,ગોપીઓની પાછળ ફરવાવાળા કોઈ શેઠે જબર જસ્તીથી અમને પોતાનાં ચરણોમાં ગુલામ બનાવી દીધા છે. ભક્તો કહે છે કે, શ્રીકૃષ્ણની રૂપ માધુરી એવી દિવ્ય છે કે, વૈકુંઠના નારાયણ કરતાં પણ મને શ્રીકૃષ્ણ શ્રેષ્ઠ લાગે છે. ભોજનનો સમય થતાં યશોદા ગર્ગાચાર્યને ભોજન પતાવવા વિનંતી કરે છે. ગર્ગાચાર્ય કહે છે કે, મારી રસોઈ હું મારાહાથે બનાવીશ. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે રોટી સંત પૂ.જલારામ બાપાની જયંતિની સૌને શુભેચ્છા. અસ્તુ.

# પુષ્પા-૨ના કારણે વિકીની ફિલ્મ છાવાની રીલિઝ પાછળ ધકેલાય તેવી સંભાવના





અલ્લુ અર્જુન તથા રશ્મિકા મંદાનાની પુષ્પા ટૂ તારીખ પાંચમી ડિસમ્બરે રીલિઝ થવાની છે. ફિલ્મ અભિનેત્રી રશ્મિકા મંદાના પણ એકસાથે બે ફિલ્મોના પ્રમોશન માટે સમય આપી શકે તેમ નથી, તેના કારણે રશ્મિકાની જ વિકી કૌશલ સાથેની અન્ય ફિલ્મ 'છાવા'ની રીલિઝ છઠ્ઠી ડિસેમ્બરથી પાછળ ધકેલાય તેવી સંભાવના છે. તાજેતરમાં અજય દેવગણ સહિતના કલાકારોની 'સિંઘમ અગેઈન' સામે કાર્તિક આર્યનની 'ભૂલભૂલૈયા થ્રી' ટકરાઈ હતી. પરંતુ, 'ભૂલભૂલૈયા થ્રી'ને આગલી ફિલ્મોની ગુડવિલનો લાભ મળ્યો હતો. બીજી તરફ પુષ્પાના પહેલા ભાગ બાદ બીજા ભાગને જોવા પ્રેક્ષકો આતુર છે તેની સામે 'છાવા' હિંદીના દર્શકો માટે પ્રમાણમાં નવો વિષય છે. વધુમાં વિકી કૌશલની એવી કોઈ ખાસ કમર્શિઅલ વેલ્યૂ નથી કે તેના નામ પર લોકો ફિલ્મ જોવા માટે થિયેટરમાં તૂટી પડે.

# ફિલ્મોના સેટ પર કોન્ડોમનો થાય છે પુષ્કળ ઉપયોગ થાય છેઃ માસ્ટર રાજુ





ફિલ્મો અને ટીવી શોમાં ફિલ્માવવામાં આવતા એક્શન દ્રશ્યો અંગે એક મોટો દાવો સામે આવ્યો છે. આ દાવો ખાસ કરીને ફિલ્મોમાં ગોળી વાગતા દ્રશ્યો વિશે છે. ફેસબુક પર એક્ટર રાજૂ શ્રેષ્ઠા ઉર્ફે માસ્ટર રાજૂએ એક વીડિયો શેર કરીને જણાવ્યું છે કે ફિલ્મોમાં ગોળી વાગ્યા બાદ લોહીવાળા દ્રશ્યોને કેવી રીતે ફિલ્માવવામાં આવે છે. માસ્ટર રાજૂના જણાવ્યાં મુજબ ગોળીવાળા દ્રશ્યોમાં કોન્ડોમની મોટી ભૂમિકા હોય છે. આ કોન્ડોમમાં લોહી (લોહી જેવું પ્રવાહી) ભરીને કોસ્ચ્યુમની અંદર છૂપાવવામાં આવે છે. જે ગોળી વાગતા જ ફાટે છે અને શરીર માંથી લોહી નીકળતું દેખાય છે. માસ્ટર રાજૂના વીડિયોમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે એક્ટરના કપડાની અંદર લોહી (લોહી જેવું પ્રવાહી) ભરીને કોન્ડોમ છૂપાવવામાં આવે છે અને શૂટ દરમિયાન એક બેટરીથી સંચાલિત ફટાકડાથી તેને ફોડવામાં આવે છે. માસ્ટર રાજૂએ વીડિયો શેર કરીને જણાવ્યું છે કે ફિલ્મોમાં ગોળી વાગ્યા બાદ લોહીવાળા દ્રશ્યોને કેવી રીતે ફિલ્માવાય છે, લાંબા વાયરનો એક ભાગ કોન્ડોમમાં લાગેલા ફટાકડા અને બીજો છેડો બેટરી સાથે જોડવામાં આવે છે. ગોળી વાગવાની એક્શન સાથે જ ટેક્નિશિયન પાવર સપ્લાય કરે છે, જેનાથી ફટાકડો ફૂટે અને ત્યારબાદ કોન્ડોમ ફાટે છે. આવી દ્રશ્યો માટે એક મજબૂત અને પાતળા રબરની જરૂર હોય છે. સામાન્ય ફુગ્ગો ગમે ત્યારે ફૂટી જવાનો ડર રહે છે. જ્યારે કોન્ડોમ આ મામલે વધુ ટકાઉ હોય છે. આથી આવા દ્રશ્યોમાં તેનો ઉપયોગ થાય છે.

### સુપરસ્ટાર યશ પણ 'રામાયણ'માં જોવા મળશે

# અભિનેતા રણબીર કપૂરની ફિલ્મ રામાયણનું પહેલું પોસ્ટર રિલીઝ

**ફિલ્મ બે પાર્ટમાં થશે રીલીઝ, બંને ફિલ્મોની રિલીઝ વચ્ચે એક વર્ષનું અંતર રહેશે, પહેલી ફિલ્મ ૨૦૨૬ની દિવાળીએ અને જ્યારે બીજી ફિલ્મ દિવાળીના અવસર પર વર્ષ ૨૦૨૭માં રિલીઝ થશે**




બોલિવૂડ સ્ટાર રણબીર કપૂર છેલ્લા કેટલાક દિવસોથી તેની મચઅવેટેડ ફિલ્મ 'રામાયણ' માટે ચર્ચામાં છે. આમાં તે ભગવાન શ્રી રામના રોલમાં જોવા મળશે. જ્યારે સાઉથની અભિનેત્રી સાઈ પલ્લવી માતા સીતાનો રોલ કરી રહી છે. આ દરમિયાન બુધવારે 'રામાયણ'નું પહેલું પોસ્ટર રિલીઝ કરવામાં આવ્યું છે અને રિલીઝ ડેટ પણ જાહેર કરવામાં આવી છે. જોકે, રણબીર કપૂરની 'રામાયણ' જોવા માટે દર્શકોએ રાહ જોવી પડશે. પ્રાઈમ ફોકસ સ્ટુડિયોના ફાઉન્ડર અને ગ્લોબલ સીઈઓ નમિત મલ્હોત્રાએ 'રામાયણ'ના પ્રથમ પોસ્ટરની ઝલક બતાવી છે. તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર ફિલ્મનું પોસ્ટર શેર કર્યું છે, જેના પર રિલીઝ ડેટ પણ લખેલી છે. આ ઉપરાંત એ પણ સ્પષ્ટ થઈ ગયું છે કે 'રામાયણ' બે ભાગમાં રિલીઝ થશે. પહેલી ફિલ્મ ૨૦૨૬ની દિવાળીએ રિલીઝ થશે. જ્યારે બીજી ફિલ્મ દિવાળીના અવસર પર વર્ષ ૨૦૨૭માં રિલીઝ થશે. જોકે, પોસ્ટરમાં રણબીર કપૂર અને સાઈ પલ્લવીનો લુક શેર કરવામાં આવ્યો નથી. 'રામાયણ'નું પોસ્ટર શેર કરતી વખતે, નમિત મલ્હોત્રાએ કેપ્શનમાં લખ્યું, 'એક દાયકા કરતા પણ વધુ સમય પહેલા, મેં આ મહાન મહાકાવ્યને મોટા પડદા પર લાવવાની અદ્ભુત યાત્રા શરૂ કરી હતી, જેણે છેલ્લા ૫૦૦૦ વર્ષથી લાખો દિલો પર રાજ કર્યું છે. આજે હું ખૂબ જ ખુશ છું કે આ સપનું સાકાર થઈ રહ્યું છે.' તેમણે આગળ લખ્યું, 'અમારી ટીમ દિવસ-રાત મહેનત કરી રહી છે. બધાનો એક જ ઉદ્દેશ્ય છે કે આપણો ઈતિહાસ, આપણું સત્ય અને આપણી સંસ્કૃતિ આપણી રામાયણને વિશ્વભરના લોકો સમક્ષ સૌથી અધિકૃત, પવિત્ર અને સુંદર સ્વરૂપમાં રજૂ કરવાનો છે.' રિપોર્ટ્સ અનુસાર, રણબીર કપૂર અને સાઈ સિવાય સાઉથના સુપર સ્ટાર યશ પણ 'રામાયણ'માં જોવા મળશે. આ ફિલ્મમાં તે રાવણનું પાત્ર ભજવશે. લારા દત્તા કૈકેયીનું પાત્ર ભજવશે. સની દેઓલ હનુમાનનું પાત્ર ભજવશે. જ્યારે શીબા ચઢ્ઢા મંથરાના રોલમાં જોવા મળશે. આ ફિલ્મનું નિર્દેશન નિતેશ તિવારી કરી રહ્યા છે, જેમણે આ પહેલા આમિર ખાન સાથે ઓલ-ટાઈમ બ્લોકબસ્ટર 'દંગલ' બનાવી છે.

# ફિલ્મ સિંઘમ અગેનએ કરી છપ્પરફાડ કમાણી

**સિંઘમ અગેન મુવીએ ઓપનિંગ વીકેન્ડમાં ધમાલ મચાવી ત્રીજા દિવસે જ ફિલ્મની ૧૦૦ કરોડનાં ક્લબમાં એન્ટ્રી**






ફેમસ ડાયરેક્ટર રોહિત શેટ્ટી અને બોલિવૂડ સ્ટાર અજય દેવગનની ફિલ્મ ''સિંઘમ અગેન'' મલ્ટીપ્લેક્સમાં રિલીઝ થઇ ગઇ છે. બોક્સ ઓફિસ પર ફિલ્મ તાબડતોબ કમાણી કરી રહી છે. આ દિવસોમાં ''સિંઘમ અગેન''એ ૧૦૦ કરોડનો આંકડો પાર કરી દીધો છે. ઓપનિંગ વિકેન્ડ પછી ફિલ્મનો બોક્સ ઓફિસ પર જલવો જોવા મળી રહ્યો છે. તો જાણો દેશભરમાં ''સિંઘમ અગેન''ની કેટલા કરોડનો બિઝનેસ કર્યો. એક્શન-થ્રિલર ફિલ્મ ''સિંઘમ અગેન''એ પહેલાં દિવસે બોક્સ ઓફિસ છપ્પરફાડ કમાણી કરી હતી. પહેલાં દિવસે ફિલ્મએ ૪૩.૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી, જ્યારે બીજા દિવસે એટલે કે ૪૨.૫ કરોડ, ત્રીજા દિવસે ૩૩.૭૫ કરોડ, ચોથા દિવસે ૧૮ કરોડની કમાણી કરી. મંગળવાર એટલે કે પાંચમાં દિવસે ''સિંઘમ અગેન''એ ૧૩.૫૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો. આ રીતે અજય દેવગનની મુવીએ અત્યાર સુધીમાં દેશભરમાં ૧૫૩.૨૫ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે. માત્ર દેશમાં જ નહીં, પરંતુ વિદેશોમાં પણ અજય દેવગનની ફિલ્મ ''સિંઘમ અગેન'' છવાઈ ગઈ છે. માત્ર ચાર દિવસમાં ફિલ્મએ ૨૦૦ કરોડનાં ક્લબમાં એન્ટ્રી કરી લીધી છે. જીહ્રુષ્ઠહૈજ્ઞના રિપોર્ટ અનુસાર આ મુવીએ દુનિયાભરમાં અત્યાર સુધીમાં ૨૧૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે. ખાસ વાત તો એ છે કે ''સિંઘમ અગેન'' ફિલ્મ બોક્સ ઓફિસ પર દરરોજ ડબલ ડિઝિટમાં કલેક્શન કરી રહી છે. આમ, ''સિંઘમ અગેન'' એક મલ્ટીસ્ટારર ફિલ્મ છે. આ ફિલ્મમાં અજય દેવગન, કરીના કપૂર ખાન, દીપિકા પાદુકોણ, અક્ષય કુમાર, ટાઈગર શ્રોફ અને રણવીર સિંહ મુખ્ય ભૂમિકામાં છે. ''સિંઘમ અગેન'' સુપર હિટ ફ્રેન્ચાઈઝીની ત્રીજો ભાગ છે. આ પહેલા રોહિત શેટ્ટીની કોપ યુનિવર્સની ''સિંઘમ'' ફ્રેન્ચાઈઝીની આ બંને ફિલ્મોને દર્શકોનો ખૂબ પ્રેમ મળ્યો હતો. ''સિંઘમ'' ૨૦૧૧માં રિલીઝ થઈ હતી જેમાં અજય દેવગનની સાથે કાજલ અગ્રવાલ અને પ્રકાશ રાજ મુખ્ય ભૂમિકામાં હતા. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર જબરજસ્ત કમાણી કરી હતી. ''સિંઘમ''ની જબરજસ્ત સફળતા પછી વર્ષ ૨૦૧૪માં આ ફિલ્મની સિક્વલ ''સિંઘમ રિટર્ન્સ'' આવી. બંને પ્રોજેક્ટ્સ બોક્સ ઓફિસ પર હિટના રૂપમાં જોવા મળ્યા.

# રદ કરાયેલાં ગીત સાથે ફરીથી રીલિઝ થશે




અગાઉ રદ કરાયેલાં ગીત સાથે વીરઝારા ફરી રીલિઝ કરાશે. શાહરુખ ખાન, પ્રિટી ઝિન્ટા તથા રાણી મુખરજીની ફિલ્મ 'વીર ઝારા'ને ૨૦ વર્ષ પૂરાં થવાં નિમિત્તે ફરી રીલિઝ કરાશે. આ વખતે ફિલ્મમાં એક એવું ગીત પણ ઉમેરાશે જે મૂળ રીલિઝ વખતે કાઢી નખાયું હતું. ફિલ્મ માટે 'યે હમ આ ગયેં હૈ કહાં' ગીત તૈયાર કરાયું હતું. પરંતુ, બાદમાં ફિલ્મની લંબાઈ બહુ વધી જશે તેમ લાગતાં તે મૂળ ફિલ્મમાં સામેલ કરાયું ન હતું. હવે રી રીલિઝમાં આ ગીત ઉમેરવામાં આવ્યું છે. ફિલ્મના સંગીત માટે સ્વ. મદન મોહને દાયકાઓ પહેલાં તૈયાર કરેલી ધૂનોનો ઉપયોગ કરાયો હતો. ફિલ્મનાં ગીતો લોકપ્રિય બન્યાં હતાં. હવે અખાતી દેશો સહિત દુનિયાભરમાં ૬૦૦ સ્ક્રીન પર આ ફિલ્મ રીલિઝ કરાશે.

# ધ સાબરમતી રિપોર્ટને લઈને વિક્રાંતને મળી ધમકીઓ

**વિક્રાંત મેસીનું કહેવું છે કે તેને ધમકીઓ મળી રહી છે કારણ કે ફિલ્મમાં સાચા તથ્યોને દેખાડવામાં આવ્યા છે**






એકતા કપૂર ગુજરાતમાં થયેલા ગોધરાકાંડ પરની ફિલ્મ સાબરમતી રિપોર્ટ લાવી રહી છે. આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ કરી દેવામાં આવ્યું છે. ધ સાબરમતી રિપોર્ટ ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં વિક્રાંત મેસી, રિદ્ધિ ડોંગરા અને રાશિ ખન્ના મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મનું ટ્રેલર લોન્ચ થયું તે દરમિયાન વિક્રાંત મેસીએ એક ચોકાંવનારો ખુલાસો પણ કર્યો. વિક્રાંત એ જણાવ્યું કે આ ફિલ્મને લઈને તેને સોશિયલ મીડિયા પર ધ્યાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. જોકે આ વાતથી તેને કોઈ જ ચિંતા નથી કારણ કે વર્ષ ૨૦૦૨માં થયેલા ગોધરા ટ્રેન અગ્નિકાંડની ઘટનાઓ પર આધારિત આ ફિલ્મ સંપૂર્ણ રીતે તથ્યો પર આધારિત છે. ગોધરા કાંડ પર આધારિત આ ફિલ્મમાં વિક્રાંત એક સ્થાનિક પત્રકારની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મના નિર્માતાઓનું કહેવું છે કે આ ફિલ્મ સાચી ઘટનાઓથી પ્રેરિત છે. ફિલ્મને એકતા કપૂર અને ધીરજ સરના નિર્દેશિત કરી રહ્યા છે. ફિલ્મનું ટ્રેલર લોન્ચ થયું ત્યારે વિક્રાંત મેસીએ જણાવ્યું કે, ફિલ્મ ને લઈને તેને ધમકીઓ મળી રહી છે. તેના પર ધ્યાન આપ્યા વિના તે એટલું જ કહેવા માંગે છે કે તેઓ એક ટીમ તરીકે બધી જ સ્થિતિને સંભાળી રહ્યા છે. સાબરમતી ટ્રેન ઘટના પછી ગુજરાતમાં થયેલા દંગા ને લઈને જ્યારે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે વિક્રાંત એ જણાવ્યું કે, તે કલાકાર છે અને તે લોકોને સ્ટોરી વિશે જણાવે છે. ફિલ્મને જોયા વિના પૂર્વધારણા બનાવવી જોઈએ નહીં. ફિલ્મમાં તેઓ તથ્ય પર આધારિત પહેલું ઉપર વાત કરી રહ્યા છે. ટ્રેલર લોન્ચ દરમ્યાન એકતા કપૂર એ પણ ફિલ્મને લઈને પોતાનો મત વ્યક્ત કર્યો હતો. વિક્રાંત મેસીનું કહેવું છે કે તેને ધમકીઓ મળી રહી છે કારણ કે ફિલ્મમાં સાચા તથ્યોને દેખાડવામાં આવ્યા છે, તેણે કહ્યું હતું કે, કે કોઈ પણ ધર્મ માટે ટિપ્પણી નહીં કરે કારણ કે તે હિન્દુ છે. તે બધા જ ધર્મને પ્રેમ કરે છે. ગોધરા કાંડ પર આધારિત છે ફિલ્મ ધ સાબરમતી રિપોર્ટ સાથે જ તેને લોકોને મેસેજ આપ્યો હતો કે આ ફિલ્મ બધાએ જોવી જોઈએ. કારણકે આ ફિલ્મ સત્ય પર આધારિત છે.

# ગુડ્ડી મારુતિએ વર્ષો પછી ખોલ્યું દિવ્યા ભારતીના મૃત્યુનું રહસ્ય



બોલિવૂડ અભિનેત્રી દિવ્યા ભારતીના મૃત્યુનું રહસ્ય હજુ પણ લોકોને પરેશાન કરે છે. લોકોને લાગે છે કે દિવ્યા ભારતીની હત્યા કરવામાં આવી હતી. આજે પણ દિવ્યા ભારતીના મૃત્યુને લઈને વિવિધ દાવા કરવામાં આવે છે. આ દરમિયાન બોલિવૂડ એક્ટ્રેસ ગુડ્ડી મારુતિએ દિવ્યા ભારતીના મૃત્યુ અંગે દુનિયાને સત્ય જણાવ્યું છે. ગુડ્ડી મારુતિએ દાવો કર્યો છે કે દિવ્યા ભારતી તેની ભૂલને કારણે છત પરથી પડી ગઈ હતી. ગુડ્ડી મારુતિએ તેના એક ઈન્ટરવ્યુમાં આ વાતનો ખુલાસો કર્યો છે. દિવ્યા ભારતી વિશે વાત કરતાં ગુડ્ડી મારુતિએ કહ્યું, 'તે હંમેશા મૂંઝવણમાં રહેતી હતી. હું તેના બાળપણ વિશે વધુ જાણતી નથી પરંતુ તે હંમેશા પરેશાન રહેતી હતી. તેણી તેનું જીવન એવી રીતે જીવતી હતી કે તે દિવસ તેનો છેલ્લો દિવસ હોય. ''શોલા ઔર શબનમ'' ફિલ્મના સેટ પર સ્ટાર્સે મારો જન્મદિવસ





સેલિબ્રેટ કર્યો હતો. એ વખતે મને આ વાતનો અહેસાસ થયો. બધા આઉટડોર શૂટિંગ માટે જતા હતા પરંતુ તે મૂડમાં ન હતી.' ગુડ્ડી મારુતિએ વધુમાં કહ્યું કે, 'દિવ્યા ભારતી ઊંચાઈથી ડરતી ન હતી. એક દિવસ મેં તેને ટેરેસ પર પગ લટકાવીને બેઠેલી પણ જોઈ. પછી તેણે મને કહ્યું કે તે ડરતી નથી.' દિવ્યા ભારતીના મૃત્યુ સમયે ગુડ્ડી મારુતિ ફ્લાઈટમાં હતી. તે દિવસે દિવ્યા ભારતી ટેરેસ પર બેસીને તેના પતિ સાજીદ નડિયાદવાલાની રાહ જોઈ રહી હતી. સાજીદની કાર આવતા જ દિવ્યા ભારતીએ નીચે ડોકિયું કરવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન દિવ્યા ભારતીનું સંતુલન ખોરવાઈ ગયું અને તે પડી ગઈ. નીતા લુલ્લાએ દિવ્યા ભારતીને પડતાં જોઈ હતી. ગુડ્ડી મારુતિએ કહ્યું, 'મને સમાચાર મળતા જ હું દિવ્યા ભારતીની માતાને મળવા આવી. આ દરમિયાન મેં એક બિલાડીને જોઈ જેના મોં પર લોહી હતું. તેને જોયા પછી હું ડરી ગઈ.' દિવ્યા ભારતીના મૃત્યુથી તેનો પરિવાર તૂટી ગયો હતો. મૃત્યુ સમયે તે માત્ર ૧૯ વર્ષની હતી. દિવ્યા ભારતીના મૃત્યુ બાદ સાજીદ નડિયાદવાલા ડિપ્રેશનમાં આવી ગયા હતા.



# એક સપ્તાહમાં ૭ લાખથી વધુ ટિકિટો બુક કરીને રૂ. ૧૬ કરોડથી વધુની આવક મેળવી

## ૪ નવેમ્બરના રોજ મુસાફરો દ્વારા એક દિવસમાં ૧.૪૧ લાખથી વધુ સીટોના બુકિંગ થકી રૂ.૩.૧૫ કરોડની આવક સાથે એડવાન્સ બુકિંગનો રેકોર્ડ

। (માહિતી) ગાંધીનગર, તા.૭ ।

દિવાળીના તહેવારો ધ્યાને લઈને ગુજરાત રાજ્ય માર્ગ અને પરિવહન વિભાગ દ્વારા તા.૨૯ ઓક્ટોબરથી ૦૪ નવેમ્બર ૨૦૨૪ સુધી ગુજરાતમાં કુલ ૬,૬૧૭ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી, જેમાં એક સપ્તાહમાં ૭ લાખથી વધુ ટિકિટો બુક કરીને રૂ. ૧૬ કરોડથી વધુની આવક એસ.ટી નિગમે કરી હતી આ ઉપરાંત ૪ નવેમ્બરના રોજ મુસાફરો દ્વારા એક દિવસમાં ૧.૪૧ લાખથી વધુ સીટોનું તેમજ રૂ.૩.૧૫ કરોડનું બુકિંગ કરીને અત્યાર સુધીના એડવાન્સ બુકિંગનો રેકોર્ડ સ્થાપ્યો હતો, સાથોસાથ સુરત ખાતેથી સૌથી વધુ ૧,૩૫૯ એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરી નિગમે ૮૬,૫૯૯ જેટલા મુસાફરોને સમયબદ્ધ પોતાના વતન પહોચાડી કુલ રૂ.૨.૫૭ કરોડની આવક કરી હતી, એમ માર્ગ પરિવહન વિભાગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે, દિવાળીનો તહેવાર નાગરીકો પોતાના વતનમાં જઈને જ ઉજવે છે તેવી એક પરંપરા રહી છે. આ તહેવારોને ધ્યાને લઈને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન અને વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં મુસાફરોને યોગ્ય –પુરતી સુવિધા આપવા એસ.ટી નિગમ નિરંતર પ્રયાસ કરી રહ્યું છે.

ગુજરાતના નાગરીકોએ પોતાના માદરે વતન સહીત વિવિધ સ્થળોએ જવા માટે એસ.ટીની સલામત સવારી અપનાવે છે, જેના ભાગરૂપે તા.૨૯ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ગુજરાત માર્ગ અને પરિવહન વિભાગે ૮૫,૪૩૭ ટિકિટો બુક કરીને રૂ.૨.૦૦ કરોડથી વધુની આવક મેળવી છે, તા.૩૦ ઓક્ટોબરના રોજ ૮૩,૪૨૬ સીટો દ્વારા રૂ.૧.૯૬ કરોડથી વધુ, તા.૩૧ ઓક્ટોબરના રોજ ૮૨,૧૯૦ સીટો દ્વારા ૧.૯૨ કરોડથી વધુ, તા.૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ ૯૪,૦૧૮ સીટો દ્વારા રૂ. ૨.૧૬ કરોડથી વધુની આવક, તા.૨ નવેમ્બરના રોજ ૧,૦૨,૩૧૪ સીટો દ્વારા રૂ.૨.૨૭ કરોડ, ૩ નવેમ્બરના રોજ ૧,૨૮,૮૪૧ સીટો દ્વારા રૂ.૨.૮૪ કરોડથી વધુ તેમજ સૌથી વધુ ૪ નવેમ્બરે ૧,૪૧,૪૬૮ સીટોના બુકિંગ સાથે નિગમે રૂ.૩.૧૫ કરોડથી વધુની આવક મેળવી છે, એમ ગુજરાત માર્ગ અને પરિવહન વિભાગની યાદીમાં વધુમાં જણાવાયું છે.

# દાહોદ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શીતલબેન વાઘેલાને ટેલીફોન પર મારી નાખવાની ધમકી મળતા પોલિસ ફરિયાદ નોંધાવી



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

દાહોદ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને હાલ જિલ્લા પંચાયતના સદસ્ય શિતલબેન વાઘેલાને તારીખ ૨૫-૧૦-૨૦૨૪ ના રોજ બપોરના ૧ વાગ્યાની આસપાસ સુરેશ રેમન કિશોરીનો મોબાઈલ પર કોલ આવ્યો હતો અને તે વ્યક્તિએ મોબાઈલ પર વાત કરતા બલેન્ડીયા ગ્રામ પંચાયત પાસે ટેક્કરની માહિતી તમે કેમ માંગો છો તેમ કહી અપશબ્દો બોલી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે શીતલબેન વાઘેલા દ્વારા પોતાના પરિવાર સાથે વિચાર વિમર્શ કરી તારીખ ૦૭-૧૧-૨૦૨૪ ના રોજ ચાકલીયા પોલિસ સ્ટેશને જઈ ધમકી આપનાર વ્યક્તિ વિરુદ્ધ કાયદેસરની ફરિયાદ નોંધાવેલ છે.

# ઝાલોદ તાલુકાના પેથાપુર ગામે હાઇવે પર અજાણ્યા વાહને રીક્ષાને અડફેટે લેતા બે ના મોત

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ તાલુકાના પેથાપુર હાઈવે પર હાઈવે પર અશ્વિનભાઈ વિક્રમભાઈ ભૂરીયા પોતાની માલીકીની રીક્ષા GJ-20-W-7276 લઈ પોતાનુ પરિવારનુ કામ પતાવી બીલવાણી મુકામે પત્ની વર્ષાબેન (૨૮ વર્ષ), પુત્રી અનન્યા (૦૮ માસ) અને તેમનો સાળો પ્રિતેશભાઈ બેસીને જતા હતા ત્યારે અચાનક એક અજાણ્યુ ફોર વ્હીલર વાહન ફુલ લાઈટમા પૂરપાટ રીતે હંકારી આવી રહેલ હતો, ગાડીની લાઈટ થી અંજાઈ રીક્ષા ચલાવતા અશ્વિનભાઈ કઈ સમજે તે પહેલા અજાણ્યો ફોર વ્હીલર ચાલક અકસ્માત સર્જી નાસી છૂટેલ હતો. રિક્ષાનુ અકસ્માત સર્જાતા રીક્ષામા બેસેલ ચારેય વ્યક્તિઓ ને ગંભીર ઈજાઓ થયેલ હતી. અશ્વિનભાઈ ભાનમાં હોઈ રાહદારીઓની મદદથી પોતાની રીક્ષા ચાલુ કરી પત્ની, પુત્રી અને સાળાને લઈ પેથાપુર સી.એચ.સી સેંટર ખાતે લઈ જતા ડોક્ટર દ્વારા પુત્રીને તપાસ કરતા મરણ પામેલ હતી અને પત્નીને સારવાર માટે દાખલ કરતા તેનુ સારવાર દરમ્યાન મોત થયું હતું. આ બાબતે પરિવાર દ્વારા અજાણ્યા વાહન ચાલક વિરુધ્ધ પોલિસ ફરિયાદ કરેલ છે.

# RBI-દિલ્હી દ્વારા યોજાયેલી નેશનલ આર્ટ સ્પર્ધામાં VNSGUના ફાઇન આર્ટસ વિભાગની વિદ્યાર્થિની મોનિકા અકોલિયાનું ચિત્ર પ્રદર્શિત કરાયું







। (માહિતી) ગાંધીનગર, તા.૭ ।

(VNSGU)ના ફાઈન આર્ટસ વિભાગની વિદ્યાર્થિની મોનિકા અકોલિયાનું ચિત્ર પ્રદર્શિત કરાયું હતું. જે માટે મોનિકાને દિલ્હી આરબીઆઇ તરફથી વિશેષ પ્રમાણપત્ર અને મોમેન્ટો દ્વારા સન્માનિત કરાયા હતા. મોનિકાએ જણાવ્યું હતું કે, ચિત્ર સબમિશનના એક દિવસ પહેલા જ આ સ્પર્ધા વિષે જાણ થઈ હોવાથી તેણીએ એક જ દિવસે સળંગ ૬ કલાકની મહેનત કરીને પેઈન્ટિંગ તૈયાર કરી ઓનલાઈન દાવેદારી નોંધાવી હતી. મોનિકાએ આરબીઆઇ પર વિસ્તૃત જાણકારી મેળવી વિશેષ ચિત્ર તૈયાર કર્યું હતું. જેની નોંધ RBI-દિલ્હી દ્વારા પણ લેવામાં આવી હતી અને તેઓ ખાસ પ્રશંસાને પાત્ર બન્યા હતા.

# ઉમરગામના પાલી કરમબેલીમાં પ્રાકૃતિક ખેતી તાલીમ યોજાઇ



। (માહિતી) વલસાડ, તા.૭ ।

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં પાલી કરમબેલી ખાતે આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫૦ જેટલા પ્રગતિશીલ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. આ તાલીમ દરમિયાન ઉમરગામ તાલુકાના બ્લોક ટેકનોલોજી મેનેજર તુષાર ગામિત દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે વિસ્તૃતમાં માહિતી આપવામાં આવી હતી સાથે સાથે પશુપાલન અધિકારી ડો. નિર્મલ પટેલ દ્વારા ખેતી સાથે પશુપાલન કેમ જરૂરી છે તેના વિશે માહિતી આપવામાં આવી હતી. તેમણે પશુપાલનમાં થતા રોગ જીવાત અને તેની પોષણ વ્યવસ્થા અંગે વિસ્તૃત સમજ આપી હતી. આ તાલીમમાં સરોન્ડા ગામના પ્રગતિશીલ ખેડૂત પ્રકાશભાઈ પટેલ હાજર રહી પ્રાકૃતિક ખેતી વિશે પોતાના અનુભવો જણાવ્યા હતા. ખેડૂત ઈશ્વરભાઈ પટેલે પણ પ્રાકૃતિક ખેતીથી પોતાના ખેતરમાં થયેલા ફાયદા જણાવી તાલીમાર્થી ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા આહવાન કર્યુ હતું.

# પ્રવાસન વિભાગ, દાદરા નગર હવેલી તેમજ દીવ-દમણ કેન્દ્રશાસિત પ્રદેશ એક્સેલ, લંડન ખાતે વર્લ્ડ ટ્રાવેલ માર્કેટ (WTM)માં સામેલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

પ્રવાસન વિભાગ, દાદરા નગર હવેલી તેમજ દીવ-દમણ કેન્દ્રશાસિત પ્રદેશ, ભારત સરકારના પ્રવાસન મંત્રાલયના ઈન્ડિયન પેવેલિયન ખાતે સહ-પ્રદર્શક તરીકે એક્સેલ, લંડન ખાતે નવેમ્બર ૫-૭, ૨૦૨૪ દરમિયાન વર્લ્ડ ટ્રાવેલ માર્કેટ (WTM) લંડનમાં ભાગ લઈ રહ્યા છે. પેવેલિયનનું ઉદ્ઘાટન ભારતના હાઈ કમિશનર શ્રી વિક્રમ દોરાઈસ્વામી અને પર્યટનના મહાનિર્દેશક સુશ્રી મુગ્ધા સિંહા દ્વારા કરવામાં આવ્યું હતું. આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના પ્રભાવશાળી નેતૃત્વ હેઠળ કેન્દ્રશાસિત પ્રદેશમાં ઘણા પરિવર્તનકારી સુધારાઓ શરૂ કરવામાં આવ્યા છે જે દાદરા અને નગર હવેલીના કેન્દ્રશાસિત પ્રદેશની પ્રગતિમાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યા છે. પ્રશાસક શ્રી પ્રફુલ્લ પટેલના અવિરત પ્રયાસોને કારણે યુટી એડમિનિસ્ટ્રેશન ભારતમાં DNH&DDને એક અગ્રણી પ્રવાસન સ્થળ તરીકે સ્થાન આપવાનું લક્ષ્ય ધરાવે છે અને છેલ્લા ૮ વર્ષમાં વિશ્વસ્તરીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ વિકસાવ્યું છે જેણે પ્રવાસનને ઝડપ થી વેગ આપ્યો છે. WTM લંડન ખાતે સ્ટેન્ડ નંબર N10-220 ...h DNH&DD ટુરિઝમની મુલાકાત લઈ શકાય છે. સ્ટેન્ડની મુલાકાત ડાયરેક્ટર જનરલ ઓફ ટુરીઝમ, ટુરીઝમ મંત્રાલય, ભારત સરકાર - સુશ્રી મુગ્ધા સિંહા દ્વારા લેવામાં આવી હતી. પ્રવાસન વિભાગ, દાદરા નગર હવેલી તેમજ દીવ-દમણ કેન્દ્રશાસિત પ્રદેશે પ્રવાસનને વેગ આપવા માટે વિશ્વસ્તરીય માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે વહીવટીતંત્રની પ્રતિબદ્ધતાને પ્રકાશિત કરી.

# અનેક રોગોમાં શુદ્ધ જળ દવા છે, પાણીથી અનેક નાના-મોટા રોગોમાંથી મુક્તિ મળે છે, તેથી જ જીવસૃષ્ટિ માટે જળ એજ જીવન છે, પાણી માનવીના જીવનમાં આશિર્વાદરૂપ છે – ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ



। (માહિતી) ગાંધીનગર, તા.૭ ।

નીતિ આયોગ દ્વારા એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ અને એસ્પિરેશનલ બ્લોકમાં તા.૦૬થી ૨૦મી નવેમ્બર-૨૦૨૪ દરમિયાન ૧૫ દિવસ સુધી ચાલનારા જળ ઉત્સવ અભિયાનનો નાંદોદ તાલુકાના જીતગઢ ગામની પ્રાથમિક શાળા ખાતેથી ધારાસભ્યશ્રી ડો. દર્શનાબેન દેશમુખની ઉપસ્થિતિમાં જલ બંધન પાણીના સંગ્રહ સ્થળોની પૂજા કરી અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ભારત દેશમાં ૨૦ એસ્પિરેશનલ જિલ્લા પસંદ કર્યા છે તેમાં નર્મદા જિલ્લાની પસંદગી થઈ છે તે આપણું સદભાગ્ય છે. નર્મદા જિલ્લાના નાગરિકોમાં જળ વ્યવસ્થાપન, જળ સંચય અને ટકાઉપણાના મહત્વ પ્રત્યે જાગૃતિ અને સંવેદનશીલતા કેળવાય તે માટે આયોજિત જળ ઉત્સવ અભિયાનના લોન્ચિંગ કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોને સંબોધતા ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખે જણાવ્યું કે, પાણી માટે કોઈ ઉત્સવ થાય તે આ સરકારનો દુરંદેશી એક અદભૂત પ્રયાસ છે. આ કાર્યક્રમના માધ્યમથી લોકજાગૃતિ અને ભાવિ પેઢીના જીવનને ટકાવવા આ આવશ્યક અને જરૂરી છે. સમગ્ર જીવ સૃષ્ટિના જીવનમાં પાણીનું આગવું મહત્વ રહેલું છે. પરંતુ આજના ગ્લોબલ વોર્મિંગના સમયમાં ઋતુઓમાં બદલાવ આવ્યો છે. જંગલો કપાઈને નાશ થતાં ગરમીનું પ્રમાણ વધ્યું છે અને તેના કારણે વરસાદ ઓછો પડવાથી જળ સ્તર ખૂબ નીચા ગયા છે. આવા સમયે આકાશમાંથી પડતા વરસાદી પાણી વહી જતા હતા તે પાણીનો સંચય કરી તળાવ, કૂવા, ખેત તલાવડી, પાળાના માધ્યમથી સંચય કરીને પાણી બચાવીએ જેથી આપણી ભાવી પેઢીને આવનાર સમયમાં પાણી માટે કોઈ મુશ્કેલી ન સર્જાય. ધારાસભ્યશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં જળ સંચય માટેના રાજ્યના વિવિધ જિલ્લાઓમાં અનેક પ્રયાસો થઈ રહ્યા છે. સરકારી શાળાઓમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ લગાવીને પાણી બચાવવાનું કાર્ય થઈ રહ્યું છે જેનાથી બાળકો પણ પાણી બચાવતા શીખી રહ્યા છે, ત્યારે આપણે પણ પાણીનો સદઉપયોગ કરતા શીખીએ અને આપણી આવનારી ભાવી પેઢીને પાણીની અમૂલ્ય ભેટ આપીએ. નર્મદા જિલ્લામાં સરદાર સરોવર નર્મદા બંધ અને કરજણ ડેમ જેવા બે મહત્વના જળાશયો આવેલા છે જેના કારણે ખેતી, ઘર વપરાશ અને પીવા માટે પુરતા પ્રમાણમાં લોકોને પાણી મળી રહે છે. ધારાસભ્યશ્રીએ જણાવ્યું કે, પાણી બચાવવા માટે આપણા વડીલોએ જે શીખ આપી શીખવી ગયા તેને આપણે અનુસરીએ, કારણ કે અનેક રોગોમાં શુધ્ધ જળ એ દવા છે, પાણીથી અનેક નાના-મોટા રોગોમાં થી મુક્તિ મળે છે તેથી જ ડોક્ટર દિવસમાં ૮-૧૦ ગ્લાસ પાણી પીવાની ભલામણ કરે છે. તેથી જ જળ આપણા માટે જીવસૃષ્ટિના જીવન માટે પાણી આશિર્વાદરૂપ છે. પ્રધાનમંત્રી કહે છે કે, વિકાસમાં વિશ્વાસ અને સૌના સાથની જરૂરિયાત હોય છે ત્યારે આપણે સૌ અહીંથી એકતાનો સંદેશો લઈને જઈએ અને પાણી બચાવવાના પાવન કાર્યમાં સૌ સહભાગી બનીએ તેવી એક ડોક્ટર તરીકે હદયસ્પર્શી અપીલ કરી હતી. એસ્પિરેશનલ નર્મદા જિલ્લામાં તા. ૦૬ નવેમ્બર-૨૦૨૪ને બુધવારના રોજ નાંદોદ તાલુકાના જીતગઢ ગામેથી પ્રારંભ થયેલા આ જલ ઉત્સવ અભિયાનનો મુખ્ય હેતુ પાણીને મુખ્ય અગ્રતા આપવા લોકોમાં જળ સંસાધનોના સંરક્ષણ પ્રત્યે જવાબદારીની ભાવના કેળવાય, દરેક પરિવારો, સ્થાનિક સમુદાયો તેમાં સ્વયંભૂ સામેલ થાય તેવો છે.

# 'કાવેરી મીટ્સ ગંગા' ઉત્સવ દ્વારા ભારતીય સાંસ્કૃતિક વારસાની જીવંત ઉજવણી કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કાવેરી મીટ્સ ગંગા ઉત્સવ, સંસ્કૃતિ મંત્રાલયની અમૃત પરમ્પરા શ્રેણી હેઠળ સાંસ્કૃતિક ઉજવણીની ઓળખ છે, તેના અંતિમ દિવસનું સમાપન કર્તવ્ય પથ અને CCRT દ્વારકા ખાતે વાઈબ્રન્ટ પ્રદર્શન સાથે થયું. ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાન અને કાયદા અને ન્યાય રાજ્ય મંત્રી અર્જુન રામ મેઘવાલે કર્તવ્ય પથ ખાતે આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. ૨જીથી ૫મી નવેમ્બર ૨૦૨૪ દરમિયાન આયોજિત ઉત્સવ એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવનાને મૂર્તિમંત કરીને ભારતની પરંપરાગત અને લોક કલાઓની સમૃદ્ધ ટેપેસ્ટ્રીને પ્રકાશિત કરે છે. સંસ્કૃતિ મંત્રાલયની સ્વાયત્ત સંસ્થાઓ-સંગીત નાટક અકાદમી, કલાક્ષેત્ર અને CCRT દ્વારા સંયુક્ત રીતે આયોજીત કાવેરી મીટ્સ ગંગા ઉત્સવ શ્રેણી ઉત્તર ભારતમાં દક્ષિણ ભારતીય સંગીત અને નૃત્યનું અસાધારણ મિશ્રણ લાવ્યું. જ્યારે ઉત્તરીય કલાત્મક પરંપરાઓની પણ ઉજવણી કરી. ચેન્નાઈના ઉજવાયેલા માર્ગાઝી ફેસ્ટિવલમાં થી પ્રેરણા લઈને, આ કાર્યક્રમે તેની પરંપરાગત અને લોક કલાઓથી ભારતના વૈવિધ્યસભર સાંસ્કૃતિક વારસાનું પ્રદર્શન કર્યું. સાંસ્કૃતિક મંત્રાલય પરંપરાગત કલા સ્વરૂપોને પુનઃજીવિત કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને આ શ્રેણીને રજૂ કરવામાં ગર્વ અનુભવે છે, ખાસ કરીને તે લુપ્ત થવાનું જોખમ છે. ઈમર્સિવ ટેક્નોલોજી અને આધુનિક પ્રેઝન્ટેશન ટેકનિકને એકીકૃત કરીને, અમૃત પરમ્પરાનો ઉદ્દેશ્ય અવિસ્મરણીય અનુભવો બનાવવાનો છે, જે ભારતના કલાત્મક વારસાને સન્માનિત કરે છે અને વિવિધતામાં એકતાના સરદાર પટેલના વિઝનનું ઉદાહરણ આપે છે. સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની બે વર્ષની સ્મૃતિના ભાગરૂપે, આ તહેવાર રાષ્ટ્રીય ગૌરવ સાથે ગુંજી ઉઠ્યો, તેમના વારસાને તહેવારના સાંસ્કૃતિક એકતાના સંદેશ સાથે જોડ્યો. ઉત્સવનો ચોથો અને અંતિમ દિવસ પ્રભાવશાળી પ્રદર્શન સાથે સમાપ્ત થયો, દરેક ભારતની સાંસ્કૃતિક પરંપરાઓની સમૃદ્ધિનો જીવંત પ્રમાણપત્ર છે. કર્તવ્ય પથ ખાતે, કેરળના પ્રખ્યાત પેરુમનૂર નેરારિવુ જૂથ દ્વારા રાજ્યની સમૃદ્ધ લોક પરંપરાઓને જીવંત કરીને સાંજની શરૂઆત ઉત્સાહપૂર્ણ લોક પ્રદર્શન સાથે થઈ હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને લાભ કરાવશે. કિલ્લા જેવી જીવનશૈલી તથા હંમેશાં સુરક્ષાની ચિંતા કરવી એ બાબત તમારી માનસિક તથા શારીરિક વિકાસ પર અસર કરશે. આ બાબત તમને નર્વસ કરી મુકશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો. તમારા દિલ પર રૉમાન્સનું રાજ હશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. તમારો વધારાનો સમય નિઃસ્વાર્થ સેવામાં સમર્પિત કરો. આ બાબત તમને આનંદ આપશે તથા તમારા પરિવારને પણ અપાર આનંદ આપશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારા વજન પર નજર રાખો અને વધુ પડતું ખાવાનું ટાળો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં- તેઓ તાણ હેઠળ હોઈ શકે અને શક્ય છે કે તેમને તમારી સહાનુભૂતિ તથા સમજની જરૂર હોય. આજે તમારા પ્રિયપાત્રને કોઈ પ્રેમભરી વાત ન કરતા.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? તમારા પરિવારના સભ્યો પ્રત્યે તમારો પ્રભુત્વભર્યા અભિગમને કારણે વિના કારણ દલીલો શરૂ થશે તથા ટીકાઓ પણ સર્જાઈ શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે. તમારા જીવનસાથીના સંબંધીઓ તરફથી સર્જાતા અવરોધોને કારણે તમારો દિવસ થોડોક અડચણભર્યો રહેશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. આજે તમારો પ્રણય સાથૂી તમને કશું ક અતિ સુંદર કરીને આશ્ચર્યચકિત કરી મુકશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. આજના દિવસને ખાસ બનાવવા માટે તમારા પરિવાર સાથે સાંજે કૅન્ડલ લાઈટ ડીનર માણો. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યા સમાચાર તમારો દિવસ ઝળહળતો કરી મુકશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે. આજે તમે રોમેન્ટિક સ્પંદનો અનુભવશો.




નવી દિલ્હીમાં બે દિવસીય 'કાઉન્ટર ટેરરિઝમ કોન્ફરન્સ-૨૦૨૪'ના ઉદ્‌ઘાટન દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આતંક વિરોધી પરિષદના ઉદ્‌ઘાટન સત્રને સંબોધિત કરે છે.

## પર્થ ટેસ્ટમાં રોહિતની જગ્યા લઈ શકે છે કે.એલ. રાહુલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ન્યૂઝીલેન્ડ સામેની હોમ સીરિઝમાં ટીમ ઈન્ડિયાની હાર બાદ બોર્ડર ગાવસ્કર ટ્રોફીને લઈને દરેક લોકો પરેશાન છે. જ્યારે ખબર પડી કે કેપ્ટન રોહિત શર્મા અંગત કારણોસર પર્થ ટેસ્ટમાંથી બહાર થઈ શકે છે, ત્યારે ઓપનિંગને લઈને ચર્ચાઓ તેજ થઈ ગઈ. હવે બે નવા નામ સામે આવ્યા છે જેની વચ્ચે સ્પર્ધા શરૂ થઈ ગઈ છે. ભારત છ અને ઓસ્ટ્રેલિયા છ વચ્ચેની મેચમાં તમામની નજર બંને ખેલાડીઓ પર રહેશે. આ ઓપનિંગ રેસમાં કયો ખેલાડી આગળ રહે તે જોવું રસપ્રદ રહેશે.

ઈએસપીએન ક્રિકઈન્ફોના રિપોર્ટ અનુસાર, કેએલ રાહુલ અને અભિમન્યુ ઈશ્વરન આ રેસમાં સામેલ છે. બંને ખેલાડીઓ ઓસ્ટ્રેલિયા છ સામે ઓપનિંગ કરતા જોવા મળી શકે છે. ભારત છ અને ઓસ્ટ્રેલિયા છ વચ્ચેની મેચ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ૭ નવેમ્બરથી ભારતીય સમય અનુસાર સવારે ૫ વાગ્યે રમાશે. બંને ખેલાડીઓના પ્રદર્શનને જોયા બાદ જ પર્થ ટેસ્ટ માટે ઓપનિંગ જોડી નક્કી કરી શકાશે. બીજા છેડે યશસ્વી જયસ્વાલનું સ્થાન નિશ્ચિત છે.

ડોમેસ્ટિક ક્રિકેટમાં અભિમન્યુ ઈશ્વરને દમદાર બેટિંગ કરી છે. તેણે એક બાદ એક મોટી ઈનિંગો રમી, જેના પરિણામ સ્વરૂપે તેને ઓસ્ટ્રેલિયાના પ્રવાસ માટે ટીમમાં તક મળી છે. હવે અભિમન્યુ ઓસ્ટ્રેલિયા એ વિરુદ્ધ સારી બેટિંગ કરે તો તેને ત્રીજા ઓપનર તરીકે જોવામાં આવી શકે છે. ઈન્ડિયા એની કમાન રુતુરાજ ગાયકવાડ સંભાળી રહ્યો છે.

કેએલ રાહુલ અને ધ્રુવ જુરેલને ઈન્ડિયા એ તરફથી રમવા માટે પહેલા ઓસ્ટ્રેલિયા મોકલી દેવામાં આવ્યા હતા. રાહુલને બાંગ્લાદેશ સામે સિરીઝ અને ન્યૂઝીલેન્ડ સામે પ્રથમ ટેસ્ટમાં તક મળી પરંતુ તે નિષ્ફળ રહ્યો હતો. હવે ઓસ્ટ્રેલિયા એ વિરુદ્ધ રાહુલ મોટી ઈનિંગ ન રમે તો તેણે અંતિમ ઈલેવનમાંથી બહાર રહેવું પડી શકે છે. રાહુલ સિવાય ધ્રુવ જુરેલ પર પણ બધાની નજર રહેશે.

### એલન મસ્કે ઝટકામાં કરી ૨૦ હજાર કરોડની કમાણી

## ડોનાલ્ડ ટ્રમ્પની જીતથી ટેસ્લાએ બનાવ્યો રેકોર્ડ

**વાસ્તવમાં યુએસ માર્કેટમાં તેજી વચ્ચે મસ્કની કંપની ટેસ્લાના શેરમાં ૧૫ ટકાનો ઉછાળો આવ્યો હતો**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામો આવી ગયા છે અને ડોનાલ્ડ ટ્રમ્પ ફરીથી રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા છે. તેમણે ભારતીય મૂળના કમલા હેરિસને હરાવ્યા હતા. ટ્રમ્પની જીતથી અમેરિકન શેરબજારમાં તેજી જોવા મળી હતી. સાથે ભારતીય શેરબજારમાં પણ ઉછાળો જોવા મળ્યો હતો. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલન મસ્ક પર રૂપિયાનો વરસાદ થયો હતો. મસ્કે માત્ર ૨૪ કલાકમાં ૨ લાખ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. વાસ્તવમાં યુએસ માર્કેટમાં તેજી વચ્ચે મસ્કની કંપની ટેસ્લાના શેરમાં ૧૫ ટકાનો ઉછાળો આવ્યો હતો. અમેરિકી ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ જીત્યા ત્યારે અમેરિકન શેરબજારમાં જોરદાર તેજી જોવા મળી હતી. ડાઉ જોન્સ ૧૫૦૮ પોઈન્ટ અથવા ૩.૫૭ ટકા વધીને ૪૩,૭૨૯ ના સ્તર પર પહોંચી ગયો છે. જ્યારે S&P500માં પણ તેજી જોવા મળી હતી. તે ૨.૫૩ ટકા ઉછળ્યો હતો. એટલું જ નહીં, Nasdaqમાં પણ લગભગ ૩ ટકાનો વધારો જોવા મળ્યો હતો. અમેરિકન માર્કેટમાં આવેલી આ તેજીને કારણે ઘણી કંપનીઓના શેર વિક્રમી ઊંચાઈ સાથે ઉછળ્યા અને મસ્કથી લઈને જેફ બેઝોસ સુધીના દરેકની નેટવર્થમાં જોરદાર ઉછાળો આવ્યો હતો. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ મસ્કને ટ્રમ્પની જીતને કારણે અમેરિકન માર્કેટમાં આ તેજીનો સૌથી વધુ ફાયદો થયો અને તેમની નેટવર્થમાં જોરદાર ઉછાળો આવ્યો હતો. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, મસ્કની નેટવર્થમાં ૨૬.૫ બિલિયન ડોલર અથવા લગભગ ૨૨,૩૨,૬૫ કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો છે. સંપત્તિમાં આ વધારા પછી મસ્કની નેટવર્થ ૨૯૦ બિલિયન ડોલર થઈ ગઈ છે. મસ્કની સંપત્તિમાં આ ઉછાળા પાછળનું કારણ તેની ઈલેક્ટ્રિક કાર મેન્યુફેક્ચરિંગ કંપની ટેસ્લાના શેરમાં મજબૂત વધારો છે. ડોનાલ્ડ ટ્રમ્પની જીતના સમાચારને કારણે ટેસ્લાના શેરમાં લગભગ ૧૫ ટકાનો ઉછાળો આવ્યો હતો. ટેસ્લાના શેર ૨૮૪.૬૭ ડોલરના સ્તરે ખૂલ્યા અને ૨૮૯.૫૯ ડોલરના સ્તર સુધી પહોંચ્યો હતો. બજારના બંધ સમયે થવા સમયે ટેસ્લાનો આ સ્ટોક ૧૪.૭૫ ટકાના જંગી વધારા સાથે ૨૮૮.૫૩ ડોલર પર બંધ થયો હતો. અમેરિકન શેરબજારમાં ઉછાળાની અસર માત્ર મસ્કની સંપત્તિ પર જ દેખાતી નથી પરંતુ ટોપ-૧૦ બિલિયોનેર્સની યાદીમાં સામેલ અન્ય દિગ્ગજોની સંપત્તિમાં પણ જોરદાર વધારો જોવા મળ્યો હતો.

### CBSE બોર્ડની મોટી કાર્યવાહી

## ગેરરીતિઓ પકડાતાં ૨૧ સ્કૂલની માન્યતા રદ, ૬નો દરજ્જો ઘટાડ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE)એ ડમી વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી શાળાઓ સામે કાર્યવાહી કરી છે. આ અંગે ૨૧ શાળાઓનું જોડાણ છીનવી લેવામાં આવ્યું છે, જેમાંથી ૧૬ શાળાઓ દિલ્હીની અને પાંચ શાળા રાજસ્થાનની છે.

દિલ્હીની છ વરિષ્ઠ માધ્યમિક શાળાઓનો દરજ્જો ઘટાડીને માધ્યમિક કરવામાં આવ્યો છે. જે શાળાઓનું જોડાણ પાછું ખેંચવામાં આવ્યું છે તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમનું ચાલુ સત્ર પૂર્ણ કરી શકશે.

આગામી સત્રથી શાળાઓ પર કાર્યવાહી લાગુ કરવામાં આવશે. આ પગલું સપ્ટેમ્બરમાં રાજસ્થાન અને દિલ્હીની શાળાઓમાં કરવામાં આવેલા ઓચિંતા નિરીક્ષણને અનુસરે છે, જેમાં ઘણી ક્ષતિઓ જોવા મળી હતી. ઝમ્જીઈ અનુસાર, કાર્યવાહીના દાયરામાં આવેલી શાળાઓમાં ધોરણ ૯થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ગેરહાજર હતા. ઉમેદવારો અને રેકોર્ડની જાળવણી પણ યોગ્ય ન હતી. શાળાઓના જોડાણ અને પરીક્ષાના નિયમો અનુસાર, વિદ્યાર્થીઓના નિયમિત હાજરીના ધોરણો ચકાસવા માટે સપ્ટેમ્બરમાં રાજસ્થાન અને દિલ્હીમાં શાળાઓની ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. ઝમ્જીઈ સેક્રેટરીએ કહ્યું કે, 'તમામ ૨૭ ડમી સ્કૂલોને કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી છે અને ૩૦ દિવસમાં તેમનો જવાબ માંગવામાં આવ્યો છે.'

## સઉદી અરબમાં હવામાનમાં મોટો ફેરફાર થવાથી આશ્ચર્ય!!

। (એજન્સી) રીયાદ, તા.૭ ।

ગરમ અને સુકા પ્રદેશ તરીકે ઓળખાતા સઉદી અરબમાં હવામાનમાં મોટો ફેરફાર વિશ્વના સૌ કોઈને ચોંકાવી રહ્યું છે. ગતવર્ષે જ દુબઈમાં મૂશળધાર વરસાદના લીધે સર્જાયેલી પુરની તારાજી બાદ આ વખતે સઉદી અરબના રણોમાં બરફની ચાદરો પથરાઈ છે. સોશિયલ મીડિયા પર સઉદી અરબમાં હિમવર્ષા થઈ હોવાના વીડિયો વાયરલ થયા છે. જેમાં સઉદી અરબના રણોમાં બરફની ચાદર પથરાઈ છે. જેને લોકો હિમ વર્ષા માની રહ્યા છે. પરંતુ વાસ્તવમાં અલ-જૌફ વિસ્તારમાં બુધવારે બરફના કરાં સાથે પડેલા ભારે વરસાદના કારણે રણ અને પહાડો પર સફેદ બરફની ચાદર પથરાઈ હતી.

### હાર બાદ કમલા હેરિસે સમર્થકોને કહ્યું

## લોકતંત્ર અને સમાન ન્યાય માટેની લડાઇ છોડીશ નહીં

**તેમણે ટ્રમ્પને ચૂંટણીની જીત પર અભિનંદન આપવા ફોન કર્યો : ટ્રમ્પ સાથે ફોન પર વાતચીત દરમિયાન તેમણે સત્તાના શાંતિપૂર્ણ સ્થાનાંતરણનું વચન આપ્યું હતું**

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ સામે હાર બાદ ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર કમલા હેરિસે બુધવારે પોતાની હાર સ્વીકારી લીધી હતી. તેમણે વોશિંગ્ટન ડીસીમાં હાવર્ડ યુનિવર્સિટીમાં પોતાના હજારો સમર્થકોને કહ્યું હતું કે "હું આ ચૂંટણીને સ્વીકારું છું પરંતુ હું ક્યારેય લોકશાહી અને સમાન ન્યાય માટેની લડાઈ છોડીશ નહીં. નોંધનીય છે કે અમેરિકાની રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ટ્રમ્પે બહુમત માટે જરૂરી ૨૭૭ ઈલેક્ટોરલ વોટ હાંસલ કર્યા હતા. તેમણે પેન્સિલવેનિયા, જ્યોર્જિયા, નોર્થ કેરોલિના સહિતના અન્ય સ્વિંગ રાજ્યોમાં જીત મેળવી હતી. ડેમોક્રેટિક ઉમેદવાર હેરિસે પોતાના સમર્થકોને કહ્યું કે હવે સ્વતંત્રતા, ન્યાય અને ભવિષ્ય માટે એક થવાનો, સંગઠિત થવાનો અને સાથે મળીને કામ કરવાનો સમય છે. આપણે બધા જાણીએ છીએ કે આપણે આ સાથે મળીને કરી શકીએ છીએ. તેમણે કહ્યું કે તેમણે ટ્રમ્પને તેમની ચૂંટણીની જીત પર અભિનંદન આપવા માટે વહેલી સવારે ફોન કર્યો હતો. ટ્રમ્પ સાથે ફોન પર વાતચીત દરમિયાન તેમણે સત્તાના શાંતિપૂર્ણ સ્થાનાંતરણનું વચન આપ્યું હતું.

જો કે, તેમણે એમ પણ કહ્યું કે તેમના સમર્થકોમાં નિરાશા છે પરંતુ આપણે ચૂંટણી પરિણામો સ્વીકારવા જોઈએ. હું સમજું છું પણ આપણે આ ચૂંટણીના પરિણામો સ્વીકારવા જોઈએ. તેમણે કહ્યું કે મેં તેમને એમ પણ કહ્યું હતું કે અમે તેમની મદદ કરીશું અને અમે સત્તાના શાંતિપૂર્ણ હસ્તાંતરણમાં સામેલ થઈશું. અમેરિકી ચૂંટણીમાં હાર બાદ કમલા હેરિસના સમર્થકો દ્વારા કાઢવામાં આવેલી રેલીમાં ખૂબ નિરાશા હતી. હજારો સમર્થકો શાંત હતા. આ રેલીમાં ભૂતપૂર્વ હાઉસ સ્પીકર નેન્સી પેલોસી અને ડીસી મેયર મ્યૂરિયલ બોસર પણ જોવા મળ્યા હતા. રેલી પછી હેરિસના પરિવારના કેટલાક સભ્યો બહાર નીકળતી વખતે આંસુ લૂછતા જોવા મળ્યા હતા. જો કે, કમલા હેરિસે સમર્થકોને જોઈને ટૂંક સમયમાં જ આક્રમક મૂડ અપનાવ્યો અને કહ્યું કે તે અને તેના સમર્થકો જે મુદ્દા માટે લડ્યા છે તેના માટે તેઓ લડતા રહેશે. તેમણે કહ્યું કે આપણા દેશમાં અમે કોઈ પ્રમુખ કે પક્ષ માટે નહીં પરંતુ અમેરિકન બંધારણ અને અમારા અંતરાત્મા અને અમારા ભગવાન પ્રત્યે પ્રતિબદ્ધ છીએ.

### કમલા હેરિસને ભારે પડી અલ્પસંખ્યકોની નારાજગી

**અમેરિકાને તેના ૪૭મા રાષ્ટ્રપતિ મળી ગયા છે. ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ચૂંટણીમાં ભવ્ય જીત હાંસલ કરીને સુપરપાવર અમેરિકાના સુપર બોસ બની ગયા છે પરંતુ ટ્રમ્પના રાષ્ટ્રપતિ બનવા પર ભારતના મુસ્લિમો શું વિચારે છે? ટ્રમ્પને ફરી કમાન મળતાં મુસ્લિમોની શું પ્રતિક્રિયા છે આવો જોઈએ. આ શબ્દો અમેરિકાના ૪૭મા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના છે. તેમણે ભવ્ય જીત બાદ પોતાની સ્પીચમાં અમેરિકાના તમામ રાજ્યના તમામ સમાજના લોકોનો આભાર માન્યો. ડોનાલ્ડ ટ્રમ્પને સ્વિંગ સ્ટેટ સહિત મુસ્લિમ પ્રભાવિત રાજ્યમાં પણ સારો પ્રતિસાદ મળ્યો. જે દર્શાવે છે કે મુસ્લિમોએ પણ હવે ડોનાલ્ડ ટ્રમ્પને પોતાના દિલમાં જગ્યા આપી દીધી છે. ભારતમાં રહેતાં મુસ્લિમ લોકો પણ માને છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને શાંત કરાવશે અને તેનો સંકેત ડોનાલ્ડ ટ્રમ્પે વિક્ટ્રી સ્પીચમાં આપી દીધો છે. મિડલ ઈસ્ટમાં શાંતિ સ્થાપિત કરવાનો તે પ્રયાસ કરશે. તેમણે સતત યુદ્ધને રોકવાની વકાલત કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકામાં મુસ્લિમોનું સારું એવું સમર્થન મળ્યું છે. જેનો પુરાવો મિશિગનમાં મળેલી જીત છે કેમ કે મિશિગન હંમેશા ડેમોક્રેટિક પાર્ટીનો ગઢ રહ્યો છે. આ વખતની ચૂંટણીમાં. ડોનાલ્ડ ટ્રમ્પને ૨૭ લાખ ૫૬ ૨૮૭ મત મળ્યા. જ્યારે કમલા હેરિસને ૨૬ લાખ ૬૪ ૮૬૫ મત મળ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ ભરે ટ્રાવેલ બેનની વાત કરી રહ્યા હોય કે પછી બીજી કોઈ પરંતુ મુસ્લિમ મતદારોને મિડલ ઈસ્ટમાં શાંતિ સ્થાપિત કરવાની વાત જરૂર સમજમાં આવી રહી છે.**

### બંગાળની ખાડીમાં ઉથલપાથલ

## ફરી એકવાર ચક્રવાતી તોફાન એક્ટિવ થવાનું એલર્ટ અપાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

દિવાળી બાદ દેશભરમાં માહોલ બદલાઈ ચૂક્યો છે. સમગ્ર ભારતમાં ઠંડીની અસર જોવા મળી રહી છે. આ બધા વચ્ચે હવામાન વિભાગે ફરીથી એકવાર ચક્રવાતી તોફાન એક્ટિવ થવાનું એલર્ટ આપ્યું છે. બંગાળની ખાડીમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન બની રહ્યું છે. જેના પગલે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થશે અને સમુદ્રી કાંઠાવાળા રાજ્યોમાં વરસાદ પડશે. આંધી તોફાન સાથે વીજળીના ગડગડાટ અને કરા પડવાની પણ ચેતવણી અપાઈ છે. આવામાં ચક્રવાતી તોફાન એકવાર ફરીથી તબાહી મચાવવા માટે તૈયાર છે. હવામાન વિભાગે ૧૨ નવેમ્બર સુધી સાઉથ ઈન્ડિયા અને નોર્થ ઈન્ડિયાના કેટલાક રાજ્યોમાં વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. જાણો હવામાન આગાહી અંગે લેટેસ્ટ અપડેટ.

હવામાન વિભાગના રિપોર્ટ મુજબ બંગાળની ખાડીમાં સેન્ટરમાં સાઈક્લોનિક સર્ક્યુલેશનની સ્થિતિ બની રહી છે. જેના પ્રભાવથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એક્ટિવ થશે અને હવાઓનું ચક્રવાત બનશે. જેની અસરથી ૧૨ નવેમ્બર સુધી કેરળ, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, પુડુચેરી, મણિપુર, નાગાલેન્ડ, મિઝોરમ, ત્રિપુરા, આંદમાન નિકોબાર ટાપુઓમાં તોફાની પવન ફૂંકાઈ શકે છે. ગાજવીજ સાથે વીજળી ચમકશે અને ભારે વરસાદના એંધાણ છે. મણિપુરના કેટલાક વિસ્તારોમાં કરા પડી શકે છે. ૮થી ૧૦ નવેમ્બર વચ્ચે કેરળ અને માહે, આંધ્રના કાંઠા વિસ્તારો, યનમ અને રાયલસીમામાં છૂટાછવાયા કરાવૃષ્ટિ થવાની શક્યતા છે. આવામાં હવામાન વિભાગે લોકોને સતર્ક રહેવાની સલાહ આપી છે. છેલ્લા ૨૪ કલાકના હવામાન રિપોર્ટની વાત કરીએ તો હવામાન વિભાગના રિપોર્ટ મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં અનેક રાજ્યોમાં ન્યૂનતમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર થયો નથી. દેશના પશ્ચિમ મધ્ય પ્રદેશ, રાયલસીમા, તમિલનાડુ, પુડુચેરી, અને કરાઈકલ, કેરળને બાદ કરતા બાકી રાજ્યોમાં ન્યૂનતમ તાપમાન સતત ઉપર બનેલું છે. માહેમાં કેટલાક સ્થળો પર ન્યૂનતમ તાપમાનમાં ૧-૨ સેલ્સીયસનો ઘટાડો થયો છે.

## મહારાષ્ટ્ર ચૂંટણી : રાજ ઠાકરેના પુત્રને ભાજપ નહીં આપે સમર્થન

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ભાજપ રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરેને વિધાનસભા ચૂંટણીમાં સમર્થન નહીં આપે. મહત્વનું છે કે અમિત ઠાકરે માહિમ સીટથી ચૂંટણી લડી રહ્યા છે. મહારાષ્ટ્ર ભાજપના નેતા આશિષ શેલારે કહ્યું છે કે ભાજપ સમર્થન નથી કરી રહ્યું. ભાજપ મહારાષ્ટ્રમાં માત્ર એક સીટ પર રાજ ઠાકરેની પાર્ટી સ્દ્ગજીને સમર્થન આપી રહી છે અને તે સીટ રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરેની નથી. આ મુંબઈની શિવડી વિધાનસભા બેઠક છે, જ્યાં સ્દ્ગજી નેતા અને રાજ ઠાકરેના નંબર ૨ લેફ્ટનન્ટ બાલા નંદગાંવકર ચૂંટણી લડી રહ્યા છે. જો કે આ પહેલા ભાજપે માહિમ બેઠક પર સમર્થનની વાત કરી હતી. માહિમ એ જ સીટ છે.

### યોગીના બટેંગે તો કટેંગે પર અખિલેશના પ્રહાર

## અખિલેશે કહ્યું કે, અંગ્રેજ જતાં રહ્યાં અને આમને મૂકતા ગયા

। (એજન્સી) લખનૌ, તા.૭ ।

ઉત્તર પ્રદેશમાં વિધાનસભા પેટા ચૂંટણીને લઈને રાજકીય તાપમાન ગરમ છે. નેતાઓ એકબીજા પર ક્યારેક શાબ્દિક તો ક્યારેક પોસ્ટર થકી પ્રહાર કરી રહ્યાં છે. આ દરમિયાન સપા સુપ્રીમો અખિલેશ યાદવે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના 'બંટેંગે તો કટેંગે' વાળા નિવેદન પર ફરી પ્રતિક્રિયા આપી છે. અખિલેશે કહ્યું કે, અંગ્રેજ જતાં રહ્યાં અને આમને મૂકતા ગયાં. ભારતીય સમાજ આવા નારાને સમર્થન નહીં આપે.

હકીકતમાં, થોડા દિવસો પહેલાં મુખ્યમંત્રી યોગીએ પોતાના ભાષણમાં 'બટેંગે તો કટેંગે'નો ઉલ્લેખ કરી હિન્દુ સમાજને એકજૂટ રહેવાનો સંદેશ આપ્યો હતો. તેમના આ નિવેદન બાદ લખનૌમાં ઘણી જગ્યાએ ભાજપ નેતાએ આ નિવેદનના પોસ્ટર પણ લગાવ્યા. જવાબમાં સપા કાર્યકર્તાઓ તરફથી 'ના બટેંગે ના કટેંગે, મઠાધીશ સત્તા સે હટેંગે...'ના પોસ્ટર લગાવવામાં આવ્યાં. આ પહેલાં પણ 'PDA જોડેગી ઔર જીતેગી' જેવા નારા લખેલા પોસ્ટર લગાવવામાં આવ્યા હતાં. જોકે, હવે આ નિવેદનબાજી અને 'પોસ્ટર પ્રહાર' દરમિયાન સપા સુપ્રીમોની અન્ય એક પ્રતિક્રિયા સામે આવી છે. જેમાં અખિલેશ યાદવે કહ્યું કે, 'જનતા આ નારાને ક્યારેય સમર્થન નહીં આપે. ભાજપ તો ડિવાઈડ એન્ડ રૂલમાં વિશ્વાસ રાખે છે. અંગ્રેજ જતાં રહ્યાં અને આમને મૂકતા ગયાં. ભારતીય સમાજ આવા નારાનો સાથ નહીં આપે.' થોડા દિવસ પહેલાં ઝારખંડમાં ચૂંટણી જનસભામાં બોલતા મુખ્યમંત્રી યોગીએ કહ્યું હતું કે, પોતાની તાકાતની અનુભૂતિ કરાવો, જાતિઓમાં વિભાજિત નથી થવાનું. જાતિના નામે અમુક લોકો તમારામાં ભાગલા પાડશે, કોંગ્રેસ અને વિપક્ષ આ જ કામ કરે છે.

આ લોકો બાંગ્લાદેશી ઘૂસણખોર, રોહિંગ્યાને બોલાવી રહ્યાં છે. એક દિવસ આ લોકો તમારા ઘરમાં ઘંટડી અને શંખ પણ નહીં વાગવા દે. તેથી એક રહો અને નેક રહો. દેશનો ઈતિહાસ સાક્ષી છે કે, જ્યારે પણ આપણે વિભાજિત થયાં, નિર્મમતાથી કપાયા છીએ.'

**ન્યૂઝ બ્રિફ**

## ગુજરાતમાં વિદ્યાસહાયકોની ૧૩ હજારથી વધુ જગ્યા ઉપર ભરતી

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

ગુજરાત સરકારે પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયકની મોટા પાયે ભરતીની જાહેરાત કરાઈ હતી. જેમાં કુલ ૧૩, ૮૫૨ જગ્યાઓ પર વિદ્યાસહાયકની ભરતી કરાશે. જેને લઈને આજથી (સાતમી નવેમ્બર) ઓનલાઈન અરજી કરી શકાશે. જેની છેલ્લી તારીખ ૧૬મી નવેમ્બર છે. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૧થી ૫માં ૫૦૦૦ જગ્યાઓ માટે ભરતી કરાશે. ધોરણ ૬થી ૮માં ગુજરાતી માધ્યમમાં ૭૦૦૦ જગ્યા પર ભરતી કરાશે. જ્યારે ધોરણ ૧થી ૮માં ગુજરાતી સિવાયના અન્ય માધ્યમમાં ૧૮૫૨ જગ્યા પર ભરતી કરાશે. આ ભરતી માટે ગુરૂવાર (સાતમી નવેમ્બર)થી ઓનલાઈન અરજી કરી શકાશે. જ્યારે અરજી કરવાની છેલ્લી તારીખ ૧૬મી નવેમ્બર છે. અરજી કરના ઉમેદવારોએ ભરતી અંગેનું ઓનલાઈન અરજી પ્રત્રક vsb.dpegujarat.in ઉપર ભરી શકાશે.

## જામનગરના મહારાજા શત્રુશલ્યસિંહજી જાડેજાની અચાનક જ તબિયત લથડી

। (એજન્સી) જામનગર, તા.૭ ।

જામનગરના મહારાજા શત્રુશલ્યસિંહજી જાડેજાની તબિયત અચાનક લથડી છે. ડોક્ટરોએ તેમના બંગલો પર આવી તાત્કાલિક સારવાર આપી હતી. આ સાથે નાદુરસ્ત તબિયતના કારણે તબીબોએ જામસાહેબને આરામ કરવાની સલાહ આપી છે. જામસાહેબે એક પત્ર જાહેર કરાવી શુભેચ્છકોને સંદેશ આપ્યો છે, જેમાં કહેવાયું છે કે, 'જામ સાહેબને આરામ કરવા માટે ખૂબ જ ગંભીરતા પૂર્વક સલાહ આપવામાં આવી છે. તેથી શક્ય હોય ત્યાં સુધી મુલાકાતીઓ અને ફોન પર વાત કરવાથી પણ દૂર રાખવામાં આવી રહ્યા છે.' જામ સાહેબ વતી પત્રમાં લખવામાં આવ્યું છે કે, 'ક્ષમા ચાહું છું મિત્રો, પરંતુ હું કોશિશ કરીશ જ્યારે સાજો થઈ જઈશ ત્યારે ફરી મળતા રહીશું.' જામ સાહેબના નજીકના સુત્રોનું કહેવું છે કે, જામ સાહેબને ઉંમરને લગતી સમસ્યા છે. દિવાળીના તહેવારોના સમયમાં વધારે લોકો તેમને મળવા આવ્યા. સાથે જ અનેક ફોન કોલ આવ્યા, જેના કારણે બાપુ થાકી ગયા છે. જેથી તેમને શારીરિક અને માનસિક આરામની જરૂર છે.

## ૭૫ વર્ષીય વૃદ્ધનો ઝીકા વાયરસનો રિપોર્ટ પોઝિટિવ

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

શહેરના સેકટર-૫માં રહેતા ૭૫ વર્ષીય વૃદ્ધમાં ઝીકા વાયરસનો કેસ નોંધાયા બાદ રાજ્યના આરોગ્ય તંત્રમાં ચિંતા વ્યાપી છે. આ વૃદ્ધના સ્વાસ્થ્યમાં અસ્વસ્થતા જોવા મળતા તેમને તાત્કાલિક તપાસ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં શંકાસ્પદ લક્ષણોને કારણે તેમના બ્લડ સેમ્પલ પુણેની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા. તપાસમાં ઝીકા વાયરસ પોઝિટિવ આવતા તંત્રએ લોકહિત માટે તાત્કાલિક પગલાં લીધા છે. આરોગ્ય વિભાગના અધિકારી ડો. નીલમ પટેલે જાહેર કરેલા નિવેદન અનુસાર, ઝીકા વાયરસ મચ્છરોથી ફેલાતો છે અને સામાન્ય રીતે આડસ મચ્છરના કટાણથી સંક્રમિત થાય છે. દર્દીમાં તાવ, ઉલટી, આંખમાં લાલાશ, સાંધા અને મજ્જાના દુખાવા જેવા લક્ષણો જોવા મળ્યા હતા, જેને કારણે ડોક્ટરોને આ વાયરસનો શંકા થયો હતો.

# શરીરને રબરની જેમ વાળીને એશિયન યોગાસન ચેમ્પિયનશીપમાં જીત્યો ગોલ્ડ

### સુરતના ભીમરાડ ગામ ખાતે રહેતા ખેડૂતો જયેશભાઈ પટેલની દીકરીની સિદ્ધિથી આખા ગામના લોકો ખુશ છે

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરતના ભીમરાડ ગામની ૧૩ વર્ષીય ખેડૂત પુત્રીએ થાઈલેન્ડ જઈને એશિયન યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપમાં ભારત માટે ગોલ્ડ મેડલ લઈને આવી છે. અન્ડર ૧૪ કેટેગરીમાં તેણે અલગ અલગ યોગના આસન કરી લોકોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. પોતાના શરીરને રબરની જેમ લચકદાર બનાવી તેને અલગ અલગ આસન ગણતરીના સેકન્ડમાં કરી નાખ્યા હતા.

સુરત શહેરના ભીમરાડ ગામ ખાતે રહેતા ખેડૂતો જયેશભાઈ પટેલની દીકરીની સિદ્ધિથી આખા ગામના લોકો આટલી હદે ખુશ છે કે જ્યારે તે થાઈલેન્ડ થી યોગ ચેમ્પિયનશિપમાં ભારત માટે ગોલ્ડ મેડલ મેળવીને આવી તો તેના સ્વાગતમાં આખું ગામ એકત્ર થઈ ગયું હતું. ગામની દીકરી જ્યારે આંતરરાષ્ટ્રીય કક્ષા પર ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી હોય ત્યારે ગામના લોકો ઢોલ નગારા સાથે એકત્ર થઈ ગયા હતા કારણ કે ગામમાં પ્રથમવાર એક ખેડૂતની દીકરી યોગ ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો ઢોલ નગારા સાથે અને આતિશબાજી કરી ગામમાં તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

થાઈલેન્ડના બેંગકોકમાં એશિયન યોગાસના સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભારતીય યોગાસન ટીમ ત્યાં પહોંચી હતી અલગ અલગ કેટેગરીમાં અલગ અલગ યોગ કરનાર લોકોએ ભાગ લીધો હતો જેમાં ૧૩ વર્ષીયા તનિષા પટેલે સબ જુનિયર ગ્રુપમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે.

તનિષાને ૫૦થી વધુ આસન આવડે છે આટલી નાની ઉંમરમાં તેને યોગમાં મહારથ હાસલ કરી લીધી છે. સૌથી અગત્યની વાત આ છે કે માત્ર ત્રણ વર્ષ પહેલાથી જ તે આ યોગના અલગ અલગ આસન શીખવાની શરૂઆત કરી હતી. આટલા ઓછા સમયમાં આ સિદ્ધિ પ્રાપ્ત કરવી એ ખૂબ જ પ્રશંસનીય કહી શકાય.

તનિષા પટેલે જણાવ્યું હતું કે તે હાલમાં જ થાઈલેન્ડ ગઈ હતી અને ત્યાં ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો અને ગોલ્ડ મેડલ મળ્યો હતો. તનીષા ને ૫૦થી વધુ આસન આવડે છે.તે પોતે ઈચ્છે છે. કે આવનાર દિવસોમાં પણ આવી જ રીતે ભારતનું પ્રતિનિધિત્વ કરે અને ભારત દેશ માટે ગોલ્ડ મેડલ મેળવે. સાથે તનિષાના પિતા જયેશ પટેલે જણાવ્યું હતું કે તેઓ ખેડૂત છે. અને ખેડૂત માટે વિદેશ જવું એ ખૂબ જ મોટી બાબત હોય છે પ્રથમવાર વિદેશ આ માટે ગયો કારણકે મારી દીકરી ત્યાં એશિયન ચેમ્પિયનશિપમાં ભાગ લેવાની હતી ત્યાં પોતાની દીકરીને ગોલ્ડ મેડલને મેળવતા જોઈ મને ખૂબ જ આનંદની લાગણી થઈ રહી છે અને તેઓ દીકરી ઉપર ગર્વ અનુભવે છે.

### મળી શકે છે મોટી જવાબદારી

## ટ્રમ્પની ટીમમાં થઇ શકે છે ગુજરાતી મૂળના કાશ પટેલનો સમાવેશ

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામોમાં સામે આવ્યુ છે કે રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે કમલા હેરિસ સામે જીત મેળવી લીધી છે.ત્યારે હવે અમેરિકાના આગામી રાષ્ટ્રપતિ ટ્રમ્પની ટીમમાં મુળ ગુજરાતીનો સમાવેશ થઈ શકે છે.ગુજરાતી મુળના કાશ પટેલને મોટી જવાબદારી મળી શકે છે.

ડોનાલ્ડ ટ્રમ્પ જાન્યુઆરી મહિનામાં અમેરિકાના રાષ્ટ્રપતિના શપથ લેવાના છે. તેમની ટીમમાં ગુજરાતી મુળના કાશ પટેલને મોટી જવાબદારી મળી શકે તેવુ જોવા મળી રહ્યુ છે. કાશ પટેલને અમેરિકાની જાસૂસી સંસ્થા ઝૈંછના વડા બની શકે છે. ટ્રમ્પના નજીકના વર્તુળમાં કાશ પટેલનો સમાવેશ થાય છે.

કાશ પટેલ સુરક્ષા અને જાસૂસી વિભાગોમાં કામ કરતા રહ્યા છે. કાશ પટેલનું આખું નામ કશ્યપ પ્રમોદ પટેલ છે. કાશ પટેલનો પરિવાર મૂળ વડોદરાનો છે.

કાશ પટેલના માતા-પિતા યુગાન્ડામાં રહેતા હતા. ૧૯૭૦ના દાયકામાં કાશ પટેલના માતા-પિતા અમેરિકા આવ્યા. કાશ પટેલનો જન્મ ન્યૂયોર્કના ગાર્ડન સિટીમાં થયો હતો. પેસ યુનિવર્સિટીમાંથી તેમણે કાયદાની ડિગ્રી લીધી છે. ૯ વર્ષ સુધી વકીલની પ્રેક્ટીસ કરી પછી અમેરિકાના ન્યાય વિભાગમાં જોડાયા હતા. ૨૦૧૭માં ઈન્ટેલિજન્સ અંગેની હાઉસ પર્લામેન્ડ સિલેક્ટ કમિટીના સભ્ય બન્યા.કાશ પટેલ રિપબ્લિકન પાર્ટી સાથે જોડાયેલા છે.

કાશ પટેલ ૨૦૧૬માં અમેરિકન ચૂંટણીમાં રશિયાના હસ્તક્ષેપની તપાસ કમિટીમાં પટેલ સામેલ થયા હતા. જો કે એક રિપોર્ટમાં તેમના પર ફ્રૈં પર ટ્રમ્પના અભિયાન પર નજર રાખવાનો આરોપ લાગ્યો હતો. રિપોર્ટની ટિકા થઈ પરંતુ કાશ પટેલની સ્થિતિ ટ્રમ્પ શાસનમાં મજબૂત થઈ. આ બાદ પટેલને રાષ્ટ્રીય સુરક્ષામાં મહત્વની જવાબદારીઓ મળી. રાષ્ટ્રીય સુરક્ષા પરિષદમાં આંતકવાદ વિરોધી ટીમમાં સલાહકાર તરીકે કામ કર્યું હતુ, કાશ પટેલ હંગામી રક્ષા પ્રધાન ક્રિસ મિલરના પૂર્વ ચીફ ઓફ સ્ટાફ તરીકે પણ કામ કર્યુ છે. તેમના પહેલા કાર્યકાળમાં પટેલને ઝૈંછના ડેપ્યુટી ડાયરેક્ટર બનાવવા માગતા હતા.જો કે તેમના અભિયાન દરમિયાન પટેલ માટે કહ્યું હતું ''તૈયાર થઈ જાઓ, કાશ તૈયાર થઈ જાવ''.

### શું હવે આંદોલનના બોમ્બ ફુટશે ?

## સરકારની જુની પેન્શાન યોજના લાગુ કરવાની જાહેરાતનું સુરસુરિયું!

### જૂની પેન્શન યોજનાને અમલી બનાવવા માટે સરકાર અગાઉ જાહેરાત કરી દીધી છે, છતાં તેનો ઠરાવ કરવામાં આવ્યો નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

નૂતન વર્ષની શરૂઆત સાથે જ ફરી એક વાર જૂની પેન્શન યોજનાનો મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. ફરી એકવાર જૂની પેન્શન યોજના લાગુ કરવા સરકારને રજૂઆત કરવામાં આવી છે. જોકે જૂની પેન્શન યોજનાને અમલી બનાવવા માટે સરકાર અગાઉ જાહેરાત કરી દીધી છે, છતાં તેનો ઠરાવ કરવામાં આવ્યો નથી. એટલે ક્યાંક ને ક્યાંક જૂની પેન્શન યોજનાની સરકારની જાહેરાતનું જાણે સુરસુરિયું થઈ ગયું હોય તેવું લાગી રહ્યું છે અને હવે આ જાહેરાતના સુરસુરિયા બાદ ચાલુ વર્ષની શરૂઆત સાથે જ ફરી એકવાર આંદોલનના બોમ્બ ફૂટે તેવો ઘાટ સર્જાયો છે. રાજ્યના અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને એક પત્ર લખીને રજૂઆત કરવામાં આવી છે. આ રજૂઆત મુજબ જૂની પેન્શન યોજનાના અમલને લઈને સરકારી કર્મચારીઓમાં વિખવાદ જોવા મળી રહ્યો છે. શૈક્ષિક સંઘના મત અનુસાર ગત ૬ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ મળેલી કેબિનેટની બેઠકમાં પહેલી એપ્રિલ ૨૦૦૫ પહેલાં નિમણૂક પામેલા ૬૦ હજારથી વધુ અધિકારીઓ અને કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા સૈદ્ધાંતિક સ્વીકાર થયો હતો જેનો ઠરાવ બહાર પાડવા રાજ્યના મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે. પહેલી એપ્રિલ ૨૦૦૫ પહેલાં નિમણૂક પામેલા શિક્ષકો તેમજ કર્મચારીઓને જૂની પેન્શન યોજનામાં સમાવવા અખિલ ભારતીય શૈક્ષિક સંઘ દ્વારા માંગ કરવામાં આવી રહી છે.

### ૬૩ કિલોમીટરના અંતરમાં ત્રણ ટોલનાકા

## વેરાવળના ડોરી, વેરાવળનાક સુંદરપાર, કોડિનારના વેળવામાં એમ કુલ 3 ટોલનાકા

। (એજન્સી) ગીર સોમનાથ, તા.૭ ।

ટોલનાકા પર ટોલને લઈ હંમેશા વિવાદ થતો રહ્યો છે. ફરી એકવાર નવો વિવાદ સામે આવ્યો છે. ગીરસોમનાથ જિલ્લામાંથી સોમનાથ-ભાવનગર હાઈવે પર માત્ર ૬૦ કિલોમીટરના જ અંતરે ત્રણ ટોલનાકા શરૂ થતાં લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. સરકાર પ્રજાના જ પૈસાથી નવા રોડ બનાવે છે. હાઈવેનું નિર્માણ કરે છે. તે સારી વાત છે. રોડ રસ્તા સારા હોવા જ જોઈએ. પણ સરકારી તંત્ર હાઈવેનું નિર્માણ તો કરે છે પરંતુ તે હાઈવે પર તમારે વાહન હંકારવું હોય તો ટેક્ષ આપવો પડે છે. વર્ષો સુધી ટેક્ષ ઉઘરાવવામાં આવે છે. પ્રજા ટેક્ષ પણ ભરે છે. પરંતુ ટેક્ષ ઉઘરાવવાની કોઈ લિમીટ હોવી જોઈએ. પ્રજા પાસેથી ખુલ્લી લૂંટ ન ચલાવાય. ગીર સોમનાથ જિલ્લામાંથી પસાર થતાં નેશનલ હાઈવે પર ૬૩ કિલોમીટરના અંતરે જ ૩ ટોલનાકા શરૂ થતાં લોકોમાં રોષ ભભૂક્યો છે. સામાન્ય રીતે ટોલનાકુ શરૂ કરવાનો ચોક્કસ નિયમ હોય છે. અમુક કિલોમીટર પછી જ બીજુ ટોલનાકુ હોય છે. પણ અહીં નિયમો ઘોળીની પી જવાયા છે. ૬૩ કિલોમીટરના અંતરમાં ત્રણ ટોલનાકા છે. જેમાં એક વેરાવળ પાસે ડોરીમાં, બીજુ વેરાવળ નજીક સુંદરપાર અને ત્રીજુ કોડિનાર નજીક વેળવા પાસે ટોલનાકુ ખોલીને ખુલ્લેઆમ વાહનચાલકો પાસેથી ટોલની લૂંટ ચલાવવામાં આવે છે. વેરાવળ ભાવનગર હાઈવે પર વાહનચાલકોને ચાલવું જાણે મુશ્કેલ થઈ ગયું છે. ટોલ તો ઉઘરાવાય છે પરંતુ હજુ હાઈવેનું કામ પણ અધુરુ છે. કેન્દ્રીય રોડ પરિવહન મંત્રી સંસદની અંદર કહી ચુક્યા છે કે ૬૦ કિલોમીટર પછી જ બીજુ ટોલનાકુ હોવું જોઈએ. પરંતુ અહીં તો મંત્રીનું પણ માનવા ટોલ સંચાલકો તૈયાર હોય તેમ લાગતું નથી. સોમનાથથી દિવ અને ભાવનગરથી દ્વારકા જતાં પ્રવાસીઓને ટૂંકા અંતરની મુસાફરીમાં પણ તગડો ટેક્ષ આપવો પડે છે.

### CMOમાંથી તપાસનો આદેશ છુટયો

## સાસણના બહુચર્ચિત ડખ્ખા મામલે તપાસનો આદેશ છુટયો

। (એજન્સી) જૂનાગઢ, તા.૭ ।

સરકારના ઉચ્ચ અધિકારીઓ અને વનકર્મીઓ વચ્ચે સાસણમાં થયેલો ડખ્ખો ગાંધીનગર સચિવાલયમાં ચર્ચાનો મુદ્દો રહ્યો હતો. સરકારની આબરૂ ધુળધાણી થયા બાદ હવે આ અંગે સીએમઓમાંથી તપાસના આદેશ થયા હોવાનું જાણવા મળી રહ્યું છે. બંને પક્ષ એકબીજા પર વાંક-ગુનો હોવાના આરોપ- પ્રતિઆરોપ કરી બચવા માટેના પ્રયાસમાં લાગી ગયા છે. અમુક ઉચ્ચ અધિકારીઓ આઈએએસ અને આઈએફએસનો વાંક ગણાવે છે જ્યારે અમુક ગાર્ડ-ફોરેસ્ટરની સામાન્ય બાબતમાં દાદાગીરી ગણાવી રહ્યા છે. આજે ગુજરાતભરના ઉચ્ચ અધિકારીઓમાં સાસણનો ડખ્ખો ચર્ચાના કેન્દ્ર પર રહ્યો હતો. ગુજરાતના ઉચ્ચ અધિકારીઓ એકબીજા પાસેથી સમગ્ર હકીકત અંગે જાણવાના પ્રયાસ કરતા હતા. સાસણમાં આજ સુધી કદી આઈએફએસ કે આઈએએસ અધિકારીઓને વનકર્મીઓ દ્વારા માર મારવામાં આવ્યો ન હતો. આ પ્રથમ ઘટનાથી વન વિભાગ તથા સરકારની આબરૂને બટ્ટો લાગ્યો છે. જાણકારોના મતે સરકારના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સમગ્ર મામલે તપાસ કરવામાં આવી છે. અધિકારીઓના અંદરો-અંદરના વાંધાઓના કારણે અમુક ઉચ્ચ અધિકારીઓ ગાંધીનગર સીએફ ટી. કરૂપાસ્વામી અને સેક્રેટરી જે. રજનીથકુમારનો વાંક ગણાવી રહ્યા છે ત્યારે અમુક અધિકારીઓ આ બંને ઉચ્ચ અધિકારીઓની તરફેણ કરી વનકર્મીઓની હરકતને લુખ્ખાગીરી ગણાવી રહ્યા છે.

દિવાળીના વેકેશનમાં સાસણ ફરવા આવેલા આઈએએસ અને આઈએફએસ અધિકારીને સામાન્ય એવી નાના બાળકને લઘુશંકા કરાવવા જેવી બાબત મુદ્દે ગાર્ડ અને ફોરેસ્ટર દ્વારા માર મારવામાં આવ્યો હતો. સામા પક્ષે અધિકારીઓએ પણ માર માર્યો હોવાનો આરોપ થઈ રહ્યો છે. વનકર્મીઓએ ઉચ્ચ અધિકારીઓ હોવાનું ન જાણતા હોવાથી માર મારી લીધો હોવાનો સ્વીકાર કર્યો છે. આ તો ઉચ્ચ અધિકારી હતા એટલે માર મારનાર વનકર્મીઓએ ઓળખતા ન હોવાનું બહાનું આગળ ધરી માફી માંગી હતી પરંતુ જો અન્ય કોઈ પ્રવાસી કે સામાન્ય વ્યક્તિ હોત તો શું મારનાર વનકર્મીઓ માફી માંગે ખરા? તેવા સવાલો ઉઠી રહ્યા છે. સરકાર દ્વારા આ મુદ્દે તપાસના આદેશ કરવામાં આવ્યા છે હવે તપાસમાં શું હકીકત સામે આવે છે અને કોના પર શું કાર્યવાહી થાય છે તે મહત્વનું રહેશે.

### ૯ નવેમ્બર સવારે ૬ વાગ્યા સુધી મંદિર બંધ રહેશે

## આવતીકાલે સાંજથી બંધ થશે પાવાગઢ મંદિરના દ્વાર

। (એજન્સી) પાવાગઢ, તા.૭ ।

વિશ્વભરમાં પ્રસિદ્ધ એવા પવિત્ર યાત્રાધામ પાવાગઢના મહાકાળી મંદિરમાં માતાજીના આભૂષણોની ચોરીની ઘટના થઇ હતી. જેમાં પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ ઈન્ટેલિજન્સીની મદદથી વિદુર ચંદ્રસિંહ વસાવા નામના વ્યક્તિની ધરપકડ કરી હતી. જે મુળ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના નસરપુરનો વતની છે. તેની પાસેથી ૭૮ લાખની રકમના સોનાના છ હાર અને સોનાના ઢાળ ચડાવેલા બે મુગુટ પણ જપ્ત કરાયા છે. આ ઘટનાને પગલે શ્રદ્ધાળુઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ચોરીની ઘટના બાદ મંદિરના વહિવટી તંત્ર દ્વારા મંદિરના શુદ્ધિકરણ માટે મંદિરના દ્વાર બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ચોરીની ઘટના બાદ તંત્ર દ્વારા મંદિરના શુદ્ધિકરણનો લેવામાં આવ્યો છે. જેથી આવતીકાલે (૮ નવેમ્બર) સાંજના ૪ વાગ્યાથી ૯ નવેમ્બર સવારે ૬ વાગ્યા સુધી મંદિર બંધ રહેશે. આ દરમિયાન પૂજારીઓ દ્વારા મંદિરના શુદ્ધિકરણ માટે પ્રક્ષાલન વિધિ કરવામાં આવશે.

શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર પ્રક્ષાલન વિધિમાં મંદિરની સંપૂર્ણ સાફ-સફાઈ કરવામાં આવે છે. માતાજીની પૂજા અર્ચનામાં જે સોના-ચાંદીના વાસણો વપરાય છે તેની પણ સાફ સફાઈ કરવામાં આવે છે. પ્રક્ષાલન વિધિમાં મંદિર પરિસરને નદીઓના નીરથી ધોવામાં આવે છે. માતાજીના શણગારના સોના-ચાંદીના દાગીઓને મંદિરના પવિત્ર જળથી ધોવામાં આવે છે. જોકે આરતી અને મંદિરના સમય ફેરફારને લઈને હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ નથી.

વિશ્વ પ્રસિદ્ધ પવિત્ર યાત્રાધામ પાવાગઢના મહાકાળી મંદિરમાં માતાજીના આભૂષણોની ચોરી થઈ હતી. મંદિરમાં સામાન વેરવિખેર પડ્યો હતો. આ મામલે પાવાગઢ પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસને અંતે પોલીસે સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ ઈન્ટેલિજન્સીની મદદથી વિદુર ચંદ્રસિંહ વસાવાની ધરપકડ કરવામાં આવી છે. જે મુળ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના નસરપુરનો વતની છે. તેની પાસેથી ૭૮ લાખની રકમના સોનાના છ હાર અને સોનાના ઢાળ ચડાવેલા બે મુગુટ પણ જપ્ત કરાયા છે. આરોપીએ ચોરી કરેલો સામાન એક ટ્રકમાં સંતાડ્યો હતો તેવો ખુલાસો થયો છે. પોલીસ પુછપરછમાં આરોપીએ દાવો કર્યો છે કે તેણે પહેલીવાર જ ચોરી કરી છે. આ તમામ મુદ્દે સવાલ એ થાય છે કે, મંદિરમાં ભારે સુરક્ષા વ્યવસ્થા છે. સીસીટીવી કેમેરા અને પોલીસનો બંદોબસ્ત હોવા છતાં ચોર મંદિરમાં પ્રવેશ્યો કેવી રીતે? અને ચોરીને અંજામ આપી ભાગવામાં પણ સફળ કેવી રીતે થયો? આ સમગ્ર ઘટના મંદિરની સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલ ઉભા કરે છે.

### ૨૨૫ કિલો બુંદી ગાંઠિયાનો પ્રસાદ વિતરણ કરાશે

## જય જલિયાણના નાદથી વીરપુર ગૂંજી ઉઠશે, ભક્તોમાં ઉત્સાહ

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુર જલારામ ખાતે પૂજ્ય જલારામબાપાની આવતીકાલે જન્મ જયંતિની ધામધૂમ પૂર્વક ઉજવણી થવાની છે, ત્યારે વિરપુરના ગ્રામજનો અને ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વિરપુરમાં પૂજ્ય જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતિને લઈને ભવ્ય શોભાયાત્રા યોજાવાની છે જેમાં ભાવિકોને ૨૨૫ કિલો બુંદી ગાંઠિયાનો પ્રસાદ વિતરણ કરવામાં આવશે, આયોજક રવિ ગોટેચાએ જણાવ્યું હતું કે પૂજ્ય જલારામ બાપાએ ૨૦૦ વર્ષ પહેલા બુંદી અને ગાંઠિયાના પ્રસાદ થી સદાવ્રતની શરૂઆત કરી હતી. જેમને લઈને આ વર્ષે જલાબાપાની ૨૨૫મી જન્મ જયંતિ હોવાથી ૨૨૫ કિલો બુંદી ગાંઠિયાનો પ્રસાદ શોભાયાત્રામાં ભાવિકોને આપવામાં આવશે. જેમના પેકેટની તૈયારીઓ હાલ શરૂ કરી દેવામાં આવી છે, પૂજ્ય જલારામ બાપાની ૨૨૫મી જન્મ જયંતિ હોવાથી વીરપુર વાસીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ યાત્રાધામ વીરપુરના સંત શ્રી જલારામ બાપા ની ૨૨૫મી જન્મજયંતિ ઉજવવા માટે યાત્રાળુઓ દેશ-વિદેશ તેમજ દૂર દૂર થી જલારામ બાપાના દર્શન કરવા માટે વીરપુર આવી રહ્યા છે ત્યારે સુરત જિલ્લાના ઉન ગામેથી ૪૫ જેટલા યુવાનો સાયકલ લઈને ૫૦૦ કિમિ જેટલું અંતર કાપીને વીરપુર આવી પહોંચ્યા હતા.

જલારામ બાપા પ્રત્યે અતૂટ શ્રદ્ધા ધરાવતા સાયકલ લઈને વીરપુર આવેલા યુવાનો ચાર દિવસ પહેલા સુરત થી સાયકલ યાત્રા શરૂ કરી હતી જે આજ રોજ વીરપુર આવી પહોંચ્યા હતા.

૫૦૦ કિ.મી જેટલું અંતર કાપીને વીરપુર આવેલા અનમોલભાઈએ જણાવ્યું હતું કે ૫૦૦ કિમી દૂરથી વીરપુર આવતા રસ્તામાં કોઈપણ જાતની તકલીફો પડી નથી. તેમજ દરરોજના ૧૦૦થી ૧૫૦ કિમીનું અંતર સાયકલ કાપી અને જય જલારામના નાંદ સાથે વીરપુર પહોંચીને પૂજ્ય જલાબાપા ની ૨૨૫મી જન્મ જયંતી આગામી શુક્રવારના દિવસે ધામધૂમથી ઉજવી પૂજ્ય જલાબાપાના દર્શન કરીને પોતાના વતન સુરત પાછા ફરસે અને ધન્યતા અનુભવશે.

## ગળા પર તીક્ષ્ણ હથિયારના ઘા મારી ભત્રીજાએ ફુઆને ઉતાર્યા મોતને ઘાટ

। (એજન્સી) સાબરકાંઠા, તા.૭ ।

જિલ્લાના વડાલીના પીક અપ સ્ટેન્ડ પર મળેલા મૃતદેહનો ભેદ ઉકેલાઈ ચૂક્યો છે. જેમાં એક જ ગામના એક સાથે કામ કરતા વ્યક્તિએ જ હત્યા કરી હોવાનું ખુલતા પોલીસે આરોપીને ઝડપી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધો છે. તેમજ આ હત્યામાં અન્ય કોઈ વ્યક્તિનો સહયોગ લેવાયો છે કે નહીં તેની તપાસ શરૂ છે. વડાલીના પીક અપ સ્ટેન્ડની અંદરથી દિવાળીના દિવસે હત્યા કરાયેલ હાલતમાં એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. જેના પગલે વડાલી સહિત ઈડર તેમજ હિંમતનગરની એસ.ઓ.જી, એલસીબી સહિત ડોગ સ્કવોડની ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. જોકે આ દરમિયાન યુવકની નામઠામની શોધખોળ હાથ ધરતા યુવક ખેડબ્રહ્માનો હોવાનું ખુલ્યું હતું. મૃતક યુવક ખેડબ્રહ્માના ખેડવા ગામનો હોવાનું સામે આવ્યું. જેમાં તેનું નામ જીતેન્દ્ર તરાર હતું. આ મામલે યુવકનો મૃતદેહ મળ્યો હોવાના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. જેમાં કાંતિ ગમાર નામના ખેડવા ગામના યુવકની પૂછપરછ કરતા આખરે તેણે સમગ્ર ગુનો સ્વીકાર્યો હતો.

આમ તો રાત્રિના સમયે જીતેન્દ્ર તરાર વડાલીના પીકઅપ સ્ટેન્ડમાં ગાઢ નિદ્રામાં હતો. જેમાં તેની હત્યા કોઈ અન્ય વ્યક્તિએ નહીં પરંતુ તેના જ ભત્રિજાએ કરી હતી. જેમાં તેણે તીક્ષ્ણ હથિયાર વડે ગળાના ભાગે ઘા મારી હત્યા કરી હોવાનું સ્વીકારતા આરોપીને દબોચી લઈ જેલ હવાલે કર્યો છે.

સાળાના પુત્રએ ધારિયાના ઘા ઝીંકીને ફુવાની હત્યા કરી નાખી હોવાનું ખુલતા પોલીસે આરોપીની અટકાયત કરી જેલ હવાલે કર્યો છે. તો આ ઉપરાંત હજુ કોઈ વ્યક્તિ આ હત્યામાં સંડોવાયેલ છે કે કેમ તે દિશામાં તપાસ હાથ ધરી છે. સાથે જ તેણે હત્યા કેમ કરી તે મામલે પણ પોલીસે તપાસ આરંભી છે.

## દાહોદ જીલ્લામાં આ વર્ષે ૮૫ વાહન અકસ્માતોમાં ઘટાડો થયો

। (એજન્સી) દાહોદ, તા.૭ ।

દાહોદ જિલ્લા પોલીસે માર્ગ અકસ્માતના બનાવો સંદર્ભે ગંભીરતાપૂર્વક મલ્ટી ડાયમેન્શનલ એનાલિસીસ કરી માર્ગ અકસ્માતમાં ઘટાડો કરવા માટે સંવેદનશીલ કામગીરી કરી છે. જેને પરિણામે દાહોદ જીલ્લામાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૮૫ વાહન અકસ્માતોમાં ઘટાડો થયો છે, એટલુ જ નહિ, ૬૯ માનવ જીવન બચાવવામાં સફળતા મળી છે. ટ્રાફિક અવેરનેસ, ડ્રંક એન્ડ ડ્રાઈવ, હેલ્મેટ-સીટ બેલ્ટ સહિતની ખાસ ડ્રાઈવ ઉપરાંત ડ્રોન કેમેરાના ઉપયોગથી અસરકારક ટ્રાફિક મેનેજમેન્ટની પ્રશંસનીય કામગીરી માટે દાહોદ જિલ્લા પોલીસ વડા રાજદિપસિંહ ઝાલા અને તેમની સમગ્ર ટીમને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા છે. લોકોમાં ટ્રાફિક આવેરનેસ લાવવાની સાથોસાથ રોડ એન્જીનીયરિંગ અને પોલીસ એન્ફોર્સમેન્ટ કામગીરી પર વિશેષ ભાર મુકવામાં આવ્યો. જેમાં અગાઉના ૧૦ વર્ષમાં સર્જાયેલા માર્ગ અકસ્માતોનું મેપિંગ કરીને સુધારા યોગ્ય રોડ એન્જિનિયરિંગના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના સુધારાઓ સૂચવવામાં આવ્યા હતા. દાહોદ જિલ્લામાંથી પસાર થતા ધોરી માર્ગો ઉપર સર્જાતા ગંભીર અકસ્માતો અટકાવવા માટે જીલ્લામાં ફાળવેલી ઈન્ટરસેપ્ટર વાન દ્વારા હાઈવે પેટ્રોલીંગ રાખી સ્પીડ ગનના માધ્યમથી હેલ્મેટ, ઓવર સ્પીડ, રોંગ સાઈડના કેસ ઉપરાંત બ્રેથ એનલાઈઝરની મદદથી ડ્રંક એન્ડ ડ્રાઈવના મહત્તમ કેસ કરવામાં આવ્યા છે. તેની સાથોસાથ જિલ્લાના સીસીટીવી નેટવર્ક એવા નેત્રમ મારફતે વધુમાં વધુ ઈ-ચલણના કેસ કરવામાં આવી રહ્યા છે. જેનાથી ટ્રાફિક સબંધી ગુન્હાઓ, ટ્રાફિક પેટર્ન, ડ્રાઈવિંગ બિહેવીયર, રોંગ સાઈડ સ્પોટ, રાત્રે બ્લેક સ્પોટ આઉટ કરવા સહિતની વિશેષ કામગીરી કરવામાં આવી. બીજી તરફ દાહોદ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં દાહોદ પોલીસ દ્વારા સેમીનાર, રેલી તેમજ પેમ્ફલેટ વિતરણ કરી ટ્રાફિક અંગે જનજાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.